
# કલ્યાણ

સાહિત્ય અને સંસ્કૃતિનું લોકભોગ્ય માસિક

737 6746

વર્ષ ૧૩ : અંક ૩ : મે : ૧૯૫૬ : વૈશાખ : ૨૦૧૨

૧૦૫૬



શ્રી રાણકપુરજી તીર્થના ભવ્ય જિનાલયનું એક દૃશ્ય

તંત્રી: સોમચંદ ડી. શાહ

ધર્મ, સમાજ, સાહિત્ય અને સંસ્કારનું અદ્યતન માસિક.

6843 5522

## : વિષયાનુક્રમણિકા :


| | | |
|---|---|---|
| વિવેકદષ્ટિનો મહિમા | મો. | ૧૨૯ |
| ઝેરના ઘુંટડા | શ્રી અમૃતલાલ છ. શાહ | ૧૩૧ |
| પાપ-પુણ્ય | મુ. જયપદ્મવિજયજી મ. | ૧૩૭ |
| ભ. મહાવીર | શ્રી શાંતિલાલ મ. શાહ | ૧૩૯ |
| સંસાર પાર પામવાનો માર્ગ | આ. વિજયભુવનતિલકસૂરિજી મ. | ૧૪૩ |
| રાજધુરા વહન કરનારાઓને | શ્રી રાયચંદ ગોવીંદજી શાહ | ૧૪૬ |
| વીતરાગભક્તિ | શ્રી હરિલાલ ડી. શાહ | ૧૪૯ |
| જ્ઞાનગોચરી | ઉધ્ધૃત | ૧૫૩ |
| જૈનદર્શનનો કર્મવાદ | શ્રી ખુબચંદ કેશવલાલ | ૧૫૬ |
| યોગબિન્દુ | શ્રી વિદૂર | ૧૫૮ |
| આત્માનું શુદ્ધ સ્વરૂપ | શ્રી પ્રભુદાસ બહેચરદાસ | ૧૬૧ |
| અજ્ઞાનની ભીષણુતા | મુ. મહાપ્રભવિજયજી મ. | ૧૬૬ |
| પ્રભુપૂજા પ્રશ્નોત્તરી | પૂ. પં. ચરણવિજયજી ગ. | ૧૬૯ |
| શંકા-સમાધાન | પૂ. આ. વિજયલબ્ધિસૂરિજી મ. | ૧૭૩ |
| દ્રવ્યાનુયોગની મહત્તા | પૂ. પં. ધુરંધરવિજયજી ગ. | ૧૭૭ |
| કુલવધૂ | શ્રી મોહનલાલ ચુ. ધામી | ૧૮૧ |


## આદર્શ સમાધિમૃત્યુ

મૂલ જામનગરનિવાસી મહેતા હિંમતલાલ ભગવાનજીનું મુબઇ-દાદર ખાતે ચૈત્ર સુદિ ૭ ના રાત્રે ૮-૩૦ વાગ્યે સમાધિપૂર્વક મૃત્યુ થયું છે. સદ્‌ગત ધર્મરૂચિવાળા અને ધર્માનુષ્ઠાનો પ્રત્યે આદરભાવ રાખનારા દાદર ખાતેના ધર્મરસિક સદ્‌ગ્રહસ્થ હતા. તેમણે સમેતશિખરજી આદિ તીર્થોની યાત્રા જીવનમાં અનેકવાર કરેલી છે. કેવલ તીર્થયાત્રાના આશયથી કુટુંબ સાથે, સ્વજનો સાથે, ભક્તિરસ જમાવનારી સંગીતમંડળી સાથે સ્પેશ્યલ ડબ્બો લઇને પોતાના ખર્ચે તેમણે પૂર્વદેશોમાં પ્રાચીન તથા પવિત્ર તીર્થોની યાત્રાઓ અનેક વખત કરી છે. છેલ્લા ચાર મહિનાથી જલોદરની વ્યાધિથી તેઓ પીડાતા હતા, છતાં સમતાભાવ શાંતિ અને સમાધિ તેઓની કોઈ અપૂર્વ હતી. પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજશ્રીને પોતાનાં આંગણે ચૈત્ર સુદિ બીજના આમંત્રણ આપી પધરામણી કરાવી હતી, અને તેઓશ્રીની પાસે તેમણે વ્રત, પચ્ચકખાણ અને અનેક નિયમો લીધા હતા.

છેલ્લે દિવસે પણ પૂ. મુનિરાજશ્રી પાસે તેઓએ સુંદર આરાધના કરી હતી. તેમના કુટુંબમાં તેમના માતુશ્રી, ભાઇઓ, બહેન, તેમજ તેઓના ધર્મપત્નીએ પણ તેમને ધર્મારાધના કરાવી હતી.

છેવટની ઘડી સુધી ધર્મ સાંભળતાં પ્રસન્નચિત્તે તેઓ મૃત્યુ પામ્યા છે. તેમના સ્વર્ગવાસથી દાદર જૈન સંઘમાં એક સેવાભાવી ધર્માનુરાગી સદ્‌ગ્રહસ્થની ખોટ પડી છે. આત્મકમલ-વિજયલબ્ધિસૂરીશ્વર જૈન જ્ઞાનમંદિરના માનદટ્રસ્ટી ધર્મનિષ્ઠ શ્રી બાબુભાઈ ભગવાનજી મહેતાના તેઓ વડિલબંધુ થાય, તેમના સ્વર્ગીય આત્માની અમે શાંતિઇચ્છિવાપૂર્વક તેમની પાછળ તેમના કુટુંબીજનો ઉપર આવી પડેલી વિપત્તિ માટે અમારી સમવેદના અમે વ્યક્ત કરીએ છીએ ! તેમના ભાઇઓ, તેમજ તેમના સુપુત્રો સ્વર્ગસ્થ પુણ્યવાન આત્માના સત્કાર્યોનું અનુકરણ કરો, તેમ અમે ઇચ્છીએ છીએ.

## ભવ્ય દીક્ષામહોત્સવ.

સાવરકુંડલામાં ચૈત્ર વદિ ૪ તથા પાંચમના દિવસોમાં ભવ્ય દીક્ષામહોત્સવ ઉજવાઇ ગયો, પૂ૦ ઉ૦ મ૦ શ્રી ધર્મવિજયજી ગણિવરશ્રીનાં વરદહસ્તે સંઘવી ગુલાબચંદ જીવરાજના સુપુત્રી જયાબેનની દીક્ષા સમગ્ર શહેરમાં અદ્‌ભૂત રીતે ઉજવાઇ. પાંચ સાધર્મિક વાત્સલ્યો, વર્ષીદાનનો અદ્વિતીય વરઘોડો જેમાં લગભગ પોતે ૫૦૦ રૂા નું દાન દીધું હતું. પાંચ હજારની માનવમેદની દીક્ષા સમયે હાજર હતી. અનેક વક્તાઓએ તથા શ્રીસંઘે તેમના વૈરાગ્ય તથા ત્યાગને અભિનંદન આપ્યાં હતાં. ઉપકરણોની ઉછામણીમાં ૧૨૦૦ રૂા. આયંબીલખાતામાં ૮૦૦ રૂા. જીવદયામાં ૫૦૦ રૂા. ની ઉપજ થઈ હતી. જયાબેને પોતાના સ્વ૦ પતિશ્રી સોભાગચંદ જમનાદાસના શ્રેયાર્થે પોતાની સંપત્તિનો સદ્‌વ્યય જાહેર કર્યો હતો. ૨૨૦૦ રૂા. ની સખાવત કરી હતી. તેમના બંન્ને ભાઇઓએ મહોત્સવ ઉદાર હાથે સંપત્તિ ખર્ચીને કર્યો હતો. જયાબેન બાલ્યવયમાં વૈધવ્ય પામ્યા પછી, કુંડલામાં રહીને પોતાના શિક્ષણ, સંસ્કાર, સચ્ચારિત્ર્ય તથા સૌમ્યપ્રકૃતિથી શહેરમાં સર્વકોઈના હૃદયમાં ઉચ્ચ આદરમાન પામ્યા હતા. બહારગામથી ૧૦૦૦ ઉપરાંત માણસો દીક્ષામહોત્સવ ઉપર આવ્યા હતા. મુમુક્ષુ જયાબેનનું નામ જયમાલાશ્રીજી તથા વાંકાનેરનિવાસી જશવંતીબેનનું નામ જયલતાશ્રીજી જાહેર થયું હતું. સાધ્વીજી શ્રી ત્રિલોચનાશ્રીજીના શિષ્યા તેઓ થયા છે. સાધ્વી શ્રી જયમાલાશ્રીજી સંયમધર્મની આરાધનાદ્વારા ઉત્તરોત્તર વિકાસ સાધી, સ્વ તથા પરનું કલ્યાણ કરી આત્મોન્નતિ પામો ! એ જ અભિલાષા.

વર્ષ ૧૩ અંક ૩

# કલ્યાણ

મે ૧૯૫૬

## ❋ વિવેકદૃષ્ટિનો મહિમા ❋

**જો** માનવીમાં વિવેકદષ્ટિ જાગે તો એનું જીવન ખરેખર સફળ બની જાય.

ઇતિહાસની એક સુંદર કથા છે.

એક રાજાને ત્યાં એક પુરોહિત હતો. રાજાને સંતાન હતાં, પરંતુ પુરોહિત સંતાન વગરનો હતો. આથી પુરોહિત ભારે દર્દ ભોગવી રહ્યો હતો. એના મનમાં થતું કે, 'આ રાજ્યકુટુંબ સાથે મારા કુટુંબને સાત-સાત પેઢીનો સંબંધ છે. હું નિઃસંતાન હોવાથી આ સંબંધનો મારા પછી હંમેશ માટે અંત આવશે.'

પોતાના મનનો આ વિચાર એક દિવસે તેણે રાજાને કહ્યો. રાજાએ તરત કહ્યું. "પુરોહિતજી, આપ તો પંડિત અને સાધક છો. આપની કુળદેવીને શા માટે પ્રસન્ન કરતા નથી ?"

પુરોહિતને આ માર્ગ ગમી ગયો અને તેણે ભક્તિ વડે કુળદેવીને પ્રસન્ન કરી. કુળદેવીએ પ્રસન્ન થઇ વરદાન માગવાનું કહ્યું, ત્યારે પુરોહિતે એક પુત્રની માગણી કરી.

કુળદેવીએ કહ્યું: "વત્સ, તને પુત્ર તો થશે પરંતુ એ જુગારી, ચોર અને વ્યભિચારી થશે....આવા પુત્ર કરતાં પુત્ર વગર રહે તો શો વાંધો છે ?"

પુરોહિતે કહ્યું: "મા, આપ પ્રસન્ન થયા છો તો ગમે તેવો એક પુત્ર આપો.... ભલે એ દુર્ગુણી હોય પરંતુ એનામાં વિવેકદષ્ટિનો અભાવ ન રાખશો."

"તથાસ્તુ" કહીને દેવી અદૃશ્ય થઇ ગયાં. પુરોહિતે રાજાને સઘળી વાત કરી. સાંભળીને રાજાએ કહ્યું. "પુરોહિતજી, વિવેકદષ્ટિ હશે તો આપનો પુત્ર કદી દુર્ગુણી નહિ બને."

કુળદેવીની કૃપાથી પુરોહિતને એક પુત્રરત્ન પ્રાપ્ત થયું. પુરોહિતે એને વ્યાકરણ, શાસ્ત્ર, ન્યાય, નીતિ વગેરેમાં પારંગત કરવા માંડયો અને અઢાર વર્ષની ઉમ્મરે તો સુમતિ નામનો પુરોહિતકુમાર પંડિત બની ગયો.

સુમતિ દેખાવમાં અને સ્વભાવમાં ઘણો સરસ હતો. રાજાએ પ્રેમથી એને પુરોહિતના પદગૌરવે અંકિત કર્યો.

રાજપુરોહિતનું પદ એ ઘણું ગૌરવભર્યું પદ ગણાતું. પુરોહિત ગમે તે સમયે ગમે ત્યાં રાજમહાલયમાં વગર રજાએ આવજા કરી શકે એવો એને વિશિષ્ટ અધિકાર હતો.

એક દિવસ સુમતિ રાજભવનમાં ફરતો હતો અને રાણીના સ્નાનાગારમાં તેણે એક રત્નહાર પડેલો જોયો. સુમતિને થયું; આ રત્નહાર રાણી ભૂલી ગઈ લાગે છે. હું જ ઉઠાવી લઉં.

આમ વિચારી તે રત્નહાર લેવા સ્નાનાગારમાં દાખલ થયો અને તેના અંતરમાં રહેલો વિવેક બોલી ઉઠયો. “ અરે, તું એક મહારાજાનો પુરોહિત છે, તારી પાસે ધનનો પણ તોટો નથી. અને ધન ન હોય તો પણ ધનથી કંઈ તરી જવાતું નથી, તું શા માટે આવી ચોરી કરીને તારી પ્રતિષ્ઠા પર કુહાડો મારવા તૈયાર થયો છે? કોઈ વખતે રાજાને ખબર પડી જશે તો તારૂં ગૌરવ ધૂળમાં મળી જશે. ”

આ વિચાર વિવેકદષ્ટિએ રજુ કર્યો અને તરત તે પાછો ફર્યો.

એજ રીતે એક દિવસ રાજાની નવી નવયૌવના રાણીને જોઈને તે મોહ પામ્યો. રાણી પણ મોહાંધ બની....કારણ રાજા વૃદ્ધ હતો અને નવી રાણી નવયૌવના હતી. રાણીએ પુરોહિતને પોતાના શયનગૃહમાં આવવા જણાવ્યું. સુમતિ તૈયાર થયો.

પરંતુ થોડે જતાં જ તેની વિવેકબુદ્ધિએ કહ્યું: “ અરે સુમતિ, તું આ શું કરે છે? રાજા તારા પિતા તુલ્ય છે. એની રાણી પણ માતા સમાન ગણાય. વળી તારે ઘેર પણ સુંદર પતિવ્રતા પત્ની છે. આ રીતે મોહ પામીને તું શું મેળવવાનો હતો? કેવળ વાસનાના ક્ષણિક સુખ સિવાય તને શું મળવાનું હતું? અને કોઇ જાણી જશે તો તારી સાત સાત પેઢીની પવિત્ર આબરૂ તારા જ હાથે ધૂળ ચાટતી થઈ જશે. લોકો તારા પર ફીટકાર વર્ષાવશે. ”

વિવેકદષ્ટિના આ વિચારે સુમતિને તરત સભાન બનાવ્યો અને તે રાણીના શયનગૃહમાં ન જતાં પાછો વળ્યો.

એક વખત કેટલાક મિત્રો તેને જુગારખાનામાં લઈ ગયા. જુગારખાનામાં તો જુગારની રંગત જામી હતી. તેના મિત્રોએ તેને પણ જુગાર રમવાનું કહ્યું અને તે એક આસન પર બેઠો યે ખરો, પરંતુ અંતરમાં રહેલી વિવેકદષ્ટિ તરત બોલી ઉઠી: “ અરે બ્રાહ્મણ, તારૂં સ્થાન તો દેવમંદિરમાં છે, જુગારખાનામાં નથી. અને આ જુગારથી લાભ પણ છે નહિં.

( અનુસંધાન ટાઈટલપેજ ૩ જા ઉપર )

# ઝેરના ઘૂંટડા:

**શ્રી અમૃતલાલ છ. શાહ—વીલેપાર્લે**

**મોહ, મમતા અને અજ્ઞાનને વશ જીવ પોતાનું માની અનન્ય મમતાથી પોતાના સંતાનને ઉછેરે છે, પણ સ્વાર્થવશ સંસાર છે, તે રીતે તે જ સંતાન, પોતાના વડિલ ઉપકારી માતા કે પિતાની સ્મૃતિને ભૂલી, ઉપકારને ભૂલી પોતાનાં જ સુખ, વૈભવ અને સંસારની જાળમાં રાચ્યાં માચ્યાં રહે છે, ત્યારે તેને ઉછેરનાર વડિલને જીવનમાં કેવા ઝેરના ઘૂંટડા ગળવા પડે છે, તે હકીકત અહિં શબ્દસ્થ બની છે. માટે જ જ્ઞાનીપુરૂષો ફરમાવે છે કે, 'ભાઇ! ધર્મ સિવાય તારૂં કોઇ નથી, માટે ધર્મ પ્રત્યે મમતા રાખ ! તેમજ સમતાભાવે સર્વને સહન કર !'**

—❀— —❀— —❀—

લગભગ ચાર વર્ષ પછી સંજોગોવશાત્ મારે હમણાં દેશમાં આવવાનું થયું હતું. એક દિવસે સાંજે હું નવરો બેઠો હતો, ત્યારે મને થયું, લાવને, જરા સ્ટેશન પર આંટો મારી આવું.

જેવો હું ગોપાળકાકાના ઘર આગળથી પસાર થયો, ત્યાં આંગણામાં ખાટલા પર સૂતેલા ગોપાળ-કાકાએ મને સાદ કર્યો: "એ...દીનાનાથ." હું તરતજ તેમની પાસે ગયો અને પૂછ્યું: "કેમ... ગોપાળકાકા, મઝામાં છો ને ?"

"મઝા ?" "અરે ભાઈ જુવાનીમાંય નહોતી માણી, ત્યારે આ પાછલા દિવસોમાં તો ક્યાંથી હોય ? અને થોડીવાર અટકી તેમણે કહ્યું:

"ભાઇ, અંદરથી થોડું પાણી લાવી આપીશ ? બહુ તરસ લાગી છે."

"હા હા...કાકા." કહી હું તેમના ઘરમાં પાણી લેવા ગયો, અને જોયું તો ત્યાં કોઇ નહોતું. પાણીનો લોટો લાવી મેં ગોપાળકાકાના હાથમાં મૂક્યો. કાકાએ તે મોઢે ધર્યો ને મેં પૂછ્યું: "ગોપાળ-કાકા ? પાર્વતી અહીં નથી ?"

મારો પ્રશ્ન સાંભળતાંજ તેઓ ચોંકી ઉઠ્યા. રોમેરોમમાં આગ લાગી હોય તેમ તેમનું સમસ્ત શરીર કોઈ અનિવાર્ય ક્રોધથી ધ્રુજી ઉઠ્યું. તેમના હાથમાંથી પાણીનો લોટો નીચે પડી ગયો. અને બોલ્યા: "પાર્વતી ? પાર્વતી કોણ ?"

"કેમ...તમારી દીકરી ..?" હું આશ્ચર્ય પામી બોલ્યો.

પણ ગોપાળકાકાનો આ ક્રોધ દુધના ઉભરાની માફક શમી ગયો. અને એક ઉંડો નિશ્વાસ નાંખી તેમણે કહ્યું: "મુઇ દીકરી, ને મુઇ દુનિયા, દીકરીઓ શાની ? એ તો પ...થ...રા... !"

તેમની એકની એક પુત્રી વિષે ગોપાળકાકાનો આવો અભિપ્રાય સાંભળી મને સખેદ નવાઇ ઉપજી. બાપ ઉઠીને પોતાની દીકરી માટે આવા શબ્દો ઉચ્ચારે એ કેવી વાત ? એમ છતાં મને લાગ્યું કે, ગોપાળકાકાના આવા શબ્દો પાછળ જરૂર કાંઇ હેતુ હશે. એટલે એ જાણવા માટે હું રોકાયો. મેં તેમને ફરીથી પાણી આપી પૂછ્યું:

"ગોપાળકાકા ! તમે તમારી દીકરી વિષે આવું અનિષ્ટ કેમ બોલો છો ?"

"ભાઇ, તું પારકો જણ્યો મને પાણી પાય અને પેટની દીકરી, શહેરમાં રહી મારા અંતકાળના તમાસા જુવે, એવી દીકરી માટે મારો આત્મા બીજું શું કહે ?"

"જુઓને ગોપાળકાકા, દીકરીઓ પારકે ઘેર ગઇ એટલે પરાધીન તો ખરીજ ને ? ત્યાંથી રજા ન મળે તો અહીં કેવી રીતે આવે ?" મેં ગોપાળકાકાને સમજાવતાં કહ્યું.

"અરે ભાઈ, એવું તો કાંઇ નથી, અને હોય તો પણ અત્યારે જ્યારે હું મૃત્યુની સમીપ બેઠો છું, અને આ સમયે અહીં મારૂં બીજું કોઈ નથી, ત્યારે દીકરી ધારે તો આભલું ફાડીને પણ અહીં આવે. પણ એ તો કહે છે કે, 'મને દેશમાં ગમતું નથી, અને તમારૂં ત્યાં કોઇ ન હોય તો અહીં મુંબઇ

આવીને મારા ઘેર રહો...!" આટલું બોલતાં ગોપાળકાકાને જોરથી ઉધરસ આવવી શરૂ થઈ. પરંતુ પાંચ મીનીટ પછી શાંતિ થતા તેમણે કહ્યું:

"પણ...આ ઉંમરે મારે દીકરીના ઘેર ખાવું, અને જીવનની આથમતી સંધ્યાએ, આ દેહને દીકરીના ઘેર નાંખવો, એ કરતાં તો અહીં રીબાઇને મરવું મારા માટે ઉત્તમ છે."

"ખરેખર, ગોપાળકાકા, તમારી વાત સાંભળી મને અતિશય દુઃખ થાય છે, અત્યારે પાર્વતીએ તમારી સેવા કરવી જોઇએ." મેં કહ્યું.

અને થોડીવાર પછી હું ઉઠવાની તૈયારીમાં હતો, ત્યાં જ ગોપાળકાકા બોલ્યા:

"દીનાનાથ, મેં તો સાંભળ્યું છે કે, હમણાં હમણાં તો તું લેખક બની ગયો છે!"

"નહી કાકા, હું કાંઈ લેખક નથી, પણ મને વાર્તાઓ લખવાનો શોખ છે. એટલે નવરાશના સમયે જીવનમાં અનુભવેલા કેટલાક મહત્ત્વના પ્રસંગોને મારી સામાન્ય બુદ્ધિદ્વારા હું તેને સાહિત્યનું સ્વરૂપ આપવા પ્રયત્ન કરૂં છું."

"ભલે, તું લેખક હોય કે નહીં, પણ મારા જીવનની આટલી કથા તો તું જરૂર સાંભળતો જા."

(૨)

"ત્યારે તું માંડ દશ વર્ષનો હોઇશ, જ્યારે પાર્વતીને છ માસની મૂકી તેની માતા સ્વર્ગવાસ પામી. તે વખતે મારો આત્મા તો જાણે ભાંગીને ભૂક્કો થઇ ગયો. હું ચોધાર આંસુએ રડવા લાગ્યો. મા વગરની પાર્વતીને કોણ મોટું કરશે? તારી કાકીના મૃત્યુનો આઘાત, અને પાર્વતીના ઉછેરનો પ્રશ્ન મારા મનને મૂંઝવવા લાગ્યો. પણ ગામના લોકો મને આશ્વાસન આપવા માંડયા.

કોઇએ કહ્યું: "મરદ છે કે સ્ત્રી?" બાયડી મરી ગઈ એમાં આટલું બધું રડવા શું બેઠો? કંઈ ઘરડો થયો છે? કાલે સવારે નવના તેર થશે!" ત્યાં બીજાએ કહ્યું: "ગામમાં શું કાંઇ કન્યાઓનો દુકાળ છે? એક ગઇ તો બીજી!"

આમ સહુ કોઈ મને ફરીથી લગ્ન કરી લેવાની શિખામણ આપી હિંમત આપવા માંડયા. પણ તારી કાકીને મરતી વખતે જીવ જતો નહોતો, મેં તેની પાસે જઈ ગદગદ કંઠે પૂછયું:

"તારે કાંઈ કહેવું છે?" હું તેના મુખ સામે જોઈ રહ્યો, તો તેની બંન્ને આંખોની પાંપણો પર આંસુઓનાં તોરણ લટકેલાં હતાં, કોઇ અકથ્ય વેદના અનુભવી રહી હોય તેમ મુંઝાતા મને તેણે કહ્યું:

"મારી પાર્વતી જરાય દુઃખી ન થાય એની કાળજી રાખજો."

મેં કહ્યું: "પાર્વતી, તારા મૃત્યુ પછી મારા માટે તારી એક માત્ર સ્મૃતિ છે. આ સ્મૃતિને ખૂબ જ આદર્શ રીતે જાળવી રાખવા, જરૂર પડશે તો મારો પ્રાણ પણ આપી દઈશ."

પરંતુ તારી કાકી બોલી: "અત્યારે તો મને તમારા પર વિશ્વાસ છે...પણ...!" આટલું બોલી તે અચકાઈ, એટલે મેં કહ્યું:

"જરાય સંકોચ પામ્યા વિના તારે જે કાંઈ કહેવું હોય તે કહી દે. પણ શું?" મેં તેના માથા પર હાથ ફેરવી પૂછયું:

"પણ, ફરીથી લગ્ન થયા પછી, તમારા આ વિચારો જળવાઈ રહેશે કે કેમ? એ વિષે મને શંકા છે."

પરંતુ એક જ ક્ષણ વિચાર્યા પછી મેં તેને કહ્યું: "પાર્વતીને એક આદર્શ સ્ત્રી બનાવવા માટે મેં ફરીથી લગ્ન ન કરવાનો નિર્ણય કર્યો છે, હું તને વચન આપું છું."

ત્યારબાદ બીજે દિવસે તારી કાકીએ શાંતિથી દેહ છોડયો. અને મારા માથે મુસ્કેલીઓનો ઝંઝાવાત શરૂ થયો. છતાં હું હિંમત હાર્યો નહી. અને તે પછી મેં પાર્વતીને કેવી રીતે ઉછેરી, એ ફક્ત મારો જ જીવ જાણે છે. તેનાં છી-મુતર લુંછવાથી માંડી, તેનો ચોટલો ધોવાનું, અને માથું ઓળવાનું કામ પણ મેં મારા હાથે જ કર્યું.

આમ દિવસો વીતતા ગયા, અને પારૂ પાંચ વરસની થઇ. એટલે અત્યંત ઉત્સાહથી મેં તેને નિશાળમાં દાખલ કરી. કદાચ તું નહીં માને ! પણ શરૂઆતના બે વરસ સુધી તો એને નિશાળમાં મુકવા અને લેવા જવાનું કાર્ય મેં જ કર્યું હતું. એટલું જ નહિ, મારી પારૂ કેવી રીતે ભણે છે ? એ જોવા માટે હું અવાર-નવાર તેની નિશાળમાં જઇ, વર્ગની બહાર ઉભો રહી નિહાળતો. અને જ્યારે હું મારી પારૂને પાઠ વાંચતાં સાંભળતો ત્યારે તો ખરેખર મારી આંખમાં હર્ષનાં આંસુ આવી જતાં.

ત્યારબાદ તો તેનો અભ્યાસક્રમ યોગ્ય રીતે જળવાઈ રહે તે માટે મેં ઘેર શિક્ષકનો પ્રબંધ કર્યો. આ રીતે મારી પારૂ યોગ્ય શિક્ષણ ગ્રહણ કરી જીવનના અતિ ઉત્તમ સંસ્કાર પ્રાપ્ત કરી શકે તે માટે મેં બધી જ વ્યવસ્થા કરી, પણ સમયને જતાં વાર લાગે છે ? પારૂ તેર વર્ષની થઇ, ગુજરાતી સાત ચોપડીનો અભ્યાસ પૂરો થતાં મેં તેની નિશાળ છોડાવી, ઘરમાં ગૃહશિક્ષણ આપવાની શરૂઆત કરી. અને જોતજોતામાં તો તે ભરત-ગુંથણ, શિવણ, અને રસોઇ વગેરે ગૃહકાર્યોમાં પ્રવીણ થઇ ગઇ.

પરંતુ એક દિવસે જ્યારે તેણે ચણીયો-ચોળી પહેર્યાં, ત્યારે તો મારી આંખોમાં આંસુ ભરાઈ ગયાં. મને થયું કે, મારી પારૂ હવે ઉંમરલાયક થઇ છે. એટલે હું તેના વિવાહ માટે સારા ઘરની શોધ કરવા લાગ્યો. તને ખબર હશે કે તે સમયે આપણી જ્ઞાતિમાં તુલજારામ પંડયાનું ઘર મોટું અને ખાનદાન ગણાતું હતું. મુંબઇ અને અમદાવાદ જેવા શહેરોમાં તેમની આડતની પેઢીઓ ચાલતી. મારી નજર ત્યાં પડી.

તેમનો સૌથી નાનો પુત્ર ગદાધર સુશિક્ષિત અને સંસ્કારી હતો. પણ આવા મોટા ઘેર માંગણી લઇને જવું કેવી રીતે ? હું મૂંઝાયો. પણ મેં અનેકની ગુલામી કરી, લાગવગનો ઉપયોગ કરી પારૂનો વિવાહ ગદાધર સાથે કર્યો. પણ દીકરીને વધતાં વાર લાગે છે. પારૂ સોળ વર્ષની થઈ. વેવાઈના ઘેરથી લગ્નનું કહેણ આવ્યું. પણ પારૂ મારાથી આટલી જલ્દી છૂટી થાય એ મને ગમ્યું નહિ. એટલે "આવતી સાલ વાત." એવો જવાબ આપી મેં કહેણ પાછું મોકલાવ્યું, અને એ પછીના બાર મહીના મેં ઉદ્વેગમાં કાઢયા.

"શું ખરેખર મારી પારૂ હવે જશે ? એના વગર હું કેવી રીતે જીવી શકીશ ? મારા વગર પારૂ ત્યાં રહી શકશે ?"

આવા અનેક પ્રશ્નોએ મને વ્યગ્રતામાં નાંખી દીધો. મને આવી રીતે સંતાપમાં રહેતો જોઇ પારૂ પણ મને ઘણી વખત પૂછતી: "બાપુજી, શું છે ? તમે હવે કેમ હસતા નથી ? દરરોજ શાની ચિંતા કરો છો ?" પણ હું તેની પીઠ થાબડી "કંઇ નહીં બેટા" એમ કહી બાજુના ઓરડામાં જઇ મારાં આંસુ લુંછી લેતો."

કહેતાં ગોપાળકાકાનો કંઠ સૂકાઇ ગયો. મેં તેમને થોડું પાણી આપ્યું, અને થોડી વાર પછી તેમણે આગળ બોલતાં કહ્યું:

"ભાઇ, એ પછી તો એક દિવસે મેં મારા હૈયાને વજ્ર બનાવી વેવાઈના ઘેર લગ્નનું કહેણ મોકલ્યું. મારા ઘરમાં પહેલું કહો કે છેલ્લું આ એક જ લગ્ન હતું. પણ જાણે હું દીકરાને પરણાવતો હોઉં તેવા ઉત્સાહથી મેં મારી પારૂના લગ્નની તૈયારીઓ કરવા માંડી. પણ આ પ્રસંગે મને તેની માતા યાદ આવ્યા વિના રહી નહીં. જો કે તેની ખોટ તો કોઇથી પૂરી શકાય તેમ નહોતી, એમ છતાં પારૂને જરાય ઓછું ન આવે, અને તેના કોડ અધૂરા ન રહે તેની હું સવિશેષ કાળજી રાખતો.

અને એ લગ્નનો દિવસ પણ આવ્યો. ગામ આખામાં એક જ મોંએ વાત થતી, ગોપાળકાકાના ઘેર તો દીકરી પરણે છે કે દીકરો ? તેમના વેવાઇના ઘેર દીકરાનું છેલ્લું લગ્ન હોવા છતાં આટલો ઠઠારો નથી, ત્યારે વળી દીકરીના લગ્નમાં આટલા ઠાઠ શા ? પણ હું કહેતો મારી પારૂ તો દીકરાથીયે વિશેષ છે. એને હું શા માટે લ્હાવો ન આપું ?'

ગણેશમુહૂર્ત થયું. શરણાઇઓ વાગી, પણ કોણ જાણે શાથી ? આ શરણાઈના સૂરો મારા દીલને આનંદ આપવાના બદલે બેચેન બનાવી દેતા હતા.

જાણે મને એમજ થતું કે, મારી પારૂને કોઈ મારી પાસેથી બળજબરીથી ખેંચી જાય છે ! પરંતુ હું તરતજ સ્વસ્થ થતો. એમ છતાં મારી મનોવ્યથા હરઘડીએ વધતી જતી હતી. મારો વિષાદભર્યો ચહેરો જોઇ, સગાં-સંબંધીઓ મને હિંમત આપવા લાગ્યા.

"આપણી દીકરીઓ પારકા ઘેર, અને પારકી દીકરીઓ આપણા ઘેર, એ તો આ સંસારનો નિયમ છે. ગોપાળભાઈ એમાં આટલું દુઃખ શાનું ? શું તમે જ કાંઇ નવાઈની દીકરીને પરણાવો છો ? આ તે કાંઈ રીત છે ? દીકરી મોટી થઈ એટલે સાસરે જ શોભે !" વગેરે વગેરે દલીલોથી મને શાંત્વન આપવાના પ્રયત્નો થયા. પણ મને તો એમજ થતું કે, "મારી પારૂ મારો દીકરો બનીને મારી પાસે રહે તો કેવું ?"

અંતે મેં મારા હૈયા પર પત્થર મૂકીને મ રા હાથે જ મારી પારૂને લગ્નની ચોરીમાં પધરાવી. બ્રાહ્મણોએ મંત્રોદ્વારા લગ્નમંડપને ગજાવી દીધો અને મારા અંતરની વેદના વધતી ગઈ, લગ્ન થઇ ગયાં, પારૂ સાસરે ગઈ, અને જીવનમાં પહેલી જ વખત હું એકલો પડયો.

ત્યાં ગોપાળકાકા અટકી ગયા. પણ તેમની જીવનકથાના હવેપછીના પ્રસંગો સાંભળવા મારી આતુરતા વધતી જતી હતી. એટલે મેં વચ્ચે જ પૂછ્યું.

"પછી શું થયું ? ગોપાળકાકા ?"

"ભાઈ, એ પછી તો મારા જીવનનું અત્યંત કરૂણ પ્રકરણ શરૂ થયું. કદાચ એ સાંભળવા માટે તારે તારા હૈયાને મજબુત બનાવવું પડશે. સાંભળ ત્યારબાદ, એક દિવસે, જમાઇને મુંબઇ જવાનું થયું. પારૂને પણ સાથે લઇ જવાની હતી. તેને વળાવવા માટે હું સ્ટેશન પર ગયો. તે વખતનો કરૂણ દેખાવ આજે પણ મારી નજર સમક્ષ તરવરે છે. પારૂનું હૈયાફાટ રૂદન, માત્ર મનેજ નહી, ત્યાં હાજર રહેલા સહુકોઇના હૃદયને પીગળાવી દેતું હતું. ગાડીમાં બેસવા જતી વખતે તે મને ભેટી પડી ત્યારે મેં તેને કહ્યું "બેટા, તું મારાથી છૂટી પડે એ જોવા હું ક્ષણભર પણ તૈયાર ન હોતો, પણ સંસારની પ્રણાલિકાઓ સામે હું અસહાય બની ગયો. હું આજે મારા હાથે જ તને છુટી પાડું છું. પરંતુ મને વિશ્વાસ છે કે, મેં તને જે શિક્ષણ અને સંસ્કાર આપ્યાં છે, તેનો સદુપયોગ કરી, એક આદર્શ ગૃહિણીની પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી તારા માતા-પિતાની આબરૂ વધારજે."

ત્યારે તેણે કહ્યું; "પારાવાર સંકટો ભોગવી, તમે મને મોટી કરી છે, આજે જ્યારે તમારા આ ઉપકારનો બદલો વાળવાનો મારા માટે સમય હતો, ત્યારે તમને છોડીને જતાં મને કેટલું દુઃખ થતું હશે ?

"મેં કહ્યું" કંઈ નહિ બેટા, એ તો મારી ફરજ હતી."

અને તેણે કહ્યું, "તમારૂં શરીર જરા પણ નરમ-ગરમ થાય તો મને કાગળ લખાવજો, હું તરત જ અહીં આવીશ..." એટલામાં ગાડીએ સીટી મારી, અને મારાથી "પા...રૂ"ની કારમી ચીસ પડાઇ ગઈ. હું ત્યાં ઢગલો થઈને પડયો. છતાં મહામુસીબતે ઉભો થયો. પારૂ ગાડીની બારી આગળ ઉભીઉભી સજળ નયને મારા તરફ જોઈ રહી હતી, અને મેં પણ જ્યાં સુધી તે દેખાઈ ત્યાં સુધી તેના પ્રત્યે અનિમેષ નેત્રે જોયા જ કર્યું. અને આગગાડી, જાણે મારા શરીર પરથી પસાર થતી હોય તેમ ઝડપથી અદૃશ્ય થઇ ગઇ.

હું ભાંગેલ પગે, અને તુટેલા હૈયે, ઘર તરફ વળ્યો, પણ ત્યાં પહોંચ્યા પછી આખુયે ઘર, મને ખાવા આવતું હોય તેમ ભયંકર ભાસ્યું, અને હું પોકે પોક મૂકી રડી પડયો. ત્યારે માત્ર ઘરની ચાર દીવાલો જ મારા આ રૂદનનો પ્રતિઘોષ પાડી મને સહાનુભૂતિ આપતી હતી. તે રાત્રે મને સખત તાવ ચઢયો. બીજે દિવસે ઉતર્યો પણ ખરો, પણ એ પછી મારૂં શરીર કહ્યામાં રહ્યું નહિ, અને અવાર-નવાર હું નાની મોટી બિમારીઓથી પટકાવા લાગ્યો. પારૂને ચિંતા થાય, એ માટે મેં તેને મારી અસ્વસ્થ તબીયત ના સમાચાર જણાવ્યા નહિ.

આમને આમ બે વરસ વીતી ગયાં.

મારૂં શરીર કથળાતું ગયું. પારૂને પણ હવે સાસરે

લાંબો સમય થયો હતો. એટલે અહીં આવી મહીનો માસ હવાફેર કરી જવા માટે મેં તેને પત્ર લખ્યો. આમ તો મને બે જ દિવસમાં મારા પત્રનો જવાબ મળતો, પણ આ વખતે અઠવાડિયું ગયું છતાં મને જવાબ મળ્યો નહિ, આથી મને ચિંતા થઇ " શું મારી પારૂ બીમાર હશે? " મારાથી રહેવાયું નહિ. મેં તાર કર્યો, અને ચોથે દિવસે મને પારૂનો પત્ર મળ્યો. તેમાં તેણે લખ્યું હતું " મારૂં શરીર સારૂં છે. પણ હાલમાં હું ત્યાં આવી શકું તેમ નથી..." તે પછી મેં તેને વધુ દબાણ કર્યું નહી પણ મારી તબીયત દિનપ્રતિદિન વધુ બગડતી ગઈ. હું ખાટલાવશ થયો. મને રાંધીને ખવરાવે કે મારી સેવા ચાકરી કરે તેવું મારૂં નજદીકનું સગું કોઇ ન હોતું.

એમ છતાં હું જેમ તેમ એક ટંક રસોઇ કરી બે ટાઈમ જમી લેતો, અને આ રીતે મારા દિવસો હું કાઢવા લાગ્યો, આમ ને આમ બાર મહિના વિતી ગયા. અને તે પછી તો મારી ઉઠવાની પણ શક્તિ રહી નહી. દૂરનાં સગાંઓના હાથનો ઓશીયાળો રોટલો મારે ખાવો પડતો.

એક દિવસે તો મારે એ પણ મહેણું સાંભળવું પડયું. " ધન દીકરી ખાશે અને ઢસરડા અમારે કરવાના !" આ શબ્દો મારા માટે આઘાતજનક હતા. મેં પારૂને અહીં તેડાવવાનો નિર્ણય કર્યો, પણ હમણાં હમણાં તો મને તેના તરફથી પત્ર પણ નિયમિત મલતો ન હોતો. એમ છતાં એક દિવસે મેં તેને મારા શરીર સંબંધી વિગતવાર ખુલાસો લખાવી, તુરતજ અહીં આવવા માટે પત્ર લખ્યો. ચાર દિવસ વાટ જોઇ, પણ જવાબ મળ્યો નહિ. આખરે, કંટાળીને મેં તાર મુકયો. હવે તો મારી પારૂ અહીં આવશે જ. એટલે હું તેની આતુર નયને રાહ જોવા લાગ્યો. પણ હું નિરાશ થયો. જવાબમાં તેણે લખ્યું કે " મને દેશમાં ગમતું ન હોવાથી, મારાથી વધુ સમય ત્યાં રહી તમારી સેવા-ચાકરી થઇ શકશે નહિ. માટે તમે અહીં આવવાનું રાખજો..."

એ વાતને આજે અઢી મહીના થયા. પછી તો મારી ખબર પૂછાવતો પત્ર પણ મને મલ્યો નથી. અને હવે મારૂં વાત્સલ્ય પણ મરી ગયું છે. પારૂ હવે મને યાદ આવતી નથી. એ મારી દીકરી હતી જ નહી એમ લાગે છે. જાણે આકાશમાંથી પડી અને ધરતીએ ઝીલી લીધી. "

આટલું કહી ગોપાળકાકાએ તરત જ પાસુ ફેરવ્યું. મેં વાંકા વળીને જોયું તો તેમનો ચહેરો દુ:ખ અને વેદનાથી ઘેરાયેલો હતો. આ જોઇ હું લાગણીવશ બન્યો. સુખની આશાએ દુ:ખ વેઠીને ઉછેરેલો પરિવાર માતા-પિતા પ્રત્યેની આવશ્યક ફરજો ચૂકે ત્યારે મા-બાપના હૈયામાં ભરેલા વાત્સલ્યનું રૂપાંતર ઝેરમાં પરિણમે છે. ગોપાળકાકા આવા ઝેરના ઘુંટડા ગળે ઉતારતા હતા, એમ મને સ્પષ્ટ જણાયું.

મારા ઘેરથી નિકળ્યે મને લાંબો સમય થયો હતો એટલે હું ઘેર જવાની ઉતાવળમાં હતો. ગોપાળકાકાની રજા માગવા માટે મેં મારા હાથે જ તેમનું મુખ મારી સામે લાવવા પ્રયત્ન કર્યો તો મારો હાથ આંસુઓથી ભીંજાઈ ગયો. અને મારૂં દિલ દ્રવી ઉઠયું.

મેં ગોપાળકાકાને કહ્યું; " ખરેખર તમારી જીવનકથા મારા માટે એક કરૂણ વાર્તા બની ગઇ છે. તમારી આ અસહાય અને નિરાધાર સ્થિતિ માટે મારા દિલમાં ઉંડી સહાનુભૂતિ છે. મારા અહિંના વસવાટ દરમિયાન, તમારી કંઈ સેવા કરવાની જો મને તક મળશે તો હું મારી જાતને સદ્‌ભાગી સમજીશ. "

" સારૂ, ત્યારે હું હવે રજા લઉં છું..." કહી હું ઉભો થયો, અને મારા ઘર તરફ વળ્યો.

❀


| | |
|---|---|
| [ તપાવલિ ૧૬૨ તપોની વિધિ ] | ૧-૮-૦ |
| પંચ પ્રતિક્રમણ વિધિ સહિત | ૧-૧૨-૦ |
| બે પ્રતિક્રમણ વિધિ સહિત | ૦-૧૨-૦ |
| જિનેંદ્ર સ્તવનાવલિ | ૧-૨-૦ |
| પ્રાચીન સ્તવનાદિ | ૧-૦-૦ |

સોમચંદ ડી. શાહ - પાલીતાણા

# ✻ પાપ–પુણ્યનાં ફળ ✻

## મુનિરાજ શ્રી જયપદ્મવિજયજી મહારાજ.

બધાની ઈચ્છા સુખી થવાની છે. કોઇને દુઃખી થવું નથી પરંતુ મોટે ભાગે જે જોઇતું નથી તે માર્ગે પ્રયાણ કરી રહ્યા છે. પુણ્યથી સુખ અને પાપથી દુઃખ એ સર્વ ધર્મોને સંમત છે, માટે પુણ્ય કરવાથી સુખ મલશે અને પાપથી દુઃખ. દરેક જીવને જે કાંઈ સુખ કે કે દુઃખ મલે છે, તેમાં બીજા બધા નિમિત્તો છે, પરંતુ પૂર્વે પોતે કરેલ પુણ્ય કે પાપ અનુસાર સુખ કે દુઃખ મળે છે. તો વચલા નિમિત્તો ઉપર રાજી કે ગુસ્સે થવા કરતાં સુખ મળે ત્યારે પુણ્યનું ફળ છે અને દુઃખ મળે તો તો પોતે બાંધેલ પાપ ઉપર ગુસ્સે થવાની જરૂર છે. કર્મ ખપાવવા પ્રયત્ન કરવો જોઇએ. ફુલાવાની કે દિલગીર થવાની જરૂર નથી.

પુણ્યનાં ફળ માટે એક પ્રસિધ્ધ કથા જોઇએ. મેવાડના પર્વત પર જયતાક પલ્લીપતિ હતો તેણે એક વખતે ધનદત્તના સાર્થને લૂંટયો. પછી ધનદત્તે માલવનરેશની સહાય લઇને જયતાકને ભગાડયો. એની સગર્ભા સ્ત્રીનું પેટ ચીરી બાળકને પત્થર પર પછાડયો. પોતાની લક્ષ્મી વ્યાજ સહિત લઈ ચાલ્યો ગયો. નાસતા જયતાકને વનમાં યશોભદ્રસૂરિ મળ્યા. સૂરીશ્વરે દીન અવસ્થાનું કારણ પૂછયું. જયતાકે હકીકત કહી. ગુરુમહારાજ બોલ્યા. તેં રાજ્યાધિપતિ થઇને લુંટારાનું કામ કરવાથી દુષ્ટ કર્યું છે. સજ્જનોને નિંદિત એવા આ કાર્યને જીવન–પર્યંત ત્યાગ કરી શ્રેષ્ઠ કાર્ય કરવામાં ઉદ્યમી થા. તેણે તે કુમાર્ગનો ત્યાગ કર્યો. સૂરીશ્વરે શ્રાવકો પાસેથી ઘણું ભાતું અપાવ્યું. જયતાક ફરતા ફરતા એકશિલાનગરીમાં ઓઢર શેઠ પાસે નોકરીમાં રહ્યો. વિહાર કરતા યશોભદ્રસૂરીશ્વર ત્યાં આવ્યા. એમના ઉપદેશથી ઓઢર શેઠે જિનમંદિર બંધાવ્યુ. રોજ વ્યાખ્યાન સાંભળતા.

પર્યુષણા પર્વમાં ઓઢર શેઠ સાથે જયતાક પાંચ વરાટિકા–કોડીથી (તે વખતનું નાણું) ખરીદેલા પુષ્પો વડે શ્રી જિનેંદ્ર ભગવાનની ખુબજ ભાવથી પૂજા કરી. તે દિવસે ઉપવાસ કરી પારણે ભક્તિપૂર્વક મુનિઓને વહોરાવ્યું. ત્યાંથી કાળ કરી તે પુણ્યથી ઓઢર શેઠ ઉદયન મંત્રી થયો. જયતાક ગુર્જરદેશના નાયક શ્રી કુમારપાલ ભૂપાલ થયા. શ્રી યશોભદ્રસૂરીશ્વર કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વર થયા. ધનદત્ત શેઠ ગુર્જરનરેશ શ્રી સિધ્ધરાજ થયા. પૂર્વભવના વૈરથી કુમારપાળને મારવાના માટે ઘણા પ્રયત્નો કર્યા. કુમારપાળ ૧૮ દેશના રાજા થયા. તે વખતે પાટણમાં ૧૮૦૦ કરોડપતિ વસતા હતા. તે પ્રસિદ્ધ વાત છે. કુમારપાળ વ્યંતરગતિમાં ઉત્તમ દેવ થયા છે. ત્યાંથી ભરતમાં ભદ્દિલપુરનગરમાં શતાનંદ રાજાને ત્યાં ધારિણી રાણીના શતબલ નામે અતિશય વૈભવશાલી પ્રખ્યાત પુત્ર થશે. તે સમયે આવતી ચોવીશીના પ્રથમ પદ્મનાભજિનેંદ્ર થશે. [ હમણાં પ્રથમ નરકભૂમિમાં છે. ત્યાંથી નિકળી શ્રેણીકરાજાનો જીવ ] તેઓ કેવલજ્ઞાન પામી શ્રી ભદ્દિલપુરમાં આવશે. એમની પાસે દીક્ષા લઇ ૧૧મા ગણધર થઈ શતબલ કેવળજ્ઞાન પામી મોક્ષે પધારશે.

શ્રી હેમચંદ્રસૂરીશ્વર ચોથા દેવલોકમાં દેવ થયા છે. ત્યાંથી આવી દીક્ષા લઇ કેવળી થઇ મોક્ષે પધારશે. ધર્મ કરવાથી જે પુણ્ય બંધાયું તેથી ઉત્તરોત્તર સુખી થતા ત્રણ ભવમાં મોક્ષે પધારશે. ધર્મનો કેટલો પ્રભાવ છે!

પાપના ફળ માટે ૨૫૦૦ વર્ષ પૂર્વે રાજગૃહીનગરમાં શ્રેણીક (બિંબીસાર)નું રાજ હતું. તે વખતે ભગવાન મહાવીર વિચરતા હતા. લોકો સુખી દાની વગેરે હતા. તે નગરમાં એક દુર્ભાગી દ્રમક (ભીખારી) ત્યાં આખો દિવસ ભીખ માગવા છતાં આગલા ભવમાં પાપ કરીને આવેલ જેથી લાભાંતરાય હોવાથી એને આપવાનું કોઈને મન થતું નહી. જેથી એ નગરના લોકો ઉપર એને ખુબ ગુસ્સો થતો.

પરંતુ પોતાનું પાપ તેને યાદ આવતું નહિ. એક દિવસ તહેવારના કારણે રાજગૃહીના લોકો નગર બહાર ઉજાણીએ ગયા હતા. તે વખતે ભિખારીને આશા બંધાણી કે આજે પેટ પુરતું મળશે પરંતુ લાભાંતરાયના કારણે એને મળ્યું નહિ. બીજાઓને મળતું. પછી તે બહુજ ગુસ્સે થઈ ગયો અને પહાડ ઉપર ચડી મોટીશિલા ગબડાવી બધાને મારી નાંખવાની ભાવનામાં ઉપર પહોંચ્યો. શિલા ગબડાવતા પોતે ગબડયો અને મરીને ૭મી નરકે ગયો. ત્યાં ૩૩ સાગરોપમનું આયુષ અને ચોવીશે કલાક દુઃખ જ ભોગવવાનું છે. લોકોનું કાંઈ બગડયું નહી. પરંતુ પોતાનું જ બગડયું. આવી જ રીતે આજે લોકો નકામા પાપ બાંધી દુઃખી થઈ રહ્યા છે. કુમારપાળને પણ આગલા ભવના જયતાકના ચોરી-લુંટ વગરે પાપના કારણે ગુર્જરેશ થયા તે પહેલા ઘણું દુઃખ ભોગવવું પડયું હતું, માટે બીજા ઉપર ગુસ્સે થવા કરતા પોતાના પાપ ઉપર ગુસ્સે થઈ પુણ્ય ઉપાર્જન કરવા દાન, શીલ, તપ અને ભાવના માર્ગે પ્રયાણ કરો. સાચો સમાજવાદ મોક્ષમાં છે. બધા સરખા. ત્યાં પહોંચો. બધા જીવોને જીવો અને જીવવા દ્યો. બધા સુખી થાઓ. પોતાને જેથી સુખ થાય તેવી રીતે બધાને સુખ ઉપજે તેમ વર્તો. કોઈને દુઃખ ન થાય તેની કાલજી રાખો.

સંસાર એટલે વિષમવાદ. સંસાર એટલે વધારેમાં વધારે ૧૨૫ વર્ષનું સ્વપ્ન. સ્વપ્નનું સુખ આંખ ખુલે ત્યાં સુધીનું. તેમજ સંસારનું સુખ આંખ મીંચાય ત્યાં સુધીનું. સંસારમાં સુખ થોડું દુઃખ વધારે. નરકમાં ૨૪ કલાક એકલું દુઃખજ. સ્વર્ગમાં સુખ ઘણું પણ અસ્થિરનું આયુષ્ય પુરું થએ મુકીને જવાનું. તેમાં છ મહીના પહેલાં જવાની ખબર પડે, એટલો વખત રડવાનું. તિર્યંચમાં (પશુ-પક્ષી વગેરેમાં) સુખ થોડું, દુઃખ વધુ. નરક-સ્વર્ગમાં ઓછામાં ઓછું આયુષ દશ હજાર વર્ષ. હે બુદ્ધિમાન લોકો! બરોબર વિચારી જેવું જોઈએ તેવું વાવો. જેવું વાવશો તેવું ફળ મળશે. ભાવી તમારા હાથમાં છે. સુધારો કે ખરાબ કરો. વર્તમાન તમારા હાથમાં નથી, ભૂતકાલના હાથમાં છે. જેવા પાપ-પુણ્ય બાંધ્યા હશે તેવા ફળ મળશે. જાગ મુસાફીર! સંસાર મુસાફરખાનુ છે, જવાનું છે. મારૂં મારૂં માની બેસી ન રહે. બધું ફના છે, એક મોક્ષ અમર છે. સદા આનંદ છે. ત્યાં કાયમ રહેવાનું છે પછી કાંઈ ઉપાધિ નથી.

---

લંડનની એક ફેશનવાળી સ્ત્રીએ સૌંદર્યવર્ધક સાધનો પાછળ પુષ્કળ પૈસા ખર્ચ્યા હતા. તેણે શૉને પૂછયું, ' હું ઉંમરમાં કેવડી હોઈશ ? '

શૉએ જવાબ આપ્યો, ' તમારા દાંત જોતાં તમે મને ૧૮ વર્ષના લાગો છો, તમારા ગુંચળીયા વાળ જોતાં ૧૯ વર્ષનાં અને તમારૂં વલણ જોતાં ૧૪ વર્ષના ! '

સ્ત્રી તો ખુશખુશ થઈ ગઈ. તેણે કહ્યું; હવે ચોકકસ આંકડો કહો. ' બર્નાડશોએ જવાબ આપ્યો, ' વાહ ! ૧૮, ૧૯ અને ૧૪ નો સરવાળો કરો, એટલે ચોક્કસ જવાબ ૫૧ આવશે !'

# શ્રમણ ભગવાન મહાવીરદેવ

## શ્રી શાન્તિલાલ મણીલાલ શાહ — અમદાવાદ.

શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્માનો નિર્વાણ કલ્યાણક દિવસ આસો વદ અમાસ (મારવાડી કા. વ. ૦)) ) જૈન-જૈનેતર સર્વ સમાજમાં સમગ્ર ભારતવર્ષમાં દીવાળીના મહાન્ ઉત્સવ તરીકે ઉજવાય છે.

આજથી બરાબર ૨૪૮૧ વર્ષ પૂર્વે પાવાપુરીમાં જેનું અસલ નામ અપાપાનગરી હતું. પણ ભગવાન મહાવીરના નિર્વાણથી લોકોમાં (પાપાપુરી) પાવાપુરી તરીકે પ્રસિધ્ધિમાં આવ્યું છે, તે નગરીમાં ત્રણ લોકના નાથ ચરમ તીર્થંકર ભગવાન શ્રી મહાવીરદેવ નિર્વાણ પામ્યા હતા.

આજે લાખ્ખો જૈનો ભગવાન મહાવીરદેવની સ્તુતિ, પૂજા અને નામસ્મરણમાં પરાયણ બનેલા હશે. તેવા સમયે આપણે પણ શ્રમણ ભગવાન મહાવીરને યથાશક્તિ ઓળખવાનો પ્રયત્ન કરીએ

આપણો ભારતદેશ આર્યભૂમિ છે. આ ભૂમિ ઉપર જે જે મહાપુરૂષો થઈ ગયા તે બધાએ આ શરીર, ઇન્દ્રિયો અને મનથી ભિન્ન એવા આત્માને જાણ્યો છે, અને તેના જ હિતની દૃષ્ટિએ જીવનપર્યંત પ્રયાસ કરીને આત્માની સાચી સ્વતંત્રતા પ્રાપ્ત કરી તે પ્રાપ્ત કરવાનો માર્ગ આપણને બતાવી ગયા છે.

આ આર્યભૂમિ ઉપર એવો કોઈ માણસ ન હોવો જોઇએ કે જે આત્માના હિત માટે કે તેની સ્વતંત્રતા પ્રાપ્ત કરવા માટે ઈચ્છતો ન હોય. જે મનુષ્ય આત્માને જ માનવા કે તેને માટે મહાપુરૂષોએ બતાવેલા માર્ગને ઓળખવા પણ ઈન્કાર કરતો હોય, તેને કોઇ પણ આર્ય મહાપુરૂષનું જીવન કે આદેશ જાણવાનું શું પ્રયોજન હોય? કે તેથી તેને લાભ પણ શું હોઇ શકે? કાંઈ જ નહિ. એટલે જે માણસ આત્મા કે પરલોક આદિ માનતો નથી, તેને મનાવવા કે ~~સમજાવવા~~ માટે આપણો આ પ્રયાસ નથી, પણ આપણી આ વિચારણા તો જેઓ આત્મા આદિ નિત્ય પદાર્થોને સહજ બુદ્ધિથી માને છે, કે તીક્ષ્ણ બુદ્ધિનો ઉપયોગ કરી સમજવા પ્રયાસ કરે છે, તેવા નિરાગ્રહી, સરલ અને વિચક્ષણ બુદ્ધિમાનપુરુષોને આ આર્યભૂમિના એક ઉત્કૃષ્ટ કોટિના મહાપુરુષના જીવનમાંથી અને આદેશોમાંથી કાંઇ પણ ગ્રહણ કરવા તરફ દૃષ્ટિ ખેંચાય તે માટે જ છે.

ભગવાન મહાવીરદેવને યથાસ્થિત ઓળખવા એ સહેલું કામ નથી. અખંડ અભ્યાસી વિદ્વાનો પણ કહે છે કે, તેમનું સ્વરૂપ અધ્યાત્મવેદી યોગીઓને પણ અગમ્ય છે. છતાં પણ કુશાગ્ર બુદ્ધિથી, મધ્યસ્થ દૃષ્ટિથી નિખાલસ રીતે સમજવા પ્રયત્ન કરે તેને ન જ સમજી શકાય તેવું ગૂઢ અને અટપટું કાંઈ નથી. ઉલટું આપણે ધારીએ તો જે રીતે ભગવાન મહાવીરે પોતાનું સ્વરૂપ પ્રગટ કરી આત્માની સાચી સ્વતંત્રતા પ્રાપ્ત કરી, તેમ આપણે પણ પ્રાપ્ત કરી શકીએ એમ છીએ.

ભગવાન મહાવીરનો આત્મા પણ પહેલાં તો આપણી જેમ જ કર્મના પંજામાં સપડાયેલો જ હતો. કોઇ પણ 'ભગવાન સ્વરૂપ કહેવાતા દેવ' અનાદિ કાળથી દેવ તરીકે જ હોય તે સંભવિત નથી. અનાદિથી જ જે વ્યક્તિ દેવ તરીકે મનાતી હોય તેનું પ્રસિદ્ધ થયેલું જે કાંઇ સ્વરૂપ વિચારવા માંડીએ તે જરાય યુક્તિસંગત કે બુદ્ધિગ્રાહ્ય લાગે જ નહિ. દેવ તરીકે મનાતી વ્યક્તિ ભક્તોના અનુગ્રહ માટે કે દુષ્ટોના નિગ્રહ માટે અવતાર ધારણ કરે છે, એમ કહેવું તે દેવના સ્વરૂપમાં કેટલું અસંગત થાય છે? એ દેવના પરમાર્થ સ્વરૂપને પીછાણનારાઓને લાગ્યા વિના રહેતું નથી.

દેવાધિદેવ તે જ હોઇ શકે કે જેણે અનાદિ કાલથી કર્મની સાથે ક્ષીર-નીર ન્યાયે એકમેક થયેલા પોતાના આત્માને શુદ્ધ અનુભવરૂપી હંસચંચુથી અલગ પિછાણીને, તે કર્મબંધનથી છુટવા સારૂ સન્માર્ગની કેડી ઉપર ચઢી જ્વલંત પુરૂષાર્થ કરી, રાગ-દ્વેષની દૃઢ ગાંઠને ભેદી નાંખી અપૂર્વ સાધનાથી અજ્ઞાન, મોહ, આદિ દોષોનો નાશ કરી કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું હોય અને અન્ય જીવોને કર્મના પાશથી છૂટવાનો માર્ગ દર્શાવી શેષ કર્મોનો ક્ષય કરી પરમપદ-મુક્તિને

प्राप्त थया होय के ज्यांथी तेओने फरी पाछुं संसारमां आववानुं रहेतुं ज नथी.

सर्वथा नाश पामेला राग-द्वेष, अज्ञान, मोह आदि दोषो फरीथी उत्पन्न थई शकता ज नथी. अने ते दोषो सर्वथा नाश पाम्या न होय तेने देव मनाय पण केवी रीते ?' राग-द्वेष, मोह, अज्ञान, आदि दोषो रहेला होय अने देव कहेवाता होय' तो आपणामां अने ते देव कहेवाताओमां तफावत शो ? तेओनुं स्मरण, पूजन, भक्ति, ध्यान आदि आपणने कयो गुण करे ? अने जो उपरोक्त दोषो न रह्या होय एटले सर्वथा नाश पाम्या होय तो तेओनी भकतो उपर अनुग्रह करवानी के दुष्टोनो निग्रह करवानी बुद्धि कया कारणे थाय ? अनुग्रह के निग्रहनी ईच्छा राग-द्वेष विना शक्य ज नथी. परमेश्वरने कोई ईच्छा होई शके ज नहिं. अपूर्णने ज ईच्छा होय पूर्ण आत्माने कोई ईच्छा बाकी रहेती नथी.

वळी परमेश्वरनी ईच्छाथी ज जो सज्जनोने रक्षण अने दुर्जनोने दंड मली जतो होय तो जगतमां जे बधी विषमताओ नजरे पडे छे, ते कइ रीते संभवी शके ? संपूर्ण शक्तिमान ईश्वरनी रक्षण आपवानी ईच्छा छतां कोइ पण सज्जन आपत्तिमां आवी पडे, ए शक्य लागे छे ? अने कोइ पण दुष्ट माणस दुष्टता आचरवा छतां, अने ईश्वरनी दंड करवानी ईच्छा छतां शुं भागी छुटी शके ते बुद्धिगम्य लागे छे ? कदाच कहेशो के दरेक जीवोने रक्षण के दंड पोत-पोताना पूर्व कर्मोने अनुसारे ज मले छे अने ईश्वरनी ईच्छा ते रूपेज थाय छे तो आवी रीते गाडा तळे चालता कुतरानी जेम परमेश्वरनी ईच्छा मानवानो शुं अर्थ ? माटे परमेश्वरना स्वरूपमां आवी कोई असंगति उभी करवानी जरूर नथी.

परमेश्वरनुं स्वरूप के जीवन आपणे ते माटे जाणवुं जरूरी छे के, आपणे पण तेमणे अनुभवीने दर्शावेला मार्गे प्रगति साधी परमेश्वर बनी शकीए. जो आपणे गमे तेटला प्रयत्न करीए छतां परमेश्वरस्वरूप न बनी शकता होईए अने आम ने आम भवसमुद्रमां रखडपट्टी चालुज रहे तो परमेश्वरनां अवलंबनथी आपणने शुं लाभ ? माटे रागद्वेष विनाना वीतराग अने सर्वज्ञ परमात्मानी आज्ञाना अवलंबनथी आपणे पण रागद्वेष मोह अज्ञान आदिनो नाश करी वीतराग सर्वज्ञ बनी शकीए तेज परमेश्वरना स्वरूपने जाणवानुं साचुं फल छे.

मनुष्यने ज्यारे कोईपण वस्तुनी जरूर पडे छे त्यारे ते तेनी शोधमां पडे छे. तेवीज रीते आत्माने ज्यारे पोतानुं स्वरूप समजाय छे अने पोतानी वर्तमान-दशानो ख्याल आवे छे त्यारे पोतानां साचा स्वरूपने प्राप्त करवा मार्गदर्शकनी शोधमां पडे छे. जगतमां जेम दरेक सारी वस्तुओनी नकल होय छे तेम नकली मोक्षमार्गो पण होयज. आथी आत्माओए साचो मोक्षमार्ग अने तेना दर्शकने शोधवा प्रयत्न करवो ज पडे, वर्तमानमां पण मोक्षमार्ग अने तेना दर्शकने जाणवा माटे प्रयत्न करीए, तो सफळ थई शकीए तेम छीए. कोइ पण मोक्षमार्गना दर्शकने जाणवा माटे तेमनुं चरित्र अने तेमणे कहेला शास्त्रोने जाणवा जोइए. चरित्र 'जीवनवर्णन' अने 'प्रतिमा' द्वारा जाणी शकाय छे. अने शास्त्रपरीक्षा 'अविरुद्ध प्रतिपादन' जोवाथी करी शकाय छे.

भगवान महावीरदेवनुं जीवन एवुं छे के, जे सांभळवाथी ज आपणा राग-द्वेष ओछा थाय एवुं विरागी अने संयमी जीवन छे. महाराज्यनी मोहक सुखसामग्रीओ पण तेमने मूंझवी शकी नथी. संसारमां पण औचित्यपूर्वकनुं महाविरागी जीवन तेओश्रीनुं हतुं. संयमी थया बाद अति घोर उपसर्ग करनार क्रूर आत्माओ प्रत्ये पण तेओश्रीनी करुणादृष्टि हती.

भगवान महावीरदेवे जे उत्कट साधना राग-द्वेषनो नाश करवा सारु आदरी छे, ते साधको माटे खूब आदर्शभूत छे. संयम स्वीकार्या बाद ज्यां सुधी राग-द्वेष संपूर्ण नाश न थया त्यां सुधी साडा बार वर्ष पर्यंत जमीन उपर कदी पण बेठा नथी. दिवसे विहार करता. रात्रिए कायोत्सर्ग करीने ध्यानमां रहेता. वळी महिनाना, चार महिनाना, छ महिनाना एम

ઘણા લાંબા ઉપવાસો કરતા હતા, કેવલજ્ઞાન પ્રાપ્તિ પર્યંતના સંયમી જીવનના સાડા બાર વર્ષમાં સાડા અગિયાર વર્ષ તો ઉપવાસ જ કર્યા છે. ફક્ત ૩૪૯ દિવસ જ પારણાના વચમાં આવ્યા છે. આવું કઠોર તપશ્ચર્યામય જીવન સાંભળીને જ આપણને સંસારના ભૌતિક સુખો પ્રત્યે વિરાગ જન્મે અને આત્મસાક્ષાત્કાર કરવા તેમજ આત્મમુક્તિ માટે અપૂર્વ વીર્યોલ્લાસ જાગે, એ તદ્દન શક્ય છે.

અનાદિદેવ તરીકે ગણાતા બીજા દેવોના જીવન-વર્ણનમાંથી આવી કાંઈ પ્રેરણા મલવાની સંભાવના જ નથી. કારણ કે તેઓએ તો હેતુપૂર્વક લીધેલા અવતાર જીવનમાં જે કાંઇ કર્યું તે લીલા જ ગણાઇ છે. માટે જ પૂ૦ શ્રી આનંદઘનજી મહારાજે પણ ગાયું છે કે,

'દોષરહિતને લીલા નવિ ઘટે રે, લીલા દોષ વિલાસ.' આવા 'લીલા જીવન'માંથી કઇ પ્રેરણા મલવાની સંભાવના છે? એવો પણ પ્રશ્ન પૂછાય એમ છે કે, 'ભાઈ! જો દુષ્ટોનો નિગ્રહ જ કરવો હતો તો અદૃષ્ય રીતે તે જ કાર્ય કરવું હતું, પણ આવું ભોગવિલાસમય જીવન શા માટે જીવવું પડયું?' પણ જ્યાં એક જ જવાબ હોય કે તે તો 'પ્રભુની અગમ્ય લીલા' તો તેમાં પ્રશ્નને અવકાશ જ કયાં રહે છે?

'પ્રતિમા' પ્રભુની મૂર્તિ એ પણ નિરખવાથી, ધ્યાન ધરવાથી સાધકને રાગ-દ્વેષ, મોહ આદિના નાશ માટે અપ્રતિમ સાધન મનાય છે. ભગવાન મહાવીરદેવની મૂર્તિ જોતાં જ શાંતરસમાં નિમગ્ન તેમની દૃષ્ટિ, પ્રસન્ન મુખારવિંદ, અને કૃતકૃત્યતાસૂચક તેમનું સર્વ અંગ વીતરાગતાના સાધકને ખૂબ જ પ્રેરક બને છે, જ્યારે બીજા સર્વ દેવોની મૂર્તિઓમાં જે જે ચિહ્નો જોવા મલે છે, તે રાગ-દ્વેષ કે અપૂર્ણતાના સૂચક પ્રતીત થાય છે, જેને કામ ઉપર કાબૂ મેળવવો છે, તેવા સાધકને ખોળામાં સ્ત્રીને બેસાડેલી વિષ્ણુની મૂર્તિ કેવી રીતે આદર્શભૂત બને? તેવી જ રીતે જેને કષાય જીતવો છે, તેને શત્રુને મારવા ત્રિશૂલ ઉગામતી દેવતાની મૂર્તિ કેમ કાર્યસાધક પ્રતિક બને? અક્ષમાલા આદિ ધારણ કરનાર દેવો પણ પોતાને કાંઈ સાધ્ય બાકી છે, એમ શું નથી સૂચવતા?

એ જ રીતે તે તે મોક્ષમાર્ગદર્શક મહાપુરૂષોના શાસ્ત્રો પણ જે વીતરાગતા પ્રાપ્ત કરાવી છે, તે પમાડી શકે એમ છે કે નહિં, તે સુવર્ણની જેમ કષ, છેદ અને તાપરૂપ પરીક્ષાથી તપાસવું જોઇએ. આ રીતિએ જીવનચર્યા, પ્રતિમાદર્શન અને શાસ્ત્રપરીક્ષાથી સાચા માર્ગની પ્રતીતિ થાય છે.

કેટલાક વિદ્વાનોને ભગવાન મહાવીરદેવના આગમ-વચનોથી તેમની વીતરાગતા અને સર્વજ્ઞતા ઉપર બહુમાન ખૂબ જાગે છે, પણ એક વાત તેમના મનમાં અસંતોષ ઉત્પન્ન કરે છે. તેઓ પૂછે છે કે, જેમનું જીવન અને વચન આટલું નિર્મળ અને આદેય છે. તેમના જીવનવર્ણનમાં દેવો અને ઇંદ્રો આદિના આગમનને શ્રધ્ધા ઉત્પન્ન કરવા શા માટે રજુ કરવામાં આવે છે? આ વિદ્વાનોને આપણે જણાવીશું કે આમાં કાંઈ પણ અતિશયોક્તિરૂપ માનવાની જરૂર નથી. યુકિતથી પણ એ બધું બરાબર સંગત છે, દરેકે દરેક તીર્થંકરો જ્યારે તીર્થંકર નામકર્મનો બંધ કરે છે, ત્યારે જગતના સર્વ જીવોની એવી ઉત્કૃષ્ટ કોટિની ભાવદયા ચિંતવે છે, અને સર્વ જીવોને આધિ, વ્યાધિ, ઉપાધિરૂપ અનંત દુ:ખોમાંથી છોડાવવાની એવી ઉંચા પ્રકારની ભાવના ભાવે છે કે, જેથી તેમને ઉત્કૃષ્ટ પુણ્ય બંધાય છે, અને તેનાથી ઇંદ્રાદિક દેવો તેઓશ્રીને સેવે, એમાં જરાય આશ્ચર્ય પામવાનું કારણ નથી જ.

ભગવાન મહાવીરદેવના જીવનને જાણવા માટે અને તેમના આદેશો-વચનો સમજવા માટે ઇચ્છા જાગે, એ ઉદ્દેશને માટે આ લખાણ છે. તેઓશ્રીએ પ્રતિપાદન કરેલા સ્યાદ્વાદ સિદ્ધાંતને તેમજ જીવાદિ ષડ્દ્રવ્યોના સ્વરૂપને તથા દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ મોક્ષમાર્ગને સમજવા માટે વિદ્વાનપુરૂષો યથાયોગ્ય પ્રયત્ન કરે, એ જ એક અભિલાષા.

# સંસારને પાર પામવાનો માર્ગ

## પૂ૦ આચાર્ય શ્રી વિજયભુવનતિલકસૂરીશ્વરજી મહારાજ.

[ ગતાંકથી ચાલુ ]

સ્વ અને પરભાવોને સમજ્યા સિવાય સાધુધર્મ તો દૂર રહ્યો પણ શ્રાવક-ધર્મ પણ પરિણમતો નથી જ. સ્વની રમણતા અને પરની વિસ્મરણતા એજ સમ્યક્ત્વની ભૂમિકા છે. શાશ્વત શું ? વિનશ્વર શું ? સ્વનું શું ? પરનું શું ? આત્મા શું લઈને આવ્યો ? શું સાથમાં લઈ જવાનો ! વીતરાગોક્તિ માર્ગ કયો ? અને કુદેવદર્શિત માર્ગ કયો ? વીતરાગના માર્ગની આરાધના શું ફલ આપે ? અને અન્ય દેવનો માર્ગ શું ફલ આપે ? સંસાર કેવો છે ? સંસારના ભોગવિલાસો કેવા છે ? વિષય, કષાય, પ્રમાદ, વિકથા, મદ આ સેવવાથી શું શું પરિણામો આવે છે. ? આ સઘળુંય શ્રાવકધર્મ-પાલકો સમજે અને વિવેક પૂર્વક જીવે ! કોઈ પાપના ઉદયથી તપ-જપ-ક્રિયાનુષ્ઠાનો શ્રાવક ઓછાં કરતો હોય પણ તે કરવાની ભાવનાઓ હોય. કરતા હોય તેવાઓને પ્રેરણા આપે ! તન, મન અને ધનથી શાસનપ્રભાવના કરવાની તકને ચૂકે નહિ. પાશ્ચિમાત્ય યુરોપદેશની કેળવણીના આવ્યા પછી માત્ર ભૌતિકવાદના વિકાસના સાધકોનો સંસર્ગ થયા પછી વિજ્ઞાનવાદની વિષમ હવાનો ચેપ લાગ્યા પછી આર્યાવર્તની ધર્મપ્રજાને પણ તેની અસર ઉંડી થઈ છે. જેથી આધ્યાત્મિકવાદ, ધર્મવાદ, આસ્તિકવાદ, શાસ્ત્રવાદ આદિના પ્રકાશમાં ઝાંખપ આવી છે. જો કે સો ટચના સોના જેવા ધર્માત્માઓને તો શ્રદ્ધા, તત્ત્વોમાં પરિવર્તન થયું જ નથી પણ જે ઉપલકીયા જૈનાભાસો હતા, માત્ર વ્યવહારથી ધર્મના બણગાં ફૂંકતા હતા, તેવાઓને એ ઝેરી વાદની હવાએ બેશુદ્ધિ જન્માવી દીધી છે. કેટલાક એમ માને છે કે, ધર્મપાલન કરવાનું, પ્રચારવાનું, વધારવાનું, રક્ષણ કરવાનું કાર્ય અને જવાબદારી શ્રમણસંસ્કૃતિને જ હોય ! શ્રાવકોને તો તેમાં લાગતુંવળગતું કંઈ જ નથી. પણ તેઓએ સમજવું જોઈએ કે- મુનિવરો આત્મ-કલ્યાણના અજોડ સાધકો છે. મહાવીરના ઉચ્ચ ત્યાગનાં પ્રતીકો છે. શાસ્ત્રાભ્યાસ કરીને તત્ત્વને સજીવન રાખે છે, અને શ્રાવકોએ તેઓને ભક્તિભાવથી અનુકૂલતાઓ કરી આપવી ખપે ! તેઓશ્રીનાં સંયમને વિકાસનાં સાધનો વિપુલ પ્રમાણમાં અર્પણ કરીને શ્રમણવાડી વિકસાવવી જોઈએ; અને પોતે તે સંસ્કૃતિનો ઉમેદવાર બનીને જીવે !

શ્રાવકો ધનાઢ્ય હોય છે. સર્વ જાતના સાધનસંપન્ન હોય છે. જેથી સાતેય ક્ષેત્રોની આબાદી રાખવાની તેઓના શિરે જવાબદારી છે. પ્રત્યેક શ્રાવકો આ ઉદ્દેશને વળગી રહે તો આજે કોઈપણ ક્ષેત્ર શુષ્ક ન દેખાય ! સાધર્મિક બંધુઓ રીબાતા કે સીદાતા નજરે ન ચઢે. પ્રભુમહાવીરદેવે મોક્ષમાર્ગના બે ઉપાય દર્શાવ્યા જેમાં શ્રમણધર્મ અને શ્રાવકધર્મ આ ઉભયનો વિકાસ કરવો એ શ્રાવકોની કંઈ જવાબદારી ઓછી નથી જ.

વિરક્તિ ભાવ કે વિરક્તિ દશા એ આત્માને સર્વ કર્મોથી મુક્ત થવાની રાજકેડી છે. આત્માના પૂર્ણ સૌન્દર્યભર્યા કલાધામ જેવાં અવિનશ્વર સુખો મેળવવાની ગુટિકા પણ વિરક્તિ છે. જેટલી વિરક્તિ આત્મામાં જામે તેટલી આત્મિક સંપત્તિ

વધે છે. આત્મિક સંપત્તિ પાસે ચક્રવર્તીના સુખો પણ કંગાળ છે, નકામા છે, વિષમય છે. વિરક્તિ અમૃત છે, આસક્તિ વિષ છે. વિરક્તિ હિમ જેવી શીતલતા આપે છે, આસક્તિ આગ જેમ દઝાડી મૂકે છે. વિરક્તિ શીતલ ચંદન વૃક્ષ જેવી સુવાસમય છે, આસક્તિ ઝેરી ઝાડના જેવી પ્રાણહર દુર્ગંધમય છે. વિરક્તિ અનાદિની ભૂખ ભાંગે છે, આસક્તિ સળગતી આગમાં પવનનું કામ કરી આપે છે. વિરક્તિ થાકયા-પાકયાનો વિરામ છે, વિશ્રામ છે. આસક્તિ થાકેલાનેય પણ દોડાદોડ કરાવે છે, વિરક્તિ આત્મિક વિલાસ છે, આસક્તિ જડસંગી હોવાથી વિનાશ છે. સર્વ સુખોનું ધામ, પૂર્ણ આનંદનું સ્થળ, ઝળહળતી જ્યોતિવાળો દીવડો વિરક્તિ જ છે. સર્વ જીવો વિરક્તિની વાટે વળો! આસક્તિની અટપટી કેડી છોડો !.

પંચમહાવ્રતધારી મુનિવરો વિરક્તિના સહવાસથી જ મોહમહિપતિના દારૂણ સંગ્રામમાં વિજય મેળવે છે, બારવ્રતધારી શ્રાવકોય પણ સમ્યક્ત્વની વ્રતપચ્ચક્ખાણોની જીવલેણ કટોકટીની પળોમાંય પણ વિજેતા બને છે. એ પ્રતાપ પણ વિરક્તિનો જ છે. વિરક્તિ સાકર જેવી મીઠી છે. જે બાજુ ચાખો તે બાજુ મીઠી જ હોય છે. ઈષ્ટ સંયોગોમાં અને અનિષ્ટ સંયોગોમાંય આત્માને સ્થિર રાખનાર ધન્વંતરી વૈદ્ય જેવી વિરક્તિ જ હોય છે. સંસાર-દાવાનલ વિરક્તિની વારિવર્ષાથી ઉપશમી જાય છે.

❀

ઘરમાં પાળેલો પોપટ હંમેશાં ઘરના માણસોનાં નામો દઈ બોલાવે અને 'પેલી બિલ્લી આવી, એને લાકડીથી મારો એમ ગોખાવેલું દરરોજ બોલી જાય છે; પરંતુ સાચેસાચ જ્યારે બિલાડી તેની સન્મુખ આવે છે ત્યારે રોજનો પાઠ એ ભૂલી જાય છે, અને એને બદલે પોતાની મુળ બોલીમાં 'ચેંપે ચેંપે' કરી મૂકે છે; તેવી જ રીતે કેટલાક શાસ્ત્રનો અભ્યાસ કરીને મોટાં મોટાં વ્યાખ્યાનો કરે છે, ને ઉપદેશ પણ આપે છે. માયાથી નહીં લપટાવાનું કહે છે પણ જ્યારે પોતાના વેપારમાં ખોટ જાય છે કે અંગત સગાનું મરણ થાય છે ત્યારે ઘણો શોક કરી મૂકે છે. એમના જ્ઞાનને પાળેલા પોપટના જ્ઞાન સિવાય બીજી કઈ ઉપમા આપી શકાય ?

❀

લસણની ગાંઠને કપૂર જેવા સુગંધી પદાર્થનો રસ કાઢીને તેમાં એક માણસે ધોઈ. એની ઉપર કેશરના થર ચડાવી ચંદનવૃક્ષની છાયામાં તે ગાંઠ સૂકવવા મુકી, તે પછી બટ-મોગરા જેવાં મોહક સુગંધી પુલોની બિછાતમાં લપેટીને રાખી મુકી છતાંય લસણની ગંધ તો કાયમ જ રહી !

❀

'તને કોણ પ્રિય છે ?' માયાને એક ભક્તે પ્રશ્ન કર્યો.

'મને કંજુસ સૌથી વધુ પ્રિય છે, માયાએ કહ્યું' કારણ કે એ તપ અને મહેનત કરે છે ને દુઃખ પામે છે. પણ કંજુસાઈને લીધે તેનું ફળ નાશ પામે છે. રાજસગુણવાળો પણ ઉદાર હોય તો તેને હું શત્રુ ગણું છું; કારણ કે તે આ લોકમાં સુખ ભોગવે છે અને ઉદારતાને લીધે તે કાંઇક પુણ્ય બાંધે છે.

# રાજ્યધુરા વહન કરનારાઓને !

## શ્રી રાયચંદ ગોવિંદજી સંઘવી — અમદાવાદ.

**આ** જમાનામાં આપણી આંખ આગળ રાજકારણ, સુરક્ષિતતા અને સમાજકલ્યાણ સદાય રમ્યા કરે છે. પણ માત્ર રાજકીય સુરક્ષિતતા અને આર્થિક સમાજકલ્યાણથી સંસ્કૃતિ વિકસતી નથી. માનવજીવનમાં નીતિ અને ઈશ્વરશ્રધ્ધા કાયમ રહી છે. તેનું પ્રથમ ધ્યેય સંસ્કારની અભિવૃધ્ધિ અને વિસ્તારને પોષવાનું છે. અને અંતિમ ધ્યેય સંસ્કૃતિનો વિકાસ, સામુદાયિક જીવનમાં ઉલ્લાસની અભિવૃધ્ધિ, સરસતાનો પ્રાદુર્ભાવ, નીતિમય વ્યવહારનું સુરૂચિપણું અને ભાવનામયતાની સર્વોપરિતા આવે ત્યારે થાય છે. એટલે સુરક્ષિતતા અને સમાજકલ્યાણ એ એનાં સાધનો છે.

આથી સમજાશે કે સમાજના જીવન અને સંસ્કાર ઘડવાને અને સબળ કરવાને અનંતજ્ઞાન એ દરેક મનુષ્યના વ્યક્તિત્વનું અનિવાર્ય આવશ્યક અંગ છે. અનેક સદીઓના સામુદાયિક પ્રયત્નો વડે ઘડાયેલા શાસ્ત્રો સુંદર ગહન પરિપાક છે. તેને જેમજેમ પચાવીએ તેમતેમ તે માનવીને ઘડે છે અને તેનામાં નવુ સૌંદર્ય અને પ્રબળ કથન ભાવ આવે છે. આજે સમાજને તેની ઘણી જરૂર છે. કારણ કે માનવીનાં વ્યક્તિત્વ અને આચરણ પર સમાજનો પૂજ્યભાવ કેન્દ્રિત થાય છે. આવી વ્યક્તિ સમાજને તેની અસ્મિતાનું ભાન કરાવી, તેની સુપ્ત રહેલી સામર્થ્યશકિતને કાર્યાન્વિત કરવાની ટેવ પાડી, આત્મદર્શનની પ્રરૂપણાનાં પાન કરાવવા, પ્રભાવશીલ વિકાસ સાથે સંકળાયેલ હોય છે, તેથી સમાજનાં જીવન અને સંસ્કાર ઘડવાને અને સબળ કરવાને આ અંગ વિકસાવવું જ રહ્યું. જ્યાં સુધી જ્ઞાન અને સંસ્કાર માટે આપણા હૃદયમાં પ્રેમ અને માન ન ઉપજે ત્યાં સુધી આપણાં જીવનધ્યેય ઉપરછલ્લાં જ રહેવાનાં.

એક વાત ન ભૂલશો કે, ભૂતમહત્તાના લોકસ્મરણોમાં અને તેનું જતન કરવામાં સામુદાયિક કાર્યશક્તિના અને ભાવી સાફલ્યતાનાં મૂળ છે. જો એ મૂળીયાં સુકાવા દેશો તો રહેશે માત્ર થડ, જેને નથી થવાના ફળ અને ફુલ, અને જો એમ થશે તો સમાજને આત્મદર્શન કરવાની કળા કયાંથી વિકસશે ? જગતને પોતાની ચૂડમાં આજે પકડી બેઠેલા જડવાદનું ઝેર ઉતારવાનું આધ્યાત્મિક સામર્થ્ય કયાંથી પ્રગટશે ?

કારણ કે સિદ્ધિ આત્મબળને વરે છે. જેનામાં અદમ્ય ઉત્સાહ, અડગ સંયમ અને સ્વ–સમર્પણ કરવાનો સંકલ્પ હોય તેને સફળતા વરેલી છે. બળહીન હોય તેને આત્મસિદ્ધિ કદી સાંભળી છે ? બીજમાંથી ઉત્પન્ન થયેલા છોડને જતન કરી વિકસિત બનાવવામાં આવે તે જેવું નવપલ્લવિત અને ઘટાટોપ બને છે તેવું જ આત્મસિધ્ધિવાંછુ જીવની વૈરાગ્યભાવના માટે વિચારવું રહ્યું. આજ માનવહૃદય ભૌતિકતાનું બંદી છે. એને મનુષ્યોએ બનાવેલા નિયમ–બંધનોએ જકડી રાખ્યું છે. અને તે માનવની સહજ ભાવનાઓને ગૂંગળાવવા માટે ખુદ માનવીએજ સરજેલ છે. આજે માનવહૃદય સમાજે બનાવેલ વિધિનિષેધોના તિમિરમાં રૂંધાયેલ છે, અને અનેક પ્રકારની કલ્પનાઓ વગેરેથી એનું અંગેઅંગ જકડાયેલ છે. જનતાને માટે રાજ્ય જો સન્માર્ગગામી હોય તો આત્મિક દરિદ્રતા અને દુર્બોધતા એને માટે શરમજનક વસ્તુ છે. રાજ્ય સન્માર્ગગામી ન

હોય તો કેવળ ધન કે પદની પ્રાપ્તિ શરમજનક વસ્તુ બને છે. જનતાનું કલ્યાણ એજ કલ્યાણરાજ્યનો મહાન ઉદ્દેશ છે. શાસનનો ઉદ્દેશ જનતાનું કલ્યાણ, જનતાની સમૃદ્ધિ. જનતા સાધ્ય છે, સાધન નહિ. રાજ્ય જનતા માટે છે તો જ તે શાસક અને શાસિતો વચ્ચેના ભેદને મીટાવી શકે છે. સદ્ગુણોથી જનતાનું નેતૃત્વ કરવાથીજ જનતા નૈતિકતાનો આભાર માનશે.

વૈભવ, વિલાસ અને લાલસાથી જગતને શું વેઠવું પડયું છે અને વેઠે છે તેની સાક્ષી આપણા ઈતિહાસના પાને પાના પૂરે છે. અધ્યાત્મવાદી જીવને સમૃદ્ધ આંતરવૈભવ પ્રાપ્ત થાય છે. તે જ તેની જીવનયાત્રા સફળ કરવાનું ક્ષેત્ર અને સાધન બને છે. કારણકે આત્મસિદ્ધિ પાસે સકળ સમૃદ્ધિ ફોગટ છે. તેથીજ આજે રાજ્યધુરા વહન કરનારાઓને નમ્રભાવે કહું છું કે આત્માર્થી જીવોનો છેદ કરશો નહિ. એના પર કોઈને જંજીરો બાંધવા દેશો નહિ. એને કર્તવ્યભાવનાની ઉષ્મા આપજો. સુપથગામીઓના જ્વલંત ઉદાહરણોથી એમના પર અમીસિંચન કરજો. તેમની કાર્યવાહીથી ગભરાશો નહિ. ઐહિક તૃપ્તિથી વિમુખ રહેજો. જગતના પ્રલોભનો અને ડરામણોથી એમને બેપરવા બનવા મદદગાર થજો. સૂક્ષ્મ બનેલી સ્વાનુભવશક્તિથી સમૃદ્ધ થયેલા તેમના આંતરવૈભવને સ્પષ્ટરૂપે અને અને નિઃસંકોચપણે સમાજમાં મૂર્ત કરજો. તેમને આત્મશ્રદ્ધાથી ચળાવશો નહિ. તો જ માનવીઓને અપૂર્વ થવાનું સામર્થ્ય તે આપી શકશે, અને આત્મસિદ્ધિના શિખર પર તમને પણ લઈ ગયા વગર રહેશે નહિ. સુજ્ઞેષુ કિં બહુના !

❋ ❋ ❋

પુત્રીનો વિવાહ કરવાના વિચારવાળા દામોદરભાઈએ બીજી જરૂરી માહિતી મેળવી લઈ છેવટનો પ્રશ્ન પૂછયો.

' હેં મગનભાઈ ? ' તમારા દીકરાને પગાર કેટલો મળે છે ?

પગાર તો દામોદરભાઈ, સરકારી ધોરણ મુજબ મોંઘવારી સાથે રૂપિયા સવાસો મળે છે, પણ લાલચંદ કળાકળિયો રહ્યો એટલે મહિને બીજા સવાસો-દોઢસો ઉપરથી પાડે છે, મગનભાઈએ જવાબ વાળ્યો.

ઉપરથી ( ગેરરીતિથી ) પૈસા પાડવા ( મેળવવા ) એ જાણે સ્વાભાવિક વસ્તુ બની ગઈ હોય, એટલું જ નહિં, પણ એ એક લાયકાતનો ગુણ હોય એવા ખ્યાલવાળા મોટા જનસમુદાયમાંના એક દામોદરભાઈ પણ હતા, તેમણે મગનભાઈને કહ્યું.

' મહારાજને બોલાવો એટલે આપણે ગોળ ખાઈએ ( વેવિશાળ જાહેર કરીએ ), તમારા જેવું ખાનદાન (?) કુટુંબ અને લાલચંદ જેવા હોંશિયાર, જમાઈ અમને બીજે કયાં મળવાના હતા ! આ છે આપણું આજનું સામાન્ય નૈતિક ધોરણ !

❋ ❋ ❋

કોલંબસ પહેલો સમાજવાદી હતો, તેવી વાત સમાજવાદના વિરોધપક્ષ તરફથી પ્રચલિત થઈ છે, અને તેને તેમ ગણવા માટે નીચે મુજબ કારણો દર્શાવવામાં આવે છે:

જ્યારે તે સફરે નીકળ્યો ત્યારે તેને કયાં જવાનું છે તે, તે જાણતો ન હતો, તે ત્યાં પહોંચ્યો ત્યારે પોતે કયાં છે તેની તેને ખબર ન હતી, જ્યારે તે પાછો આવ્યો ત્યારે તે કયાં જઈ આવ્યો તે તેને માલુમ ન હતું આ બધું તેણે ઉછીના પૈસાવડે કર્યું હતું !

# ✽ વીતરાગની ભક્તિનો અપાર મહિમા ✽

**શ્રી હરિલાલ ડી. શાહ** બી. એ. — **અમદાવાદ**

**આ** વિષમકાળમાં ભારતના છએ દર્શનો પૈકી મુખ્ય પ્રચલિત દર્શનો સંસારસમુદ્રમાંથી તરવા માટે ભક્તિમાર્ગને મુખ્ય આધારરૂપ માને છે. જૈનદર્શન પણ ભક્તિમાર્ગ ઉપર ખૂબ ભાર મુકે છે. પણ આ બુદ્ધિવાદના જમાનામાં સહજ પ્રશ્ન એ થાય છે કે, 'વીતરાગ ભગવાન જગતના કર્તા નથી. રાગ દ્વેષ રહિત છે. તેમની ભક્તિ કરનારા ઉપર તેઓને રાગ નથી. અને ભક્તિ ન કરનાર અગર નિષેધ કરનારા તરફ દ્વેષ નથી તો પછી તેમની ભક્તિ અગર નામસ્મરણ વગેરેથી' લાભ કઇ રીતે સંભવે ? એક તરફની પ્રીતડી કેમ હોઇ શકે ? ભગવાનનું નામસ્મરણ કરવા છતાં ભગવાન આપણાં દુઃખો દૂર કરવાની અગર સંસાર-સમુદ્રમાંથી તારવાની જવાબદારી શ્રી ભગવદ્દગીતામાં શ્રી કૃષ્ણચંદ્રજીએ લીધી છે, તેવી લેતા નથી તો શાસ્ત્રમાં ભક્તિમાર્ગ તરફ આટલો બધો ભાર કેમ મુકયો હશે. શ્રી ભગવદ્દગીતાના કર્તાએ તો શ્રી કૃષ્ણના મુખદ્વારા નીચેના શ્લોકમાં સંપૂર્ણ જવાબદારી ભગવાને લીધી છે, તેની ખાત્રી આપી છે.

**सर्वधर्माणि परित्यज्य मामेकं शरणं व्रज ।**
**अहं त्वां सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुच ॥**

શ્રી કૃષ્ણ અર્જુનને એમ કહે છે કે, 'હે અર્જુન, તું બીજા બધા ધર્મ, બીજી બધી પ્રવૃત્તિઓ, અગર સંકલ્પો-વિકલ્પો છોડી દઈ એક મારા શરણે આવ. અને હું તને તારા તમામ પાપમાંથી બચાવી લઇશ.' સંસારસમુદ્રના તાપથી કંટાળેલો જીવ સહજ રીતે ભગવાનના શરણે જવા પ્રેરાય એ સ્વાભાવિક છે, વીતરાગદર્શન આવી રીતના સમર્પણને માને છે. પણ તે ન્યાય, બુદ્ધિ અને તર્કયુક્ત રીતે છે. કેમકે શ્રી ભગવદ્દગીતાના ભગવાન જગતના કર્તા છે જ્યારે વીતરાગદર્શનના ભગવાન જગતના કર્તા નથી, પણ દ્રષ્ટા છે, તેમજ માર્ગદર્શક છે. એટલે જે માર્ગદર્શક હોય તેમનો માર્ગ બુદ્ધિગમ્ય અને ન્યાયયુક્ત હોય તો જ જીવો સ્વીકારે.

વીતરાગ ભગવાન પોતાના શરણે આવવાનું કહે છે, પણ તેમના સ્થૂલ શરીરના શરણે નહી, પરંતુ તેમના જ્ઞાનના શરણે આવવનું કહે છે. તેમનું જ્ઞાન શું કહે છે તેના ઉપર જરા દૃષ્ટિ કરી પછી આગળ વધીએ. એ જ્ઞાન એમ કહે છે કે, જગતના તમામ જીવો નિશ્ચય દૃષ્ટિએ સ્વતંત્ર છે. દરેક જીવ પોતે સ્વયંભૂ છે. પરવસ્તુ કે જડનો આશ્રય તેને લેવાનો હોય તો તેની સ્વતંત્રતા હણાય, અનાદિકાળ નિગોદમાં નારકીમાં રખડયો છતાં આત્માનો એક પ્રદેશ ઓછો થયો નથી. જો પરના આશ્રયે આત્માનું અસ્તિત્વ ટકી રહેવાનું હોત તો અનંતકાળ રખડયા પછી આત્મા ઘરડો થઈ જાત, આત્મા પોતે સ્વતંત્ર દ્રવ્ય છે, જડ એ પણ સ્વતંત્ર દ્રવ્ય છે, કોઇ દ્રવ્ય બીજા દ્રવ્યનું સ્વામી હોઈ શકે જ નહી. જ્યાં દ્રવ્યના ચિંતનમાંહે પણ પરદ્રવ્યનું સ્વામિપણું છે. ત્યાં સુધી તે દ્રવ્ય શુદ્ધ નથી, આત્મા આત્મામાં છે અને જડ જડમાં છે. મતલબ કે વિકલ્પનો એક અંશ પણ આત્માનો સ્વભાવ નથી. આત્મા તો નિર્વિકલ્પ અને આનંદઘન અજર-અમર દ્રવ્ય છે. વીતરાગ ભગવાને આ રીતે દરેક આત્માની સ્વતંત્રતા સમજાવી પર-વસ્તુની બેડીમાંથી મુક્ત થવાનું જ્ઞાન આપ્યું, પણ અનાદિકાળના કષાયોથી લેપાયેલો જીવ એમ ઓછો સંકલ્પ-વિકલ્પ કર્યા વગર રહેવાનો છે. વીતરાગ ભગવાનની જાણ બહાર આસક્તિ હોય જ નહિ. અને તેથી તેમણે વ્યવહારમાર્ગ સૂચવ્યો અને તે એ કે જેમણે જેમણે પોતાના આત્માને સ્વરૂપમાં સ્થિર રાખી સ્વતંત્ર અને સ્વયંભૂ બનાવ્યા છે તેમનું નામ-સ્મરણ કર. એક વાર સ્વયંભૂ થવાનો આદર્શ નક્કી કર્યા પછી નામસ્મરણ કરવાથી આત્મા સ્વતંત્ર છે તેની સતત જાગૃતિ રહેશે. આ જાગૃતિ જેમ જેમ વધતી જશે તેમ તેમ સંકલ્પ-વિકલ્પો સમાતા જશે. અને બાહ્ય પ્રવૃત્તિઓ ઉપરથી રૂચિ સહજ ઘટતી જશે. આત્માના પ્રદેશો જે વર્તમાનમાં ચરૂમાં ઉકળતા પાણી જેવા છે તે સ્થિર અને શાંત થતાં આત્મા ક્રમે ક્રમે પોતાના ગુણસ્થાને વધતો જશે. અમુક ગુણ-સ્થાન વટાવી ગયા પછી તો વીતરાગ ભગવાનના

નામસ્મરણુ કરવાની પણુ જરૂર નહીં રહે. કેમકે સ્વતંત્ર આત્માને તેટલા પરિશ્રમની જરૂર નથી. જે જેનું ચિંતન કરે તે તેમય થઈ જાય એ સત્યનો પ્રત્યક્ષ અનુભવ થશે. આ તો તત્ત્વદૃષ્ટિએ વિચાર કર્યો પણુ તત્ત્વનું જ્ઞાન ન હોય અગર રસ ન હોય તો શું વીતરાગનું નામસ્મરણુ કરવાનો તેમને અધિકાર નથી? અલબત્ત છે.

આ જડવાદના જમાનામાં પરમાણુઓની શકિતથી ભાગ્યેજ કોઈ અજાણ્યો હશે. રેડીયો, ટેલીફોન, અણુબોમ્બ વગેરેની શકિત કેટલી છે તેની માહિતી કેળવાયેલ વર્ગને તો ખાસ થઇ જ ચૂકી છે. અમેરીકાના પ્રમુખ પાંચ હજાર માઈલ દુરથી ભાષણુ કરતા હોય તો તે જ ક્ષણે આપણે અહિં બેઠા સાંભળી શકીએ છીએ. ટેલીવીઝનની શોધથી તેમના સ્થુલ શરીરનો ફોટો પણુ જોઈ શકાય છે. રેડીઓ દ્વારા ઘરમાં બેઠા આખા જગતના સમાચારો સાંભળી શકીએ છીએ. આત્માની તેના ક્ષેત્રમાં જેમ અનંત શક્તિ છે તેમ પરમાણુઓની પણુ શક્તિ છે. શરીરના ભાષાના તથા મનના પણુ પુદ્ગલો છે. ચોવીસે કલાક શરીરના પુદ્ગલો કામ કરે જ જાય છે. પુદ્ગલ શબ્દનો અર્થ "પુદ્" એટલે પોષવું અને "ગલ" એટલે ગળી જવું. પોષવાનો અને ગળી જવાનો સ્વભાવ છે જેનો, તેનું નામ પુદ્ગલ. શરીર પોષાય છે તેમ તેનું ગલન-નાશ પણુ થાય છે. આ બંને ક્રિયાઓ સાથે સાથે થાય છે. બચપણુમાં અને યુવાવસ્થામાં પોષણુ પ્રવૃત્તિ વિશેષ અને ગલતીનું પ્રમાણુ ઓછું હોય છે. જ્યારે ગલતીનું પ્રમાણુ વધારે અને પોષણુનું પ્રમાણુ ઓછું થાય ત્યારે ઘડપણુ આવે છે. આની વિશેષ સમજ માટે વૈજ્ઞાનિકોએ શોધખોળ કરી છે જેના પરિણામે ઘરમાંથી ચોર ચોરી કરીને ચાલ્યો જાય અને જેના ગયા પછી અમુક સમયમાં તે સ્થાનનો ફોટો લેવામાં આવે તો ચોરનો ફોટો આવી શકે છે. કેમ કે તે તેના શરીરના પુદ્ગલો મૂકતો ગયો છે. સંતપુરુષોની પધરામણી ઘરે કરવાનું પ્રયોજન પણુ આજ છે. તેઓના પવિત્ર પુદ્ગલોથી ઘરનું વાતાવરણુ પવિત્ર બને. આ ઉપરથી સ્પષ્ટ સમજાશે કે શરીરના પુદ્ગલોનું દ્રવણુ ચોવીસે કલાક ચાલુ છે. ભાષાના પુદ્ગલોની શક્તિ તો હવે અજાણુ રહી જ નથી. મનના પુદ્ગલો શું કામ કરી રહ્યા છે તે જાણુવાની વિજ્ઞાનીઓ શોધ કરવામાં અમુક અંશે સફળ થયા છે. સાક્ષીદાર સાચું બોલે છે કે જુઠું તે જાણુવા માટેનું યંત્ર શોધી કાઢ્યું છે. મનુષ્યનો કુદરતી સ્વભાવ સાચું બોલવાનો છે. જુઠું બોલવા માટે કૃત્રિમતા કરવી પડે છે. ફોટામાં સીધો લીસોટો દેખાય તો તે સાચું બોલે છે અને વળાંક આવે તો જુઠું બોલે છે એમ મનાય છે. આટલું વિષયાંતર મૂળ વિષય સમજવા માટે કરી હવે મૂળ વાત ઉપર આવીએ છીએ. ભગવાનના નામરટણુના શબ્દો એ પુદ્ગલો છે. એ પુદ્ગલો તેના ઉચ્ચાર સાથે ચૌદ રાજલોક સુધી પહોંચી જાય છે. અહીં એક સિદ્ધાંત કામ કરે છે. સજાતીય વસ્તુ સજાતીય વસ્તુને આકર્ષી લાવે છે. જેમ તલાવમાં એક કાંકરો નાખવામાં આવે તો તેના વર્તુળો થતા થતા કિનારા સુધી પહોંચે છે, અને પાછા ફરી જે ઠેકાણે કાંકરો નાખ્યો હોય ત્યાં આવી સમાઈ જાય છે તે સિદ્ધાંત અનુસાર લોભના વિચારો કરીએ તો એવા પ્રકારના પુદ્ગલો ખેંચી લાવી લોભને પોષણુ આપીએ છીએ. ક્રોધના વિચારો કરવાથી ક્રોધ વધારતા જઇએ છીએ, એ વિષયના વિચારો કરવાથી વિષયને મજબુત બનાવતા જઇએ છીએ. વીતરાગના વિચારો કરવાથી તથા તેમનું નામ-સ્મરણુ કરવાથી વીતરાગભાવમાં ઉમેરો કરીએ છીએ. પ્રશ્ન એ થાય છે કે–વીતરાગ ભગવાન કર્મથી રહિત છે. તે તો ચૈતન્યમૂર્તિ છે, ભાષાના પુદ્ગલો તેમની પાસેથી શું ખેંચી લાવે? અલબત્ત, ભગવાન રાગ-દ્વેષ રહિત છે, પણુ પત્થર જેવા તો નથી જ. તેમની પાસે જે હોય તે વસ્તુ માગવામાં આવે તો તે ખુલ્લી જ પડી છે. સૂર્ય જેમ કોઇને ઓછો અગર કોઇને વધુ પ્રકાશ આપે એવું કરતો નથી, કેમ કે પ્રકાશ આપવો તે તેનો સ્વભાવ જ છે. એટલે જેને પ્રકાશ જોઇતો હોય તેને તેના અભિમુખ થવું જોઇએ. તેવી રીતે ભગવાન અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્રવાલા સ્વભાવે છે, તે ગુણો તેમણે જાહેર માટે ખુલ્લા મુકેલા છે. તે મફત મેળવી શકાય છે. શરત માત્ર એટલી જ છે કે તે મેળવવા માટે

જેટલા પ્રમાણમાં આપણા ભાવ હોય તથાપ્રકારનો પુરૂષાર્થ હોય તો જરૂર મળે છે. ભાવથી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે, એમ જ્ઞાનીઓએ કહ્યું છે. તે તદ્દન વૈજ્ઞાનિકદૃષ્ટિએ સત્ય છે. જૈનદર્શન પ્રમાણે જીવ જેવા ભાવો કરે છે તેવો થઈ શકે છે. વીતરાગદર્શન આત્માની સંપૂર્ણ આઝાદી કોઈની જરા પણ દયા ઉપર છોડી દેતું નથી. અને વૈજ્ઞાનિક રીતે પ્રભુભક્તિ અને જપનો મહિમા સમજાવે છે. પણ આ વાત તો પરમાણુઓની શક્તિ જેઓ સમજતા હોય, તેમના માટે થઈ. જેઓ તત્ત્વ જાણતા નથી અગર જેમણે પરમાણુની શક્તિનો ખ્યાલ નથી તેઓને નામસ્મરણ કરવાથી શું ફાયદો ન થાય? અલબત્ત થાય. જો શ્રદ્ધા હોય તો જ્ઞાન કરતાં શ્રદ્ધાનું મૂલ્યાંકન જરાય ઓછું નથી. શ્રદ્ધા જે ફળ આપે છે તે ફળ શ્રદ્ધા વગરનું જ્ઞાન આપતું નથી. ભમરો ઇયલની આજુબાજુ સતત ગુંણ ગુંણ શબ્દના અવાજનો પટ આપ્યે જ જાય છે. તેને ખબર નથી કે ઇયળ ભમરો શી રીતે થશે? છતાં તાજુબીની વાત એ છે કે આવા સમજ વગરના ગુંણ ગુંણ અવાજથી ઇયળ ભમરો બની જાય છે. ભમરાની એક જ ભાવના છે કે ઇયળને પોતાના રૂપે બનાવવી એટલે શ્રદ્ધાનું બળ વધારે છે. પણ આવી સાચી શ્રદ્ધા ક્યારે પ્રગટે? સંસારના તાપથી વૈરાગ્ય જાગ્યો હોય ત્યારે જ ભૂતકાળ અને ભવિષ્ય કાળ તરફ જીવનો વિચાર દોડે, આ જીવ અનંતો કાળ સૂક્ષ્મ નિગોદમાં, એકેન્દ્રિય, બેઇન્દ્રિય ઇત્યાદિ યોનિમાં રખડ્યો. સુખ મેળવવા માટે તેણે અનંતા ભવમાં વલખા માર્યા પણ સુખ ન મળ્યું અગર તો સુખ છોડીને મરણને ભેટવું પડ્યું. અત્યારે પણ સાચો માર્ગ ગ્રહણ કરવામાં નહીં આવે તો જીવ પાછો ક્યાં ભટકાશે તેની ખબર નથી. દેવોને પણ દુર્લભ એવો મનુષ્યભવ શાથી માનવામાં આવ્યો છે. વિવેકની, સારાસારની, લાભાલાભની, તુલના કરવાની મનુષ્યને શક્તિ વિશેષ હોય છે, તેથી જ મનુષ્યભવની વિશિષ્ટતા છે. અનંત કાળચક્રમાં સો વરસનું મનુષ્યના આયુષ્યનું પ્રમાણ કાઢી શકાય નહી, તો એક ભવ વીતરાગ ભગવાને દર્શાવેલા માર્ગનો અખતરો કેમ ન કરવો? તેમને ખોટો માર્ગ બતાવવાનું કાંઇ કારણ હોય જ નહિં. આવા વિચારોના મંથનથી વૈરાગ્યબુદ્ધિ જાગે છે. વૈરાગ્ય સાથે સમર્પણભાવે વીતરાગની ભક્તિ અગર સ્મરણ કરતાં કર્મની નિર્જરા થતાં સહજભાવે આત્મા પોતાનું સ્વરૂપ પ્રાપ્ત કરે છે, અર્થાત્ આત્મા સંપૂર્ણ સ્વતંત્ર બને છે. એમ કહેવાઈ રહ્યું છે કે, સેંકડો માણસો વર્ષોના વર્ષો સુધી જાપ કરે છે છતાં તેમને જરા પણ લાભ થયાનું અગર તેમની પ્રકૃતિમાં ફેરફાર થયાનું જોવામાં આવતું નથી, આ શંકા યોગ્ય નથી. જ્યાં એક બાજુ જાપ ચાલતા હોય, ત્યાં બીજી બાજુ મન નિરંકુશપણે સંકલ્પ-વિકલ્પનો ઘોડો દોડાવતું હોય ત્યાં આ પ્રમાણે જરૂર બને. સંકલ્પ-વિકલ્પના પુદ્‌ગલો તેવા પ્રકારના પુદ્‌ગલો આકર્ષી વાતાવરણ જુદું ઉભું કરે છે. જાપ તરફના ભાવ કરતાં સંકલ્પ-વિકલ્પના ભાવમાં રસ વધારે હોવાથી તેનું પ્રાબલ્ય વધારે હોય છે. આથી અસર થતી નથી. બલ્કે નિરંકુશપણે તરંગો માટે ટાઈમ લીધેલો હોવાથી નુકશાન થવાના સ્થાનો વધારે છે. આમાં કંઇ સિધ્ધાંતનો દોષ નથી. શ્રધ્ધા હોય ત્યાં વિકલ્પોનું પ્રાબલ્ય ઓછું હોવું જોઇએ.

❀ ❀ ❀

**પહેલા વિશ્વયુદ્ધના શરૂઆતના દિવસોમાં આફ્રિકાના મધ્યભાગમાં આવેલા બ્રિટિશ મથકના કોઇ અધિકારીને તેના ઉપરી તરફથી બીનતારી સંદેશ મળ્યો; ' યુદ્ધ જાહેર થયું છે તમારા પ્રાંતના બધા દુશ્મનોને કેદ કરો ! '**

**ત્યારપછી થોડા સમયે ઉપરી અધિકારીને નીચે મુજબ તારથી જવાબ મળ્યો; ' સાત જર્મનો, ત્રણ બેલ્જીયનો, બે ફ્રેન્ચો, ચાર ઇટાલિયનો, એક ઓસ્ટ્રિયન તથા એક અમેરિકનની ધરપકડ કરવામાં આવી છે. આપણે કોની સામે યુદ્ધની જાહેરાત કરી છે તે કૃપા કરીને જણાવો ! '**

# જ્ઞાન ગોચરી

આ વિભાગમાં અખબાર કે માસિકો વગેરેમાંથી ઉધ્ધૃત કરી લખાણો સાભાર અને સૌજન્યભાવે પ્રગટ કરીએ છીએ. સં૦

## કેસરમા

**એ** એક દિલેર દિલની ઓરત હતી. છપ્પનીઓ દુષ્કાળ ચાલતો હતો. વરસાદ થયેલ નહોતો. પાણીની મહામુશ્કેલી હતી. ગરીબો અને મજૂરવર્ગને જો કે મહામુસીબતે, ધાન્ય મળી રહેતાં, પરંતુ પાણી તો કોઈ ભાગ્યે જ પાતું હતું. ચૈત્ર–વૈશાખના ધૂમ તડકા પડતા અને ગરમાગરમ પવનની લૂ ઝરતી. પસીનાથી સૌ કોઇ વિના મહેનતે નીતરી રહ્યા હતા. પાણી તો પ્રજાની આંખોમાં દેખાતાં હતાં. ગરીબનો બેલી કોણ? રાંક બિચારા ભિખારીને પાણી કોણ પાય? કેસરમાનું હૈયું પાણીનાં દુઃખો દેખી હલબલી ઊઠ્યું. વિચાર કર્યો કે, મારે ગરીબોને માટે આ કાયા ઘસી નાખવી, પરંતુ કોઇ પણ તરસ્યો મારે ત્યાંથી પાછો ન જ જવો જોઇએ.

કેસરમા રોટલો પણ આપે, અને પાણી તો આપે, આપે ને આપે જ. ગરીબ–રંકને આપે, મજૂર કે ગાડાવાળાને આપે, અને ઢેઢ–ભંગીને પણ આપે. ઢેઢ–ભંગીને ખોબેથી પાય એ વાત આડોશી–પાડોશીને ન ગમે, પરંતુ કેસરમા તે કેસરમા.

કેસરમાએ કાયાને ખૂબ કષ્ટ આપ્યું, પરંતુ આ તૃષાતુરોની ભલી દુઆ આશિષ લીધી હતી. કેસરમાને સૌ કોઇ ઓળખે. કોઇ શ્રીમંતને ઘેરથી પણ પાણી નહોતાં પાતાં. શ્રીમાનો પણ કોઇ તૃષાતુર આવીને પાણી માગે તો તે પણ કેસરમાને ત્યાં મોકલે. કેસરમા તો સૌ કોઈને પ્રેમથી જ પાણી પાય. અત્યારે તો પાણીનો સુકાળ છે. જામશ્રી રણજિતસિંહજીએ રણજિતસાગર, જે ચોરસ બાર ગાઉના તો વિસ્તારવાળું મોટું તળાવ છે, ત્યાંથી નળ વાટે હવે તો પાણી જોઇએ તેટલું મળી જ રહે છે. એટલે હવે પાણી પાવાના પુણ્યની મહત્તા ઓછી થઈ ગયેલી છે, પરંતુ છપ્પનીઆ દુકાળમાં પાણીની કિંમત બહુ જ મોંઘી હતી. તે સમયે કેસરમાએ રંગ રાખ્યો હતો. આ કેસરમા ઝવેરી ઝાંપામાં રહેતા હતા. જાતે ઓશવાળ વાણિયા. ખુદ જામનગરમાં રહેતા. આજ પણ સૌ કોઇ કેસરમાને યાદ કરે છે. સ્થિતિનાં ગરીબ પણ દિલનાં દિલાવર. આજે પણ એના વંશવારસો કોઇને પાણીની ના પાડતા નથી.

આ કેસરમા કેટલા નીડર અને સાત્ત્વિક હતા તેનો એક જ દાખલો જાણવા જેવો છે. ઘરમાં દળવા માટે ઘંટી રાખેલી હતી. આજની પેઠે મિલો અનાજ નહોતી દળતી, એટલે કે ઘંટી પણ જાતે જ દળતા હતા. ઘંટી પાસે એક સર્પનું દર હતું. તેમાં સર્પ હંમેશાં રહ્યા જ કરતો. સર્પ જીવતો હતો, પરંતુ કોઇને કરડતો નહોતો, તેમ ભય પણ પમાડતો નહોતો. સદાય એક જ જગ્યાએ જોગીની પેઠે, કેમ જાણે આ-

સન ન લગાવ્યું હોય તેમ પડયો રહેતો. ઘંટી દળતી વખતે માંચીના બેસવાના આસનથી એકાદ ફૂટને અંતરે તે સર્પ દરમાં પડયો રહેતો. દૂધ પાસે મૂકીને આપણે જો દૂર ખસી જઈએ, તો તે સર્પ બહાર આવીને દૂધ પી જતો, પરંતુ નહોતો કોઇને કરડતો કે ડરાવતો. કેસરમા એમને ભાભાનો જીવ માનતા. ભાભા એટલે ઘરનો કોઈ વડીલ ગુજરી જાય અને જો તેની ઘર ઉપરની મૂર્છા ન છુટી ગઇ હોય અને તેવામાં ગુજરી જાય તો ભાભા નામની સર્પની જાતિમાં જન્મે અને ઘરમાં જ જીવન ગાળે. અત્યારે તો સૌ કોઈ સર્પથી દૂર જ ભાગી જાય. સર્પના તે વિશ્વાસ શા? એને તે ઘરમાં કેમ રખાય? છોકરાંને મોટેરાં બીજા મરે ને?

આ કેસરમા એક વખત નવે કૂવે, જે તળાવની પાળ પાસે આવેલ છે, ત્યાં પાણી ભરવા ગયેલા. ત્યાંથી એક હાથનો સર્પ નીકળતો મુસલમાનોનાં છોકરાંએ જોયો. તેઓ તો ચીંધી-ચીંધીને પાણાના ઘા કરવા મંડી પડયા. કેસરમા ધર્મે જૈન હતા. છોકરાંને બહુ બહુ સમજાવ્યાં કે, ભાઇ! તમો એને મારો નહીં એને જ્યાં જવું હોય ત્યાં સુખેથી જવા દ્યો. પણ છોકરા માને તો ને? છોકરાઓએ એક શરત મૂકી કે અમે એને ન મારીએ કે જો તમે એને તમારા ખોળામાં લઇ લીઓ તો! કેસરમાએ તો કેસરીઆનાથનું નામ લઇને ખોળો પાથર્યો, સર્પ પણ સમજી ગયો કે આ બાઇ મને બચાવી લેવા માગે છે. તુરત જ ખોળામાં આવીને નિર્ભયપણે બેસી ગયો. કેસરમા પણ પાણીનું બેડું કૂવા પર બીજી પનિહારીને સોંપીને સાપને ખોળામાં લઇને દૂર તળાવની પાળ ઉપર ચઢીને નિર્ભયસ્થાને છોડી આવ્યા. છોકરા તો જોઈ જ રહ્યા કે આ વાણિયાણી કેસરમા તો ભારે જબરા ને નીડર! જે ખુદાની ખલ્કતની રક્ષા કરે તેનો ખુદા વાળ વાંકો નથી થવા દેતો. એ બધા મુસલમાનોએ આશ્ચર્યની સાથે નજરોનજર જોયું. આવી હતી અમારી કેસરમા નીડર અને પરગજુ. ખાનદાન કુટુંબની પુત્રી હતી અને ખાનદાન પરંતુ ગરીબ કુટુંબમાં પરણી હતી. જાતમહેનતનું જીવન જીવીને પણ જે ધનિકો નહોતા કરી શકતા તે કામ આ કેસરમાએ કર્યું. આખો છપ્પનીઓ દુષ્કાળ, તેમાં વળી ચૈતર-વેશાખના લૂ ઝરતા તડકા પડે, પરંતુ આ કેસરમા કદી કોઈને પાણી પાતાં કંટાળ્યા નહોતાં. ધન્ય છે કેસરમાને!

—અચ્છાબાબા

*

## માનવતાલક્ષી લેખકોની માનવતા!

**થોડા** સમય પહેલા ભરાયેલા સાહિત્ય-સંમેલનમાંથી પાછાં ફરતાં થયેલાં અનુભવ વિષે લખતાં એક મિત્ર જણાવે છે કેઃ—

"ટ્રેઇનમાં પાછાં ફરતાં એક-બે એવાં બનાવો બન્યા કે જેમાં અમુક સારા ગણાતા સાહિત્યકારોની સ્વાર્થવૃત્તિ છતી થતાં મને દુઃખ થયું. ડબ્બાના મોટા અને નાના વિભાગને જોડતાં બારણાંને બંધ કરીને અમે દરેક સાહિત્યરસિકો નાના વિભાગમાં નિરાંતે બેઠેલા. સાથે બીજા લોકો પણ હતા. વચલું બારણું ખૂલે અને લોકો અમારી બાજુ આવે તો ભીડ થાય એ બીકે સાથેના લેખકભાઇઓ કોઇને એ બારણું ખોલવા દેતા નહોતા.

એવામાં એક ઉતારૂએ અમારા વિભાગમાંથી બીજી બાજુએ જવા માટે વચલું બારણું ખોલવા માંડયું. તેનો આ ભાઇઓએ સખત

વિરોધ કર્યો. રખે ને એકદમ ગીરદી થઈ જાય ને પોતાની ત્રણ કલાકની મુસાફરીમાં હેરાન થઇ જવાય તો ! પણ પેલા ઉતારૂએ પોતાનો આગ્રહ પકડી રાખ્યો. લેખકોએ પણ પોતાની જીદ ન છોડી. અને તકરાર વધુ ઉગ્ર સ્વરૂપ લેવા માંડી. લેખકભાઇઓએ બારણું એટલા જોરથી પકડી રાખ્યું કે પેલા ભાઇનો પગ એ બારણા નીચે ઠીક સમય સુધી છુંદાઈ રહ્યો તોયે કોઈનાં દિલ ન હલ્યાં. ઉલ્ટાનું એમને એમાં પોતાનું પરાક્રમ લાગ્યું ! અંતે પેલો ઉતારૂ બારણું છોડીને ડબ્બામાંથી ઉતરી ગયો. ત્યારે આમાંના એક સુપ્રસિધ્ધ સાહિત્યકાર બોલ્યા કે, "અમારે તો આવા ગુંડાઓ સાથે જ હંમેશાં રહેવાનું હોય છે !"

"ટ્રેઈન આગળ વધી રહેલી. નિયત સ્ટેશને પહોંચવાને હવે દસ મિનિટ પણ નહોતી રહી ને પ્રવાસ જરા પણ અગવડ વગર પૂરો થવા આવેલો. ત્યાં એક આંધળો ભિખારી અમારી તરફના ડબ્બામાં ચડયો. અમારી પાસેથી કંઈ ન મળતાં એ બીજી બાજુ જવા માટે વચ્ચેનું બારણું ખોલવા ગયો. પરંતુ છેલ્લી દસ મિનિટમાં પણ ગીરદી વધતાં હેરાન થઈ જવાની બીકે આ લેખકોએ એને એ બારણું ખોલવાની 'ના' કહી. એમને એ વિચાર ન આવ્યો કે, હવે પછીનું છેલ્લું સ્ટેશન આવી રહ્યું છે, એટલે એને ભીખ મેળવવાનો પણ થોડો જ સમય છે. એમને એમ પણ ન થયું કે, બિચારા આંધળાને નીચે ઉતરીને પાછું ચડવામાં કેટલી તકલીક પડે !

"મેં એમને સમજાવ્યા. પણ તેઓ ન માન્યા ત્યારે મેં જાતે જઇને બારણું ખોલી નાંખ્યું. મને નવાઇ અને દુઃખ થયું કે માનવતાની વાર્તાઓ લખનારા (અને એ પર ઈનામો મેળવનારા !) લેખકો જ જો આટલી માનવતા પણ ન ધરાવે તો એમની કલમમાં પ્રાણ ક્યાં સુધી રહે ?"

સાધારણ રીતે સહૃદયી લેખાતા મનુષ્યો રેલ્વેની મુસાફરીમાં પોતાની સગવડમાં જરા પણ આંચ ન આવે એ હેતુથી એકદમ બદલાઈ જતાં દીઠા છે. આમ છતાં સાહિત્યલેખકો તો સહૃદયતાનો એક યા બીજી રીતે સતત ઉપદેશ આપતા હોય છે. એમને પણ જો આપણે રેલ્વે પ્રવાસ દરમ્યાન આવા હૃદયહીન થતા જોઇએ તો પ્રશ્ન થાય કે બિચારી માનવતાનો હવે કોણ હાથ ઝાલશે ?

[ પ્રબુધ્ધ જીવન ]

તત્વવેત્તા ડાયોજીનિસને હાડકાંના મોટા ઢગલામાં ધ્યાનપૂર્વક જોતો જોઇને મહાન સિકંદરે તેને પૂછ્યું: 'તમે શું શોધી રહ્યા છો ?' ડાયોજીનિસે જવાબ આપ્યો. 'હું તમારા પિતાનાં હાડકાં ખોળી રહ્યો છું, તેમનાં હાડકાં તેમના ગુલામોનાં હાડકાંમાંથી હું ઓળખી શકતો નથી !'

❋

મૂર્ખાઓ પોતાના અભિપ્રાયો ખરા જ, એમ જડતાપૂર્વક પકડીને જક્કી બન્યા છે, અને ડાહ્યાઓ પોતાના સત્યના પૂરેપૂરા આગ્રહી કે તેની ખાતર ફના થવા તૈયાર નથી.

❋

બૂરાઇને ભૂલી જજો ! ભલાઇને યાદ કરતા શીખજો !

# જૈનદર્શનનો કર્મવાદ

## —: અંતરાયકર્મ :—

માસ્તર ખુબચંદ કેશવલાલ - સિરોહી (રાજસ્થાન)

**આ** જગતમાં દાતાર, ભાગ્યશાળી, ભોક્તા અને બળવાનપણું દરેક જીવોનું સરખું હોતું નથી. કૃપણ, દરિદ્ર, ભિખારી કે નિર્બળ કહેવરાવવું કોઇને ગમતું નથી. દરેકને દાતા, સુખ–સામગ્રીના ભોક્તા અને તાકાતવાન થવું પસંદ છે, છતાંય સુખ–સગવડ અને ભોગ–ઉપભોગ સાધનો, અને શારીરિક શક્તિના સંયોગો દરેક જીવોને એકસરખા હોતા નથી. ઉપરોક્ત સામગ્રીઓ માટે દરેક જીવોનો એકસરખો પ્રયત્ન હોવા છતાં તે સામગ્રીઓ અંગે જગતના જીવોમાં ન્યુનાધિકતા શા માટે ? અરે ! કેટલાકને તો સુખ–સગવડની સામગ્રીઓ અને શારીરિક તંદુરસ્તી હોતે છતે પણ દાતારાદિ ગુણોની પ્રાપ્તિ થતી નથી. આ બધું શાથી ? તેનું કારણ જૈનદર્શનમાં અંતરાયકર્મનો ઉદય કહ્યો છે. આ અંતરાયકર્મ અંગે વિશેષ સ્પષ્ટતા આપણે વિચારીયે.

દાનાદિ ગુણોને દબાવનારૂં અંતરાયકર્મ. (૧) દાનાંતરાય, (૨) લાભાંતરાય, (૩) ભોગાંતરાય, (૪) ઉપભોગાંતરાય, અને (૫) વીર્યાંતરાય, એમ પાંચ પ્રકારે દર્શાવ્યું છે. અંતરાયકર્મના ઉદયે જીવ અદાતા, અલાભિ, અભોગી, અનુપભોગી, અને અશક્ત થાય છે. જ્યારે અંતરાયકર્મના ક્ષયોપશમે કે ક્ષયે આત્મા દાતાર, સુખ–સામગ્રી પ્રાપ્ત કરનાર, તેને ભોગવનાર અને શક્તિવાન થાય છે. અંતરાય–કર્મના ક્ષયોપશમથી ઉપરોક્ત ગુણો પ્રાપ્ત થાય છે, પરંતુ તે અધૂરા અને કદાચિત ક્ષયોપશમ ન્યુન થઈ જવાથી ગુણો પણ ન્યુન થઈ જવાવાળા છે, અધૂરા કેવી રીતે છે તે અંગે વિચારતાં સમજાશે કે; જીવ ધારે તો બધું જગત બીજાને આપી દઇ શકે છે એટલે સર્વથા ઇચ્છાપૂર્વક પોતે ત્યાગ કરી શકે, વળી આત્મા ધારે તો સમગ્ર જગત દ્વારા જેટલા ફાયદા મેળવવા હોય તેટલા મેળવી શકે, અને ધારે તો સમગ્ર જગત પોતાના ભોગમાં તેમજ ઉપભોગમાં લઈ શકે, અને ધારે તો આખા જગતને ઉથલ–પાથલ કરી શકે તેટલી પ્રત્યેક આત્મામાં શક્તિ છે. આત્માનું આટલું બધું સામર્થ્ય છે, તેટલું સામર્થ્ય બતાવવાની કોઇને જરૂર પડતી નથી, પરંતુ તેટલું સામર્થ્ય આત્મામાં પ્રગટ ન થાય ત્યાં સુધી અંતરાયકર્મનો ક્ષય નહિ પરંતુ ક્ષયોપશમ જ ગણાય.

સંપૂર્ણ સામર્થ્યની પ્રાપ્તિ એટલે અંતરાય કર્મનો ક્ષય ગણાય છે. સંપૂર્ણપણે પ્રાપ્ત કરેલ આત્મામાં દાનાદિ ગુણો પ્રવૃત્તિરૂપે હોતા નથી એટલે વ્યાવહારિક દાનાદિકને વિષે પ્રવૃત્તિ હોતી નથી, પણ તેઓને નૈશ્ચયિક દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્યલબ્ધિ હોય છે. તેઓમાં પરભાવ-પૌદ્‌ગલિક ભાવના ત્યાગરૂપ દાન, આત્મિક શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિરૂપ લાભ, આત્મિક શુદ્ધ સ્વરૂપના અનુભવવારૂપ ભોગ–ઉપભોગ અને સ્વ–સ્વભાવમાં પ્રવૃત્તિરૂપ વીર્ય હોય છે. આ પ્રમાણે અંતરાયકર્મના સંપૂર્ણ ક્ષયે પ્રાપ્ત થયેલ દાનાદિ ગુણો ક્ષાયિક યા નૈશ્ચયિક ગણાય છે. ત્યારબાદ તે આત્મા કરતાં અન્ય કોઈ આત્મામાં તે ગુણો અંગે વિશેષતા

સંભવી શકતી નથી.

અંતરાયકર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલ ક્ષાયિકભાવ દરેક આત્મામાં એક સરખો જ હોય છે. પરંતુ તે કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થતો ક્ષાયોપશમિકભાવ દરેક આત્મામાં અનેક પ્રકારનો હોય છે. અંતરાયકર્મના ક્ષયોપશમથી જીવ દાન આપે છે. ઈષ્ટ વસ્તુ પ્રાપ્ત કરે છે, ભોગ-ઉપભોગ સામગ્રીને ભોગવે છે, અને પોતાની તાકાતનો ઉપયોગ કરે છે, તે દાનાદિક ગુણો વ્યાવહારિક યા ક્ષાયોપશમિક કહેવાય છે. આ રીતે દાનાદિ ગુણો (૧) ક્ષાયિક યા નૈશ્ચયિક, અને (૨) ક્ષાયોપશમિક યા વ્યાવહારિક, એ પ્રકારે દર્શાવ્યા છે. એવી રીતે અંતરાયકર્મ પણ વ્યાવહારિક અને નૈશ્ચયિક એમ બે પ્રકારે છે તે વિચારીએઃ—

સ્વત્વ ઉઠાવી અન્યને આધીન કરવું તે દાન કહેવાય છે. આ દાનગુણને રોકનાર જે કર્મ તે દાનાંતરાય કહેવાય છે. તેમાં આપવાની ભાવના છતાં લેનાર ન મળે તે વ્યવહારથી દાનાંતરાય અને છતી શક્તિએ દાનનાં પરિણામ જ જાગે નહિ તેવી કૃપણતા (કપિલા દાસીની જેમ) તે નિશ્ચયથી દાનાંતરાય કહેવાય છે.

દરિદ્રપણું પ્રાપ્ત થવું, ધનહીનતા, કંગાલતા, દ્રવ્યપ્રાપ્તિ માટે થતાં ઉદ્યમની નિષ્ફળતા આ બધામાં વ્યવહારથી લાભાંતરાયનો ઉદય કહેવાય છે, અને લાભ પ્રાપ્ત થવાના સંયોગોમાં ઓચિંતુ વિઘ્ન થાય, દાતાર આપવાની ભાવનાવાળો હોય અને યાચક યાચવામાં કુશળ તથા ગુણવાન હોવા છતાં પણ દાતાર પાસેથી દાન મેળવી શકે નહિ તે (ઢંઢણમુનિ તથા ભગવાન ઋષભદેવની જેમ) નિશ્ચયથી લાભાંતરાયકર્મ કહેવાય છે.

જે વસ્તુ વારંવાર ભોગવી શકાય તે વસ્ત્ર પાત્ર-સ્ત્રી આદિ તે ઉપભોગ સામગ્રીને અંગે ઉપભોગાંતરાય કર્મ વ્યવહારથી અને નિશ્ચયથી ભોગાંતરાય કર્મની માફક જ સમજવું.

જેના ઉદયથી નિર્બલ યા દુબલા શરીરની પ્રાપ્તિ થાય તે વ્યવહારથી વીર્યાંતરાય કર્મ કહેવાય છે, અને રોગ રહિત યુવાવસ્થા અને બળવાન શરીર હોવા છતાં પણ કોઇ સિદ્ધ કરવા લાયક કાર્ય આવી પડવા વડે હીનસત્વપણાને લઇને તે કાર્ય સિધ્ધ કરવા પુરૂષાર્થ કરી શકે નહિ તે નિશ્ચયથી વીર્યાંતરાય કહેવાય. વ્યાવહારિક અંતરાયકર્મના ક્ષયોપશમથી દાનાદિને યોગ્ય સાધન-સામગ્રીની પ્રાપ્તિ થાય છે અને નૈશ્ચયિક અંતરાયકર્મના ક્ષયોપશમથી દાનાદિનાં પરિણામ જાગૃત થવા દ્વારા દાનાદિ કાર્યોમાં પ્રવૃત્તિ થાય છે, નૈશ્ચયિક અંતરાયકર્મ દાનદિ કાર્યની પરિણામે પ્રવૃત્તિ થવા દેતું નથી, જ્યારે વ્યાવહારિક નયથી અંતરાયકર્મ દાનાદિને યોગ્ય સાધન-સામગ્રીજ પ્રાપ્ત થવા દેતું નથી.

હવે એ પણ વિચારવું જરૂરી છે કે, દરેકને અંતરાયકર્મનો ક્ષયોપશમ હોવા છતાં પણ દાનાદિ ગુણો સરખા હોતા નથી. તેનું કારણ કોઇનો ક્ષયોપશમ મંદ હોવાથી તે ગુણો અલ્પ હોય છે, કોઇનો ક્ષયોપશમ થોડો વધારે હોવાથી તે ગુણો થોડા વધારે હોય છે, એમ ક્ષયોપશમ વધતાં વધતાં દાનાદિ ગુણો વધતા જાય છે. આ પ્રમાણે ક્ષયોપશમ વિશેષે દાનાદિ લબ્ધિઓના અસંખ્યાત ભેદો થાય છે. તેથી તે દરેકના-અંતરાયના પણ તેટલા જ ભેદો થાય છે. કારણકે અંતરાયનો ક્ષયોપશમ થતો હોવાથી જેટલા તે ક્ષયોપશમના ભેદો તેટલા જ તેના

# યોગબિન્દુ (ભાવાનુવાદ)

—શ્રી વિદ્દૂર

[ લેખાંક ૫ મો ]

ઉપર્યુક્ત સ્થિતિના પ્રતાપે જીવમાં સંસારનું અભિનંદન ટકી શકતું નથી. મુક્તિ પ્રતિ દ્વેષ રહી શકતો નથી. અને માત્ર અવિદ્યાપ્રેરિત પ્રવૃત્તિ બની શકતી નથી, પણ પોતાની અંશતો નિર્મળતાના યોગે તેની ઉચિત પ્રવૃત્તિ થાય છે.

જેમ સજ્જન મહાશયની અસત્પ્રવૃત્તિ થાય નહિ, તેમ આ યોગ્ય જીવની પણ અનુચિત પ્રવૃત્તિ ન થાય. ઘટિત પ્રવૃત્તિ થાય તેમજ તે પાપકાર્યમાં તીવ્રભાવે આસંગપૂર્વક પ્રવૃત્ત ન થાય. કારણ એને હવે તેનો રોષ હોતો નથી. સાથે જ એનામાં અવિદ્યાનું બલ ક્ષીણ થયેલ હોવાથી કુતર્ક અને અસદ્ગ્રહ રહી શકતા નથી. એથી જ એની વિપરીત બુદ્ધિ ચાલી ગયેલ હોય છે.

એ સમયે અલબત્ત ! તેના ઘટમાં વધુ પડતી ઉજાસ જળહળતી નથી. છતાં અવિદ્યાનું બળ ક્ષીણ થયેલ હોઇ, એનામાં વિપર્યાસ નથી. તેમજ તે જીવમાં સહજ નિર્મળતા પ્રગટ થયેલ હોય છે. એથીજ એ સહજતઃ ઉચિત પ્રવૃત્તિ કરે છે, એના કારણે તે તે શ્રદ્ધાદિ ગુણો પ્રાપ્ત થાય છે. માત્ર એ ગુણો વાસ્તવગુણપ્રાપક પૂર્વભૂમિકાના ગુણરૂપ જ હજી હોય છે.

આ સ્થિતિના પ્રભાવે તે તે અપુનર્બંધકાદિ દશા યોગ્ય અનુષ્ઠાનનું આરાધન થાય છે, અને એના યોગે વાસ્તવિક યોગની ક્રમશઃ સિદ્ધિ થાય છે.

સમજી શકાશે કે, જીવમાં તે તે સામગ્રીના યોગે તે તે પરિણામી બનવાની–તે તે પરિવર્તન પામવાની સ્વાભાવિક યોગ્યતા છે. તેથી જ તે અતિ અશુધ્ધ છતાં ક્રમશઃ અશુદ્ધિ દુર કરી વિશુદ્ધિ યોગ્ય બની શકે છે. અને અંતે સર્વથા વિશુદ્ધ પણ બની શકે છે, જેથી અશુદ્ધિનો પુનર્ભાવ પણ થતો જ નથી.

આમ છતાં આત્માદિ તત્ત્વોને સર્વથા અપરિણામી માની લેવામાં આવે. એટલે કે, એકાન્તતઃ ક્ષણિક યા નિત્ય માની લેવામાં આવે, કિંવા એકાન્તતઃ સત્ યા અસત્ માની લેવામાં આવે, તો યોગનો પ્રયત્ન કરવો નિરર્થક છે. પણ જો તેને તે તે રૂપે પરિણમનશીલ માનવામાં આવે, તો જ આત્મા તે તે રૂપે પરિણમનાર હોઇ, યોગની સાર્થકતા છે. જેના માટે ગ્રંથકાર મહર્ષિ જણાવે છે કે:—

**अेकान्ते सति यद्यत्न–स्तथासति च तद्वृथा ।**
**तत्तथायोग्यतायां तु, तद्भावेनैष सार्थकः ॥२०॥**

તાત્પર્ય એ છે કે, વસ્તુમાત્રમાં કથંચિત્ સત્ત્વ અને અસત્ત્વરૂપ પરસ્પર સાપેક્ષ ધર્મોનું અસ્તિત્વ હોય છે. જેથી એક જ વ્યક્તિમાં પિતૃત્વ અને પુત્રત્વ આદિરૂપ વિરૂધ્ધ ભાસતા પણ ધર્મોની હયાતી હોઈ શકે છે. અને તે પ્રમાણિક છે, તેમ વસ્તુમાત્રમાં પણ નિત્યાનિત્યત્વ અને સત્ત્વાસત્ત્વાદિરૂપ ધર્મોની અસ્તિતા હોઇ શકે છે.

જેમ એક જ વૃક્ષમાં શાખાવચ્છેદેન અને મૂલાવચ્છેદેન કપિનો સંયોગ અને અભાવ હોઈ શકે છે, તેમ વસ્તુમાં પણ તે તે અપેક્ષાએ વિરૂધ્ધ ભાસતા પણ ધર્મો હોઈ શકે છે.

માત્ર તે અપેક્ષા અબાધિત જોઈએ–પ્રામાણિક જોઇએ. જેમ એક જ દંડમાં અમુક અપેક્ષાએ ટુંકાપણું જણાતું છતાં, બીજાની અપેક્ષાએ લાંબાપણું પણ સમજી શકાય છે.

---

**અંતરાયના ભેદો છે. તેથી વ્યવહારનયથી અને અને નિશ્ચયનયથી અંતરાય પૈકી દરેક પ્રકૃતિઓના અસંખ્યાત ભેદો સમજવા. અને તેથી જ દાનાદિ લબ્ધિમાં અસંખ્ય પ્રકારો હોવાથી તે દરેકને એક સરખી હોતી નથી. અંતરાયકર્મનો સંપૂર્ણક્ષય કરનારા જ દરેક આત્મામાં દાનાદિ લબ્ધિઓ એક સરખી હોય છે.**

તેમ એક જ વસ્તુમાં અમુક અપેક્ષાએ નિત્યત્વ જણાવા છતાં, અમુક અપેક્ષાએ અનિત્યત્વ પણ સમજી શકાય છે. એ જ રીતે અમુક અપેક્ષાએ સત્ત્વનું અસ્તિત્વ છતાં, અન્ય અપેક્ષાએ અસત્ત્વ પણ હોઈ શકે છે.

વસ્તુમાત્ર દ્રવ્યત્વની અપેક્ષાએ નિત્ય છે. કારણ તે તે અવસ્થાના પરિવર્તનમાંય તે દ્રવ્ય અચલ છે. જેમ કટક-કંકણાદિ અવસ્થાના પરિવર્તનમાંય સુવર્ણત્વ સ્થિર છે તેમ વસ્તુમાત્રમાં નિત્યત્વ ધર્મ હોય છે. એ નિત્યત્વ એટલે કે વસ્તુના સ્વરૂપનું અચ્યવન. ભિન્ન-ભિન્ન અવસ્થાઓના પરિવર્તનમાંય મૂલસ્વરૂપની અચલતા.

સાથે જ વસ્તુમાત્ર પર્યાયત્વની અપેક્ષાએ અનિત્ય પણ છે. પર્યાય એટલે વસ્તુની તે તે અવસ્થા. વસ્તુમાત્ર પરિણમનશીલ છે. જેમ કાંચન યા માટી, તે તે રૂપે અનુવર્તનશીલ છતાં કટક, વલય, કંકણ, યા સ્થાસ, શિવક, ઘટ, આદિરૂપ ભિન્નભિન્ન અવસ્થાઓને પામે છે. તે તે અવસ્થારૂપે સ્વયમેવ પરિણમે છે, તેમ વસ્તુમાત્ર તે તે અવસ્થારૂપે પરિણમે છે, અને પોતાના મૂળરૂપે કાયમ પણ રહે છે.

આમ છતાં તેનું ધ્રૌવ્ય-નિત્યત્વ આપેક્ષિક જ ગણાય. કારણ યદિ નિત્યત્વ સર્વથા અચલિત જ હોય તો તેની અવસ્થાઓ પણ કેમ થાય ? એથી જ વસ્તુમાત્ર પરિણામી છે. આપેક્ષિક ધર્મયુક્ત છે.

આત્મા પણ અનુગામિ દ્રવ્યરૂપે નિત્ય છે, નર-નારકાદિ અવસ્થાઓનું પરિવર્તન થવા છતાં, આત્મા તો તેમાં અન્વયિ જ છે-અનુગત જ છે. ધ્રુવ જ છે. આમ છતાં નર-નારકાદિ અવસ્થાઓ તેવી જ છે તે આત્મા પોતે જ તે તે અવસ્થારૂપે પરિણમે છે. તેનો વ્યવહાર પણ તે જ પ્રકારે થાય છે. તેવી જ રીતે અનિત્ય પણ છે. કારણ, તે અવસ્થાઓ ધ્રુવ નથી તેનો આદિકાળ પણ છે, અને અંતકાળ પણ છે. તેથી જ તે અવસ્થાઓ અનિત્ય છે. એ અવસ્થાઓ, સૂક્ષ્મ પર્યાલોચના કરવામાં આવે તો ક્ષણવિનશ્વર પણ છે, અને સ્થૂલ-વ્યવહારૂ દૃષ્ટિએ અમુક સીમિત કાળસ્થાયી પણ છે, અવસ્થાઓથી અવસ્થાવંત સર્વથા અલગ નથી. બાલ્ય-કુમારાદિ અવસ્થાઓનાં પરિવર્તનમાંય ચૈત્ર-મૈત્રાદિ તે રૂપે જ હોય છે. વ્યવહાર પણ તે રૂપે જ અસ્ખલિત થાય છે, આમ છતાં એ ચૈત્ર-મૈત્રાદિ એ અવસ્થાઓથી અલગ હોતા નથી, તેથી જ તેના પરિવર્તનમાં તે પણ પરિવર્તન પામી શકે છે.

આ રીતે વસ્તુમાત્રમાં સ્વદ્રવ્યપર્યાયની અપેક્ષાએ નિત્યત્વ ઘટી શકે છે, અને પ્રામાણિક જ હોય છે.

એ જ રીતે વસ્તુમાત્ર સ્વધર્મની અપેક્ષાએ સત્ છે, જ્યારે પરધર્મની અપેક્ષાએ અસત્ છે.

જેમ ઘટમાં ઘટત્વ, પાર્થિવત્વ, દ્રવ્યત્વાદિ ધર્મોની સત્તા હોય છે, પણ પટત્વ કે જલત્વાદિ ધર્મોની સત્તા હોઇ શકતી નથી. કારણ, અગર ઘટમાં ઘટત્વાદિની જેમ પટત્વાદિ ધર્મોની સત્તા પણ હોય, તો ઘટ ઘટત્વાદિ ધર્મોથી જેમ સત્ છે, તેમ પટત્વાદિ ધર્મોથી પણ સત્ થઈ જાય. તેનો ઘટ ઇત્યાદિ નામની જેમ પટ ઇત્યાદિ નામથી પણ અબાધિત વ્યવહાર થાય. જેમ તે ઘટ જલાહરણાદિ ક્રિયાકારી છે, તેમ ત્વચારક્ષાદિ પટ-અર્થક્રિયાકારિ પણ બને, યદિ એમ હોય તો જેમ ઘટાર્થી મૃત્તિકાના આનયનમાં પ્રવૃત્તિ કરે છે, તેમ તંતુના ગ્રહણમાંય પ્રવૃત્ત થાય એટલે મૃત્તિકાથી જેમ ઘટ થાય છે, તેમ તંતુથી પણ ઘટ થઈ જાય.

આમ બનતું જ નથી, અન્યથા વ્યવસ્થા માત્ર લુપ્ત થઈ જાય તેથી જ માનવું પડશે કે, વસ્તુમાત્રમાં સ્વગતધર્મોની જ સત્તા હોય છે, પણ પરગતધર્મોની સત્તા હોતી નથી.

તેમાંય તેને અપેક્ષાની આવશ્યકતા રહે છે.

એક ઘટ અન્ય ઘટની અપેક્ષાએ ઘટત્વરૂપે એક છે, છતાં તે તે વ્યક્તિરૂપે ઘટનોય પરસ્પર ભેદ છે.

સાથેજ પરગત ધર્મોનું પણ બીજી વસ્તુમાં તે રૂપે અસ્તિત્વ નહિ હોવા છતાં વ્યાપક ધર્મોથી તેઓનું પણ અસ્તિત્વ હોઇ શકે છે. જેમ પટત્વ ધર્મ ઘટમાં સ્વરૂપે નહિ હોવા છતાં દ્રવ્યત્વ-સત્ત્વરૂપે તેનું પણ અસ્તિત્વ હોઈ શકે છે.

તાત્પર્ય એ કે વસ્તુમાત્ર સ્વરૂપે સત્ હોય છે અને પરરૂપે અસત્ હોય છે.

જેમ ઘટ સ્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ અપેક્ષાએ સત્ હોય છે અને પરદ્રવ્યાદિ અપેક્ષાએ અસત્ હોય છે. ઘટ એ પાર્થિવદ્રવ્યરૂપે સત્ છે, કાન્યકુબ્જક્ષેત્રરૂપે સત્ હોય છે, કાળથી વસન્તકાલરૂપે સત્ છે અને ભાવથી રક્તત્વાદિરૂપે-યા જલાહરણાદિ ક્રિયાકારિત્વરૂપે સત્ છે, પણ જલદ્રવ્યરૂપે સત્ નથી પાટલીપુત્રત્વરૂપે સત્ નથી, હેમન્તકાલિકત્વરૂપે સત્ નથી તથા પીતત્વાદિ યા ત્વચારક્ષાદિ ક્રિયાકારિત્વરૂપે સત્ નથી.

જો એમ માની લેવામાં આવે, તો વસ્તુમાત્રનો સંકર થઇ જાય, તેથી પ્રતિનિયત વ્યવસ્થા જ વિણુસી જાય.

એ જ રીતે વસ્તુમાત્ર સ્વદ્રવ્યાદિની અપેક્ષાએ સત્ છે અને પરદ્રવ્યાદિની અપેક્ષાએ અસત્ છે.

આત્મા પણ આત્મત્વની અપેક્ષાએ સત્ છે, પણ જડત્વની અપેક્ષાએ સત્ નથી કિન્તુ અસત્ છે.

યદિ મધ્યસ્થદષ્ટિથી વસ્તુના તાત્પર્યનું પર્યાલોચન કરવામાં આવે તો વસ્તુમાત્રમાં આ રીતે સ્વરૂપ અને પરરૂપની અપેક્ષાએ સત્ત્વ અને અસત્ત્વનું અવશ્ય ભાન થશે જ.

એજ રીતે વસ્તુમાત્રમાં દ્રવ્ય અને પર્યાયત્વનું ભાન થશે જ. કારણ-તે વસ્તુ અવસ્થાઓ પામે છે અને મૂળરૂપે ધ્રુવ રહે છે, એટલે વસ્તુમાત્રમાં ઉત્પાદ વિનાશ અને ધ્રૌવ્યરૂપ ધર્મો હોય છે.

ઉત્પાદ-વિનાશ પર્યાયના હોય છે અને અચળતા દ્રવ્યની હોય છે દ્રવ્ય-પર્યાય વસ્તુના જ ધર્મો છે, વસ્તુ ય તદ્રૂપજ હોય છે. પણ એનાથી અલગજ હોતી નથી.

આથી વસ્તુ મૂળસ્વરૂપે અચલિત છતાં અવસ્થા-રૂપે ચલિત પણ થાય છે. તે તે અવસ્થાઓ પ્રાપ્ત કરવી અને છતાં મૂળરૂપે સ્થિર રહેવું તેજ તેનો પરિણામ છે એનું નામ જ પરિણામિ નિત્યત્વ છે.

વાસ્તવિક રીતે તો નિત્યત્વ અને અનિત્યત્વ સ્વ-સ્વરૂપે અસંવલિત છતાં, અપેક્ષાએ મિશ્રિત પણ છે. આમ છતાં ઉભય અપેક્ષાએ જ વાસ્તવ છે. અનિત્યત્વ પર્યાયની અપેક્ષાએ જ, અને નિત્યત્વ દ્રવ્યત્વની અપેક્ષાએ જ વાસ્તવ છે.

આથી વસ્તુમાત્રને આ રીતે સત્-અસત્ અને નિત્યાનિત્ય રૂપે જ માનવી જોઇએ. અર્થાત્ પરિણમન-શીલ માનવી જોઇએ.

એમ નહિ માનતાં, યદિ એકાન્તે સ્વરૂપવત્ પર-રૂપથી પણ સત્ માની લેવામાં આવે, તથા એકાન્તે પરરૂપવત્ સ્વરૂપથી પણ અસત્ જ માની લેવામાં આવે, તો યોગને માટે પ્રયત્ન જ ઘટી શકશે નહિં.

ઉપર્યુક્ત નીતિ અનુસાર સમજી શકાશે કે-વસ્તુનું સ્વરૂપથી તો સત્ત્વ છે જ. જેમ ઘટનું ઘટત્વ સ્વરૂપ છે, પટનું પટત્વ સ્વરૂપ છે. એ ઘટપટાદિ ઘટત્વ અને પટત્વાદિરૂપે તો સત્ જ છે, પણ ઘટનું પટત્વાદિ પર-રૂપ છે એ પરરૂપે ઘટ સત્ ન હોઈ શકે. કારણ વસ્તુ પરરૂપે સત્ હોય જ કેમ ? જે પરરૂપ હોય તે તો પરકીયજ હોય, પરંતુ રૂપ સ્વમાં કેમ આવી શકે ? છતાં ઘટને પટત્વાદિરૂપે ય સત્ માની લેવામાં આવે, તો ઘટ ઘટપણું ફગાવી દે અને પટરૂપ પણ થઇ જાય. તેથી જ તેમાં પટરૂપનું સત્ત્વ ન હોઈ શકે એટલે ઘટને સ્વરૂપે જ સત્ માની શકાય, પણ પરરૂપે તો અસત્ જ મનાય, માત્ર ઘટત્વાદિ સ્વધર્મોનું અસ્તિત્વરૂપે સત્ત્વ હોય અને પટત્વાદિ પરધર્મોનું નાસ્તિત્વરૂપે અસ્તિત્વ હોય.

એટલે ઘટને સર્વથા સત્ માની લેવાય તો ઘટત્વવત્ પટત્વધર્મનું ય તેમાં સત્ત્વ થઇ જાય. પટત્વ એ તો પરરૂપ છે તે ઘટમાં આવી જાય અને ઘટ તે રૂપે સત્ બની જાય તો ઘટ પટરૂપે જ બની જાય. માટે જ ઘટને સ્વરૂપે જ સત્ મનાશે પણ પરરૂપે સત્ નહિ જ મનાય.

એ જ રીતે પરરૂપે જેમ અસત્ છે, તેમ સ્વરૂપે પણ અસત્ જ માનવામાં આવે, તો તે તુચ્છ જ બની જાય જેમ શશશૃંગ. શશશૃંગ સ્વરૂપ અને પર-રૂપે અસત્ છે, તેથી તે સર્વથા અસત્ જ છે. કારણ, તેનું કોઈ રૂપ જ નથી તેમ ઘટને પરરૂપે જેમ અસત્ છે, તેમ સ્વરૂપે પણ અસત્ માની લેવામાં આવે, તો

# આત્માના શુદ્ધ સ્વરૂપનું દિગ્દર્શન

શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ કલકત્તા-૧.

**ધ્યાનથી આત્મજ્ઞાન થાય છે. આત્મજ્ઞાનથી મોક્ષ મળે છે. આત્મા જાણ્યા પછી કાંઇપણ જાણવાનું બાકી રહેતું નથી. આત્મા જાણ્યા વિના બીજું બધુંયે જ્ઞાન નિરર્થક છે. છેવટે નિશ્રા પણ આત્મજ્ઞાની ગીતાર્થની તો હોવી જ જોઇએ. મહાન આત્માએ સદ્‌ગુરુદ્વારા આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા માટે હમ્મેશાં ખાસ પ્રયત્ન કરવો જ જોઇએ.**

મુગ્ધ માનવ શરીર અને આત્માના ભેદને ન જોતાં બંન્નેયને એકરૂપ સમજતાં હોય છે. પરંતુ જ્ઞાનીપુરૂષ બંન્નેયને તદ્દન જુદા જ પદાર્થરૂપે જુએ છે, ને જાણે છે. શુધ્ધ નિશ્ચયનયની દૃષ્ટિ પ્રાપ્ત કરી ચૂકેલા જ્ઞાનીપુરૂષો આત્મા અને તેના ગુણ તથા પર્યાયોમાં પણ અભેદ જુએ છે, ને જાણે છે. તેઓ આત્માને એક અખંડ, સંપૂર્ણ, નિરંશ, ત્રિકાળવ્યાપ્ત, અને નિત્ય જુએ છે. સંસારાવસ્થા અને મોક્ષાવસ્થાનો પણ ભેદ તેમની દૃષ્ટિમાં નથી હોતો. ત્રણેય કાળમાં અને સર્વ અવસ્થાઓમાં તેઓને આત્મા એક અખંડ પદાર્થરૂપ ભાસે છે.

જુદા જુદા બાહ્ય સ્વરૂપે આત્મા છે, એમ નથી. નર-નારકાદિક પર્યાય ભેદ પણ આત્માના નથી. જે સ્વપ્નમાં ભાસે છે, તે જાગ્યા પછી જોવામાં આવતું નથી. મધ્યાહ્‌ને ઝાંઝવાના જળમાં જે પાણીનું પૂર ઉછળતું ભાસે છે, તે તેની પાસે ગયા પછી લેશમાત્ર હોતું નથી. શરદ્ ઋતુના ગગનમાં શહેરના દેખાવો દેખાય છે, પરંતુ વાસ્તવિક રીતે તે તો માત્ર વાદળાઓનો આડંબર હોય છે. તે પ્રમાણે વ્યવહારનયવાદીની દૃષ્ટિમાં એક જ આત્માના વિવિધ સ્વરૂપો ભાસે છે. પરંતુ શુધ્ધ નિશ્ચયનયવાદી તો માત્ર તે સર્વને એક આત્મારૂપેજ જૂવે છે, અને જાણે છે.

> **ભારીઃ પીળોઃ ચિકણોઃ**
> **કનક અનેક તરંગઃ રે;**
> **પર્યાય-દૃષ્ટિ ન દીજીએ,**
> **એક જ કનક અભંગ રે.**
> **ધ૦ ૪**

**આનંદઘન ચો૦ ૧૮ મું સ્તવન**

**અર્થઃ**—"સોનું ભારે, પીળું, અને ચીકણું, એમ અનેક સ્વરૂપે ભાસે છે. પરંતુ જો પર્યાયદૃષ્ટિનો ઉપયોગ ન મૂકીયે, તો સોનું એક અને અખંડરૂપે ભાસે છે." ૪

---

ઘટ કોઇ વસ્તુ જ ન રહી શકે. કારણ, તેનું કોઈ તાત્ત્વિક રૂપ જ નથી, એથી જ ઘટને સ્વરૂપે સત્ અને પરરૂપે અસત્ માનવો જોઇએ.

તેમ આત્માને પણ પરિણમનશીલ માનવો જોઇએ. સ્વરૂપે સત્ અને પરરૂપે અસત્ માનવો જોઇએ, તો જ યોગાર્થક પ્રયત્ન ઘટી શકે, અને તો જ યોગનું સાફલ્ય થાય, અન્યથા યોગ નિરર્થક જ થઈ જાય.

કારણ, આત્માને યદિ સ્વરૂપની જેમ પરરૂપે પણ સત્ માની લેવાય, તો જેમ યોગસાધક આત્મા સ્વરૂપે સત્ છે તેમ અયોગિ આત્મારૂપે પણ સત્ બની જાય, તેથી તે અયોગી આત્મારૂપ જ બની જાય, તેથી સ્વરૂપની જ હાની થઈ જાય. કારણ, સ્વમાં પરરૂપનો સંક્રમ થઇ જાય તો સ્વરૂપ રહી શકે જ નહિં.

—ક્રમશઃ

મૂર્તિમાન્ શરીર આદિ પુદ્ગલદ્રવ્યના સંબંધથી આત્મા પણ મૂર્તિમાન્ હોય, એવો ભાસ થઇ આવે છે. પરંતુ પુદ્ગલ તો જડ અને મૂર્ત છે, ત્યારે આત્મા ચેતના સ્વરૂપ અને અરૂપી છે–અમૂર્ત છે. આત્માને રૂપ નથી, રસ નથી, ગંધ નથી, સ્પર્શ નથી, આકૃતિ નથી, શબ્દ નથી. તે મૂર્ત કેમ હોઇ શકે ?

આત્મા દૃષ્ટિથી અદૃશ્ય છે, વાણીથી અગોચર છે, મનથી અગ્રાહ્ય છે. માત્ર સ્વપ્રકાશરૂપ જ જેનું સ્વરૂપ છે, તે મૂર્ત શી રીતે સંભવી શકે ?

પુણ્ય આત્મા નથી, પાપ પણ આત્મા નથી. આત્મા પુણ્ય કે પાપ બેમાંથી એકેય નથી. પુણ્ય અને પાપ કર્મપુદ્ગલોમય મૂર્ત પદાર્થ છે. આત્મા ચેતન અમૂર્ત પદાર્થ છે. પાપ અને પુણ્ય એ બન્નેય આત્માને સંસારરૂપ કારાગારમાં નાંખનારા છે. માટે એક લોઢાની અને બીજી સોનાની બેડી છે. પુણ્ય અને પાપ બન્નેય વાસ્તવિક રીતે જુદી જુદી જાતના દુઃખો જ છે. આત્મા તો સદા સત્, ચિત્, અને આનંદમય છે.

આત્મા પુણ્ય અને પાપકર્મોનો કર્તા પણ નથી, માત્ર રાગ–દ્વેષનો કર્તા છે. જેમ લોઢું લોહચુંબકથી ખેંચાઇને તેની પાસે જાય છે, તે પ્રમાણે રાગ–દ્વેષી આત્મા પાસે કર્મો ખેંચાઇને જાય છે. જેમ વરસાદ પાણી વરસાવે છે, છતાં ધાન્ય વરસાવે છે એમ ઉપચારથી કહેવાય છે. તે પ્રમાણે આત્મા ઉપચારથી કર્મોનો કર્તા કહેવાય છે. શુદ્ધ સ્ફટિક જેમ કાળા–રાતા ફૂલના સંબંધરૂપ ઉપાધિથી કાળો–રાતો દેખાય છે, તેમ આત્મા પુણ્ય–પાપરૂપ ન છતાં ઉપચારથી પુણ્ય–પાપરૂપ કહેવાય છે.

શુદ્ધ નિશ્ચયનય તો આત્માને પોતાના શુધ્ધ સ્વરૂપનો કર્તા પણ જોતો નથી. પરંતુ સ્વસ્વભાવોથી સદા ભરપૂર જ જુવે છે, ને જાણે છે.

જ્યાં સુધી સવિકલ્પક બુધ્ધિ હોય છે, ત્યાં સુધી જુદી જુદી કલ્પના થાય છે. પરંતુ નિર્વિકલ્પક ધ્યાન પ્રાપ્ત થાય છે, ત્યારે કેવળ દ્રવ્યાર્થિકદૃષ્ટિ પ્રાપ્ત થતાં આત્મા એક અખંડ અભેદ પદાર્થરૂપે ભાસે છે.

વીતરાગ પરમાત્માના છત્ર–ચામરાદિ પ્રાતિહાર્ય, રૂપ, લાવણ્ય, આદિનું વર્ણન કરીને કરાતી સ્તુતિ તે વ્યવહારનયની દૃષ્ટિથી કરાતી સ્તુતિ છે. પરંતુ આત્માના જ્ઞાનદિ ત્રણ અને તેની પણ આત્મા સાથે અભિન્નરૂપ સ્તુતિ તે નિશ્ચયનયની દૃષ્ટિથી કરાયેલી સ્તુતિ હોય છે.

ખરેખર ! આત્મા પુણ્યરહિત, પાપરહિત, નિર્વિકલ્પ, નિત્ય અને સદા એક અખંડ બ્રહ્મમય છે.

મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગરૂપ પરપદાર્થો આશ્રવ નથી. પરંતુ આત્મામાં ઉઠતા રાગ–દ્વેષ–ભાવ આશ્રવ છે. તે જ પ્રમાણે ભાવના, ચારિત્ર, પરિષહો વગેરેમાં આત્માની પરિણતિ તે ભાવ સંવર છે. શાસ્ત્રો પણ પુદ્ગલરૂપ પરપદાર્થ હોવાથી તેના વડે આત્મા શી રીતે મુક્ત થઇ શકે ? આત્મા પોતાના જ્ઞાનથી મુક્ત થાય છે. શાસ્ત્રો, ગુરુ, તેનો વિનય આવશ્યકાદિક ક્રિયા, વગેરેને વ્યવહારનય સંવર તરીકે સમજે છે. પરંતુ તે સર્વ પણ પુદ્ગલોના એક જાતના રૂપાન્તરો છે. જ્ઞાનાદિક સ્વગુણો જ વાસ્તવિક સંવર છે. આમ અશુધ્ધ નિશ્ચયનયથી ભાસે છે.

પરંતુ શુધ્ધ નિશ્ચયનયથી તો સંસારના અને મોક્ષના કારણોમાં કશોયે ભેદ નથી. ભેદનું જે ભાન થાય છે, તે અજ્ઞાનથી થાય છે. જ્ઞાનીને તેમાં કાંઇ પણ ગભરાટ, મૂંઝવણ, કે ગૂંચવણ થતી જ નથી. કેમકે તેમની દ્રષ્ટિમાં કારણરૂપ કે કાર્યરૂપ આત્માના પર્યાયોનું આત્માથી જુદાપણું ભાસતું નથી. આશ્રવ-સંવરની કલ્પના-વાત અશુદ્ધનયની દૃષ્ટિ ખડી કરે છે. પરંતુ શુધ્ધ નય સિધ્ધ અને સંસારી આત્માને એક જ પદાર્થરૂપે જૂવે છે, પછી આશ્રવ સંવર જેવી વસ્તુ જ ક્યાંથી સંભવે ? ન જ સંભવે. કર્મનાશને નિર્જરા કહેવામાં આવે છે પરંતુ આત્મા કર્મ નથી. તેથી તેને નિર્જરા શી ? કોની નિર્જરા ?

જ્ઞાનમય શુદ્ધ તપસ્વી ભાવનિર્જરા છે. પરંતુ શુદ્ધ નિશ્ચયનયથી તો સદા શુદ્ધ આત્માને શુદ્ધ થવાપણું જ ક્યાં હોય છે ? કેમકે તે સદા શુધ્ધ છે. અશુધ્ધ હોય, તેને શુધ્ધ થવા પણું હોય. કે જેથી નિર્જરા માનવી પડે. આ નયની દૃષ્ટિ પ્રાપ્ત થયા પછી નિર્જરા જેવી વસ્તુ જ રહેતી નથી.

શુભાશુભ અધ્યવસાયનું નામ ભાવબંધ છે. તેથી ખેંચાઈ આવતા કર્મોના સંબંધનું નામ દ્રવ્યબંધ છે. પરંતુ ભાવબંધથી આત્મા બંધાય છે. જેમ રેશમનો કીડો પોતાની જ લાળથી પોતે બંધાય છે. તેમ આત્મા પોતાના અધ્યવસાયથી પોતે બંધાય છે. પરંતુ શુધ્ધ નિશ્ચયનયની દૃષ્ટિમાં તે આત્મા ચમકે છે.

આત્મા બધ્ધ અને મુક્ત ભાસે છે, તે પણ અશુધ્ધનયની દૃષ્ટિથી. પરંતુ શુધ્ધ નિશ્ચયનયની દૃષ્ટિથી તે આત્મા ન બદ્ધ હોઈ શકે છે, ન મુક્ત હોઇ શકે છે. તે સદા અબધ્ધ છે. તેથી સદા અમુક્ત જ છે. મુક્તતા પર્યાય રહિત છે. કેમકે શુધ્ધ નિશ્ચય દ્રવ્યાર્થિકનય પર્યાય જોતો જ નથી.

આકાશ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, પુદ્ગલ-દ્રવ્ય, અને કાલ એ પાંચે અજીવ સ્વરૂપ નથી, અચેતન નથી. આત્મા આત્મારૂપ જ છે. દ્રવ્ય-પ્રાણ ધારક જીવતત્ત્વમય પણ નથી. અજીવ-રૂપ પણ નથી પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ કે મોક્ષમય પણ નથી. આત્મામાં કોઈ અંશ કે વિભાગ નથી. કેમકે સંપૂર્ણ પૂર્ણતા જોનાર નય અંશ અપૂર્ણતા જોઇ શકતો નથી. જ્યોતિમય એક આત્મા છે. હે ભગવન્ આત્મન્ ! તમારા પ્રપંચમય ભાસતા વિરાટ માયા-સ્વરૂપથી હું ભય પામું છું. કૃપા કરીને આપના શુદ્ધ સ્વરૂપનો પ્રકાશ પાડવા દો.

પૂર્ણાનંદ ભગવાન ગંભીર સમુદ્રની સમાન સદા સ્થિર હોય છે. આજ પરમ અધ્યાત્મ છે. આજ પરમ અમૃત છે. આજ ઉચ્ચમાં ઉચ્ચ જ્ઞાન છે. આજ ઉંચામાં ઉંચો યોગ છે. આજ ગુપ્તમાં ગુપ્ત તત્વ છે. આજ તત્વ સૂક્ષ્મનયથી ગમ્ય છે.

## શુદ્ધ નિશ્ચયનયરૂપી સિંહ

સહજ સ્વભાવરૂપી જંગલમાં સૂતેલા શુધ્ધ નિશ્ચયનયરૂપી સિંહ બીજા નયોરૂપી હાથીઓની ગર્જનાથી જરા પણ ડરતો નથી જ. પરંતુ જ્યારે શુદ્ધ નિશ્ચયનયરૂપી સિંહ માત્ર બગાસું ખાવા જેવી સ્વાભાવિક ચેષ્ટા કરતી વખતે પોતાનું મોઢું સહજ રીતે ઉઘાડે છે, તેવામાં તો તે બીજા નયોરૂપી હાથીઓનો મદ ગળી જાય છે, અને એટલા બધા ડરના માર્યા થથરી જાય છે કે, તેઓ ભયના માર્યા શ્વાસ પણ લઇ શકતા નથી.

જે અપ્રમત્ત અને નિર્વિકલ્પક સમાધિમાં નિષ્ઠ થઈ રહેલા પવિત્રતમ મહાત્માઓના આત્મરાજ્યમાં બાહ્ય વ્યવહારોના કોલાહલની ઉપશાંતિરૂપી પરમાર્થની પ્રાપ્તિ થઇ ચૂકી હોય છે, તે મહાત્માઓને ક્યાંય, કોઇ પણ વખતે કાંઇ પણ વિચારવાનું નથી હોતું. કાંઇ પણ છોડવાનું નથી હોતું, કાંઇ પણ લેવાનું નથી હોતું, કાંઇ પણ કહેવાનું કે કાંઇ પણ સાંભળવાનું નથી હોતું. આવા મુનિપતિઓને આત્મવીર્ય, ચિદ્–ભર ભરપૂર ચેતનામય ચમકતું ભાસે છે.

પરંતુ આ ગહનતત્ત્વ અલ્પ બુદ્ધિવાળા જીવોને ન આપવું. કેમકે તેઓ તેની મશ્કરી કરવા લાગી જાય છે, તથા તેની એવી પરિસ્થિતિ કરે છે કે, જેથી બીજા પાસે તેની મશ્કરી કરાવરાવે છે. આ તત્ત્વ તેઓને ફાયદાને બદલે નુકશાન કરે છે. માણસ ગમે તેટલો ભૂખ્યો હોય, છતાં નિર્બળતાને લીધે પચાવવાની શક્તિ ન હોય, તો ચક્રવર્તી રાજાના ઘરનું ઉત્તમ ભોજન પણ તેને લાભ આપી શકતું નથી. ઉલ્ટામાં તેના રોગમાં અને નિર્બળતામાં વધારો કરે છે.

જેમ અશુદ્ધ મંત્રનો પાઠ કરીને સર્પના માથા ઉપરનો મણિ ન જ લઇ શકાય. તે પ્રમાણે જ્ઞાનના લેશમાત્રથી અર્ધદગ્ધ માનવીને પણ આ તત્ત્વ અનર્થકારી થઈ પડે છે.

જે માણસ તળાવ તરવાનું શિખ્યો નથી, તે દરિયો તરવા જાય તો તેની શી દશા થાય ?

તે પ્રમાણે શુદ્ધ નિશ્ચયનયરૂપી સમુદ્રમાં પ્રવેશ કરવાને શુદ્ધ વ્યવહારરૂપી સલામત હોડી મહાપુરૂષોએ સામે મૂકી રાખી છે. તેમાંથી પસાર થયા વિના નિશ્ચય પ્રાપ્ત થવાનું સમજે છે, તેઓ તળાવ તરવાનું શિખ્યા પહેલાં જ સમુદ્ર તરવા બહાર પડે છે.

## ઉપસંહાર

માટે શુદ્ધ વ્યવહારનયથી સિધ્ધજીવનમાં સ્થિરતા પ્રાપ્ત કર્યા પછી શુદ્ધ નિશ્ચયનયથી સિદ્ધજીવનનો આશ્રય કરવાથી આત્મજ્ઞાની થઇને આત્મા પરમસમાધિરૂપ–મોક્ષરૂપ પરમ સમાધિમાં સ્થિર થઇ શકે છે.

* * *

[ શ્વેતામ્બર મૂર્તિપૂજક પરંપરાને માન્ય પૂર્વાચાર્યો વિરચિત જૈનશાસ્ત્રોના લેશ પરિશીલનથી સૂચિત લેશમાત્ર અંશ. ]

## મોતના વિજયનાદ

માનવીની ઘોરનું કારણ અકળ છે જ નહિ. એ કારણ આપણી સામેજ પડયું છે. અને તે છે આજના વિનાશક વિજ્ઞાનની આરાધના ! આજના યંત્રવાદની આંધળી પૂજા આજના અદ્યતન ગણાતા પામર અને પાશવી વિચારો પાછળ દોડવાની તમન્ના !

આપણા મહાપુરુષોનો વારસો આપણને આજ અણગમતો થઇ પડયો છે...અને પશ્ચિમનો વારસો આજ આપણને સાકર સમો લાગી રહ્યો છે.

પરિણામ આપણી સામે છે.

માનવી હારે છે...આત્મા નબળો પડે છે...ચેતન ઝાંખું બને છે અને...

અને મોતનો વિજયનાદ સારાયે વિશ્વમાં ગાજતો થયો છે !

# અ૦જ્ઞા૦ન૦ની ભી૦ષ૦ણ૦તા

**પૂ૦ મુનિરાજ શ્રી મહાપ્રભવિજયજી મહારાજ – પુનાકેમ્પ.**

**અ**જ્ઞાનથી સાચા દુશ્મનો ઓળખાતા નથી. શત્રુઓમાં મિત્રનો અને મિત્રોમાં શત્રુનો આભાસ થઈ જાય છે. ખરૂં જોતાં આત્માને એકાંતે અહિતકારી એવા દુન્યવી પદાર્થો આપણને સુખના સાધનરૂપ દેખાય છે. પણ આપણા ગળામાં જન્મ-મરણ, રોગ-શોકાદિનો કારમો ફાંસો ઘાલતા એ દુષ્ટો આપણાથી ઓળખી શકાતા નથી. અજ્ઞાને સંસારમાં દુઃખના દાવાનળ સળગાવેલ છે. તેથી સ્પષ્ટ છે કે, સઘળાએ દુઃખનું કારણ અજ્ઞાન જ છે. જ્ઞાનના પ્રતાપે અજ્ઞાન હઠી શકે છે, મિથ્યાત્વ મરે ત્યારે શત્રુ-મિત્રનું ભાન થાય છે, જીવનમાંથી દુરાચાર નષ્ટ થાય છે, સદાચાર જીવનમાં પ્રગટે છે, દુઃખ અદૃશ્ય થાય છે, અને સુખ સ્વયં પેદા થાય છે.

પ્રાચીન સમયની વાત છે. વિશાળ, મનોહર, સમૃદ્ધિશાળી સુંદરપુર નામના નગરમાં પ્રજાવત્સલ અને ધર્મપ્રેમી પ્રજાપાલ નામે રાજા રાજ્ય કરતો હતો. તેને સુદર્શના નામે શીલવતી રાણી હતી. રાજા નીતિમાન તેમજ પ્રજાના રક્ષણમાં તત્પર હોવાથી પ્રજા પણ આનંદ–પ્રમોદમાં દિવસો પસાર કરતી હતી.

તે નગરીમાં એક શ્રીમંત સુખી શેઠ વસતા હતા, જેને ધર્મશીલ સ્ત્રી અને એકનો એક વહાલો છ–માસનો પુત્ર હતો. પ્રચંડ પાપોદયે શેઠની સ્થિતિમાં પરિવર્તન થયું. **નિર્ધનતાની સાથે ચાલનારા મિત્ર સમા લઘુતા, નિંદા, અપમાન, તિરસ્કાર અને ધિક્કાર** લોકમાં અને સગાં-સંબંધીઓમાં થવા લાગ્યા, આવા નિર્ધનતાના દુઃખોથી હેરાન–પરેશાન થતાં ઘેર સ્ત્રીને ઘણું સમજાવી, ભાગ્ય અજમાવવા શેઠ પરદેશ વેપાર ખેડવા ઉપડી ગયા. પરદેશમાં વેપાર સારો જામ્યો. બાર વર્ષે વેપાર સારી રીતે ચાલતાં ભાગ્યોદયે શેઠજી કોટિપતિ બની ગયા. હવે પરદેશનો વેપાર આટોપી વહાલા પુત્રને મળવા અને તેના પાણિગ્રહણ આદિ કાર્યો માટે વતનમાં પાછા આવવાની ભાવના જાગી.

ઘેર કાગળ લખ્યો, અને સઘળીય પરિસ્થિતિની જાણ કરાવતાં લખ્યું કે, પાંચમના દિવસે હું ઘેર આવી પહોંચીશ. ઘેર કાગળ આવ્યો. દીકરો પોતાના બાપ સંબંધી કંઈ હકીકત જાણતો ન હોવાથી માતાએ બધી હકીકત જણાવી. છોકરો વિનીત હતો. માતાના કહેવાથી બાપને લેવા માટે નીકળ્યો. ગામ ત્રણ માઈલ દૂર હતું. ત્યાં જઇ ધર્મશાળામાં ઉતરી પિતાની આવવાની રાહ જોવા લાગ્યો. પણ.... થોડીવારમાં તેને પેટમાં અસહ્ય શૂળનું દરદ ઉપડી આવતાં, તે કારમી ભયંકર ચીસો પાડવા લાગ્યો. ત્યાં ઉતરેલા લોકોએ ઉપચાર કર્યા, પણ કંઇ ફાયદો થયો નહિ. એટલે તેની સારવાર માટે દયાળુ લોકોએ ડોક્ટર પાસે જઈ સઘળી હકીકત કહી. ફીના રૂા. બસો આપવા પડશે તેમ તેણે કહ્યું. લોકોએ ડોક્ટરને જણાવ્યું કે, ટીપ કરી ભેગા થઇ શકશે તો અમો બોલાવીશું.

ટીપ શરૂ કરી. ટીપમાં માંડમાંડ રૂા. દોઢસો એકત્રિત થયા. હવે માત્ર રૂા. પચાસ ખૂટતા બાકી રહ્યા. ત્યાં તો એક મોટા શ્રીમંત શેઠજી રસાલા સાથે ધર્મશાળાએ આવી ઉપર દીવાન-

ખાનામાં ઉતર્યા, ને જલસો-નાચ-સંગીત વગેરે ચાલુ કર્યું. દયાળુ લોકો શેઠજી પાસે જવા વિચારે છે. પણ ભપકો દેખાવ આડંબર વગેરે જોઇને હિંમત હારી શેઠજીની નજીક ન જતાં બારણામાંથી જ પાછા ફરે છે. પણ છોકરાની પરિસ્થિતિ બહુ જ શોચનીય થઈ જવાથી, "પોતાને માટે ક્યાં જવું છે? આપણે તો **પરહિત માટે જ જઇએ છીએ એમાં શરમ શી ?" શરમ રાખે તો સેવા થાય જ નહિં**, એમ વિચારી હિંમતભેર શેઠજીની પાસે તો ગયા. પણ....શેઠજી તો કાંઈ વાત સાંભળતા પણ નથી. ઉલ્ટા એમ બોલ્યા, 'બેવકુફ આ અવસર છે ? ભાન છે ? રંગમાં ભંગ ક્યાં કરો છો ?' એવા વાક્યો કહી તિરસ્કાર કરી કંઇ પણ આપ્યા વિના કાઢી મૂક્યા. એટલે તેઓ દુઃખિત હૃદયે પાછા ફર્યા. છોકરાને પીડા તો વધવા જ માંડી. ડોકટરના ઉપાયો કરાવી શકાયા નહિ. તેથી છોકરો મરણને શરણ થયો. આકસ્મિક મરણથી પોલીસે આવી તપાસ કરી. તેના ખિસ્સામાંથી કાગળ નિકળ્યો. બધાને પૂછપરછ કરતાં પોલીસે આ મોટા શેઠને પૂછ્યું, 'તમે કોણ છો ? શું નામ ? આ છોકરા સાથે તમને કંઈ સંબંધ છે ? શેઠે કાગળ ઓળખ્યો કે, તે તો મારો પોતાનો જ લખેલો છે. પછી છોકરાને ધારીને બરોબર જોયો તો નિશાન ઉપરથી લાગ્યું કે, 'એ મારો જ દીકરો છે,' એમ જાણી શેઠજી તો મોટી કારમી પોક મૂકી રૂદન કરવા લાગ્યા. શેઠજી પુત્રને સુખી બનાવવાના કોડ સેવતા હતા. પણ અજ્ઞાનતાના કારણે છોકરાનું દુઃખ દૂર કરાવી શક્યા નહિ. પ્રત્યક્ષ હાજર હોવા છતાં અજ્ઞાનતાથી પ્યારા પોતાના એકના એક પુત્રને પિતા કંઇ ઉપાય ન કરાવી શક્યા. પુત્રને જો ઓળખ્યો હોય તો આમ ન જ બનત. વ્યાવહારિક અજ્ઞાનથી શેઠ પોતાના એકના એક પુત્રને હારી ગયા, અને જીંદગીની એ એક ભૂલને માટે જીવ્યા ત્યાં સુધી રોજ એ અજ્ઞાનતાનો કરૂણ પ્રસંગ યાદ કરી દુઃખ અનુભવતા રહ્યા. આ તો આ જ જીવનનું આપણને દુઃખ ભયંકર લાગે છે. તો **આત્માના અજ્ઞાનતાના દુઃખો જે ભવોભવ સુધી પણ ભોગવવા પડે તે કેટલા ભયંકર ગણવા?** પ્રકાશ વિના અંધકાર દૂર થઇ શકતો જ નથી, તેમજ જ્ઞાનરૂપ પ્રદીપ વિના અજ્ઞાનરૂપ અંધકાર હઠી શકતો નથી. માટે વિવેકીએ જીવનમાં આગમવચનોનાં શ્રવણદ્વારા જ્ઞાનદીપક પ્રગટાવવા અવશ્ય વારંવાર અવિરત પ્રયત્ન કરવો જોઇએ.

શેઠાણી (પુત્રની માતા) એ આ અજ્ઞાનના અંજામ કે માનવતામાં પાશવતાના સમાચારથી વૈરાગ્ય પામી પ્રવ્રજ્યાના પુનિત પંથે પ્રયાણ કરી આત્મકલ્યાણ સાધી, આત્મા અમર બનાવ્યો. માનવતાનો વિકાસ એ જ ધર્મ, એ જ સ્વર્ગ અને એ જ મોક્ષ. અજ્ઞાનથી માનવમાં કેવી પાશવતા કે દાનવતા પ્રગટે છે, અને સંસારમાં તેનો કેવો કરૂણ અંજામ આવે છે, તે આ કથા કહી જાય છે. ચારિત્ર વગરનું કેવળ બુધ્ધિબળ વિશ્વાસલાયક નથી. તે અધર્મ-અનાચારમાં પરિણમી ભારે અનર્થ પણ કરી બેસે. સદાચાર કે ચારિત્ર સર્વસ્વ છે. તે વગર બુદ્ધિબળ કે દ્રવ્યસંપત્તિ નિર્માલ્ય અને નિસ્તેજ જેવા દેખાય છે. સૌ જ્ઞાન-વિવેક દીપક પ્રગટાવે, એ જ એક મહેચ્છા.

# પ્રભુપૂજા પ્રશ્નોત્તરી

પૂ૦ પંન્યાસ શ્રી ચરણવિજયજી ગણિવર,

પ્ર૦ ધર્મસ્થાનમાં એટલે જિનમંદિરમાં કે જિનમૂર્તિમાં થોડા ઘણા પણ ચમત્કાર હોય તો જ લોકોનું મન આકર્ષાય છે. જ્યાં ચમત્કાર નહિ ત્યાં નમસ્કાર કરવાનું મન શી રીતે થાય ?

ઉ૦ શ્રી જિનેશ્વરદેવની મૂર્તિઓ કે દેવ-દેવીઓની મૂર્તિઓ કે જૈનમુનિઓનું સાચું સ્વરૂપ સમજાય તો ચમત્કારની વાતોમાં રસ પડે જ નહિ. કારણ કે, શ્રી જિનેશ્વરદેવોની મૂર્તિઓ શ્રી વીતરાગની મૂર્તિઓ હોય છે. તે ભગવંતો મોક્ષમાં પધાર્યા છે. એટલે તેઓની પાસેથી ચમત્કારોની આશા રાખવી તે આરાધકભાવની બેદરકારીનું સૂચન છે.

પ્ર૦ શ્રી જિનેશ્વરદેવોની પ્રતિમાઓમાં કે દેવ-દેવીઓની પ્રતિમાઓમાં ચમત્કારો જણાય તો ફાયદો કે નુકશાન ?

ઉ૦ પરમાર્થના જાણ આત્માઓને કશું નુકશાન ન થાય. તથા ભદ્રિક આત્માઓને આકર્ષણ પણ થાય. અને લાંબા ગાળે વીતરાગની વીતરાગતા સમજવાના પ્રસંગો મળે તો બોધિબીજ અને સમ્યક્ત્વપ્રાપ્તિ અને પ્રાંતે મોક્ષપ્રાપ્તિ પણ થાય. આ સિવાયના મોટા ભાગના જીવોને લાભ થતો નથી. પરંતુ તીર્થને કે ધર્મને નુકશાન પણ પહોંચે છે.

પ્ર૦ જિનપ્રતિમાઓના ચમત્કારની જાહેરાત થાય તો તીર્થને કે ધર્મને નુકશાન થાય છે. તે કારણો અને દાખલાઓ બતાવીને સમજાવો ?

ઉ૦ શ્રી જિનમૂર્તિનાં દર્શન આત્માની ખોવાઈ ગએલી વીતરાગતા પ્રકટ કરવા માટે છે. વીતરાગ પ્રભુની મૂર્તિઓનું નિર્માણ એવું સુંદર છે કે, જેમનું વારંવાર દર્શન અને વિચારણા થયા કરે તો ગમે તેવા રાગી અને દ્વેષી આત્માના પણ રાગ-દ્વેષો જરૂર પાતળા પડવા માંડે છે. આ કારણ સિવાય જિનપ્રતિમાનાં દર્શનાદિકમાં જે જે અન્ય અનેક પૌદ્ગલિક આશાઓ રાખવામાં આવે, તે શ્રી જિનપ્રતિમાનાં દર્શનના આદર્શમાં મોટા બખેડા ઉભા કરે છે. જેમકે કોઈ પ્રતિમાજીમાં કોઇ માણસે ચમત્કાર જોયા કે સાંભળ્યા અથવા અનુભવ્યા પછી તે માણસ તેનો પ્રચાર કરે છે. કર્ણોપકર્ણ ચમત્કારોના ફેલાવા થવાથી સાચી-જૂઠી અનેક વાતો વહેતી મૂકાય છે. પછી જૈન કે અજૈન આ જગતની તાત્કાલિક સામગ્રીના અર્થી લોકો પુત્ર માટે, ધન માટે, વ્યાપાર માટે, આરોગ્ય માટે, માનતાઓ માને છે. હજારોમાંથી જેને લાભ થાય તે વળી અનેકમાં ફેલાવો કરે છે. પછી તો કેસરીયાજીમાં થયું છે તેમ હજારો જૈનો અને અજૈનો માત્ર આ લોકના કેવળ પૌદ્ગલિક લાભોની ખાતર જિનમૂર્તિનાં દર્શન કરવા આવે છે, અને દર્શન એવાં બની જાય છે કે, જેમાં જૈનત્વનું નામનિશાન દેખાતું જ નથી. આના પરિણામે આપણે બદરીકેદારનું મહાતીર્થ છોડી દીધું, અને મોડા કે વહેલા પરિણામ નહિ સુધરે તો કેસરીયાજી વગેરે કઈક તીર્થો છોડવાના સંયોગો ઉભા થશે.

પ્ર૦ આપણી જૈનપ્રતિમાઓના સાચા ચમત્કારોની જાહેરાત કરવી તે પણ શું વ્યાજબી નથી ?

ઉ૦ શ્રી જિનેશ્વરદેવોની પ્રતિમાના ચમત્કાર દેખી સમ્યગ્દર્શન કે બોધિબીજની પ્રાપ્તિ થાય, તે લઘુકર્મી ભાગ્યશાળીને ચમત્કાર જોઈ થયેલું આકર્ષણ લાભવાળું ગણાય. આ સિવાયના માણસોને તો ફળ-ભારથી લચી રહેલા આંબાને પામીને-જોઇને પણ તેનાં પાકેલાં ફળ તરફ નજર જ ન જાય અને કાષ્ટો દેખીને કાપવાનું અને કોલસા બનાવવાનું ચિંતવન જેમ ભયંકર અને અવાસ્તવિક છે, તેમ શ્રી જિનપ્રતિમામાં રહેલી વીતરાગદશાને લેવાનું છોડી દઇને તેમની પાસેથી પણ પુત્રાદિ પ્રાપ્તિની ઇચ્છા કરાય તે પણ તેટલું જ અવાસ્તવિક છે.

પ્ર૦ આ પ્રમાણે ચમત્કારની જાહેરાતો થવાથી અજૈનો પણ ઘણા દર્શન કરવા આવતા હોય તો આપણે ખુશી થવાને બદલે નારાજ થવાનું કે તીર્થને છોડી દેવાનું કારણ શું ?

ઉ૦ જૈનધર્મની બધી ક્રિયાઓ, અનુષ્ઠાનો, પર્વારાધનો અને તીર્થયાત્રાઓ દરેકમાં આત્માને ઉજ્જ્વળ બનાવવાનું જ ધ્યેય રહેલું હોય છે. ઉપરના દરેક પ્રકારોમાં જીવદયાને, જીવયતનાને, સત્યને, અચૌર્યને, બ્રહ્મચર્યને મુખ્યતા આપવા સાથે આરંભ પરિગ્રહને તિલાંજલિ આપવાની હોય છે. આચાર–વિચારની શુદ્ધિ ખૂબ જ રખાય છે. આ બધી વસ્તુના અજાણ માણસો ઘણા ભેગા થવાથી તીર્થયાત્રાનું ધ્યેય તદ્દન પલટાઇ જાય છે. વળી તીર્થોની યાત્રાઓ પણ ધર્મના સંસ્કારો વધારવા માટે અને ન હોય તો નવા પામવા માટે છે. આ વાત ક્યારે ફળે કે ધર્મી માણસોના જ સમાગમો સધાય તો જ અને જો અજૈનો ઘણા આવે તો તેમને તેમની રીતે રહેવાનું, ફરવાનું, ખાવાનું, વર્તવાનું હોવાથી જૈનધર્મનાં તીર્થને તેના ધારાધોરણ કે રીત–રીવાજોને ઢંકાઇ કે દબાઇ જવાના જ પ્રસંગો થાય છે, અને તેથી "સંસારસમુદ્રથી તારે તે તીર્થ" આ વાસ્તવિક ઉક્તિનો કશો જ અર્થ ન સરે એટલે લોકોત્તર તીર્થ લૌકિક થઈ જવાથી છોડી દેવાના જ પ્રસંગો ઉભા થાય એ વાત બનવા યોગ્ય જ છે

પ્ર૦ દુનિયામાં તો એવી કહેવત છે કે, ગમે તેવા પાપી જીવો પણ ધર્મતીર્થની ફરસના પામે તો તેનાં બધાં પાપો ચાલ્યાં જાય છે, અને જો આ વાત સાચી હોય તો આખી દુનિયા ધર્મતીર્થનાં દર્શન કરે તો હરકત શું ?

ઉ૦ ભાઈ ! લૌકિક તીર્થસ્થાનો તરફ ધ્યાન અપાય તો દીવા જેવું જણાશે કે, તેમનાં ધર્મસ્થાનો ઉપર મેળા ભરાય છે. બધી જાતનાં માણસો આવે છે. મદિરા વેચનારા આવે છે. વેશ્યાઓ આવે છે. જુગારોના અડ્ડા જામે છે, સાતે વ્યસનો ઓછા–વધુ પ્રમાણમાં ત્યાં સેવાય છે. આવા પરમાર્થના અજાણ આત્માઓ હજારો કે લાખો ભેગા થાય તેથી તે આત્માઓને કશો લાભ થાય એવું જરા પણ માનવું નકામું છે. જ્ઞાનીઓ તો ચોખ્ખું ફરમાવે છે કે:—

**अन्यस्थाने कृतं पापं, धर्मस्थाने विनश्यति ।**
**धर्मस्थाने कृतं पापं, वज्रलेपो भविष्यति ॥**

**અર્થ**:—આ જીવ આખા જગતમાં ફરતા અને ગમે તે પ્રસંગોમાં જે જે પાપો કરેલાં હોય તે તે પાપો ધર્મસ્થાનમાં (ધર્મના નિયમોને અનુસરીને ચાલવાથી) નાશ પામે છે. પરંતુ જો ધર્મસ્થાનમાં પાપો કરવામાં આવે, (હિંસા થાય, અસત્ય બોલાય, ચોરી થાય, મૈથુન સેવાય, જુગાર રમાય, અભક્ષ્ય ખવાય, જેટલી જેટલી ધર્મવિરૂદ્ધ પ્રવૃત્તિઓ થાય તે સર્વ પાપો ગણાય છે.) તો તે પાપો વજ્રના લેપ જેવાં બંધાય છે. કે જે પાપો કુગતિઓમાં જઇને ભોગવવાં પડે છે. એટલે તીર્થો કે ધર્મસ્થાનો તો તરવામાં સાધન છે. પરંતુ આપણા જીવોનાં આચરણ સુધરે તો જ ધર્મસ્થાનો કે તીર્થોમાં ગયાની સફલતા ગણાય છે. એટલે જેમ તીર્થોની પવિત્રતા આપણને પવિત્ર બનાવે છે. તે જ પ્રમાણે તીર્થમાં આવનારા ધર્મી માણસો (દાન દેનારા, શીલ પાળનારા, તપ કરનારા, ધર્મના મર્મને સમજીને ધર્મ કરનારા, ધર્મની ઉંચી શ્રદ્ધા ધરાવનારા, આખા જગતનું ભલું ઇચ્છનારા, ઉદારતા–ધીરતા–ગંભીરતા પામેલા આત્માઓ) ના સહવાસો પણ તીર્થમાં જનારા યાત્રિકોનાં જીવન સુધારવામાં સહાયક થાય છે !

આ વાત અજૈન તીર્થો માટે પણ આટલી જ જાહેર છે. જુઓ:—

**चित्तं रागादिभिर्दुष्टं, अलीकवचनैर्मुखं ।**
**जीवहिंसादिभिः कायः, गंगा तस्य पराङ्मुखी ॥**

**ભાવાર્થ**:—જેઓનું ચિત્ત રાગદ્વેષથી સદા સળગેલું હોય, અર્થાત્ સ્ત્રીઓ વગેરેના રૂપોમાં ફર્યા કરતું હોય, અને અસત્ય વચનો બોલવાથી મુખ જેમનું દૂષિત હોય, વળી જીવોની હિંસાવડે કાયા પણ મલીન હોય તેવા માણસો ગંગામાં સ્નાન કરવા જાય તો પણ તેઓ જરા પણ પવિત્ર થતા નથી, પરંતુ ઉલટું ગંગાને તેઓ અપવિત્ર બનાવે છે. તથા વળી,

**परद्रव्य–परद्रोह––परनारी–पराङ्मुखः ।**
**गंगाप्याह कदागत्य मामयं पावयिष्यति ॥**

**ભાવાર્થ**:—જે ભાગ્યશાળી મનુષ્ય સદાકાળ પારકું દ્રવ્ય ઠગીને, ચોરીને, વિશ્વાસ આપીને લઈ

સેવા ઈચ્છતા નથી. નાના કે મોટા કોઇ જીવનું અહિત આચરતા નથી. તથા પરસ્ત્રી ( પોતા સિવા-યની બીજી કે બીજાની સ્ત્રીને ) મનથી, વચનથી કે કાયાથી સ્પર્શતા નથી. તેવા આત્માઓને ગંગા પણ ઈચ્છે છે કે, આવા જીવો મારી પાસે આવી, સ્નાન કરી મને કયારે પવિત્ર બનાવશે ?

ઉપરના બંને શ્લોકોનો ભાવાર્થ એજ તરી આવે છે કે, તીર્થસ્થાનો તરવાનું સાધન છે. તીર્થના સમાગમથી આત્મા-અંતરાત્મા ઉજળો થાય તો જ તીર્થમાં જવાનો લાભ છે. તેથી સમજવું જોઇએ કે, ગામ, પરગામ કે પરદેશનાં ધર્મસ્થાનો તીર્થસ્વરૂપ છે. તેમાં તરવાની ભાવનાવાળા મનુષ્યો આવતા હોય તેમનો સમાગમ જેને થાય તેને જરૂર આત્મિકલાભ થાય છે. અંતરાત્માની જેને પડી જ નથી આવા મનુષ્યો હંમેશાં તીર્થમાં જાય, અને ગમે તેટલા રહે તેમને પોતાને કે તેમના સોબતીને કશો જ લાભ નથી.

**પ્ર૦** તો પછી આખું જગત્ જિનપ્રતિમાનો કે જૈનતીર્થના દર્શનનો લાભ લે તે બરાબર નથી ?

**ઉ૦** સમજીને શ્રદ્ધાપૂર્વક દર્શન કરનારને લાભ થાય છે, બાકી તો વસ્તુને જોવા માત્રથી દર્શનનો લાભ શી રીતે થાય ? એમ તો જોવા ઘણાએ આવે છે, અને જિનાલયોમાં કે તીર્થોમાં જાય છે ત્યાં જિનપ્રતિમાને તો વખતે જોતા નથી પણ દેરાસરની કોતરણી રંગરોગાન વગેરે બહારની શોભાઓ જોઈ રવાના થાય છે. કોઇક વળી પ્રતિમાઓની પ્રાચીનતા વગેરે નક્કી કરવા આવે છે, તેમને દર્શનની ઇચ્છા હોય નહિ, પછી તેમને દર્શનનો લાભ થાય શી રીતે ?

**પ્ર૦** તો પછી જૈનતીર્થ કે જૈનમંદિર જવાનો હેતુ શો ?

**ઉ૦** આપણા આત્માને જૈનધર્મ પામવા માટે, બોધિબીજ પામવા માટે, શ્રી વીતરાગની પ્રતિમાને વારંવાર જોઇને આપણામાં વીતરાગતા લાવવા માટે, સંસાર ઘટાડવા માટે, અને મોક્ષ મેળવવા માટે. જિન-પ્રતિમા કે જૈનતીર્થનાં દર્શન કરવા જવું તેજ સાચો હેતુ છે.

**પ્ર૦** આપણી જૈનમૂર્તિઓ ગમે તે દર્શનના માણસો પૂજે તો આપણે આનંદિત થવા જેવું નહિ ?

**ઉ૦** જૈનધર્મ અને જિનેશ્વરદેવો ઉપર આદર જાગ્યા પછી ગમે તે પૂજા કરે તો ચોક્કસ ખુશી થવા જેવું છે, અન્યથા એટલે જૈનધર્મને કે શ્રી જિનેશ્વરદેવને સમજ્યા વગર અથવા સમજવાની ભાવના જ ન હોય તેવાઓ જિનમંદિરમાં આવે તો લાભ કશો જ નથી.

---

## મહાભારતનું એક દૃષ્ટાંત

પોતાને લાગેલી તરસ માટે એક પછી એક ચારેય ભાઇઓને પાસેના સરોવરમાં પાણી લેવા યુધિષ્ઠિરે મોકલ્યા, પણ કોઈ પાછું આવ્યું નહિ એટલે એ જાતે ગયા ત્યાં. બધા ભાઇઓ મૃતપ્રાય: પડેલા હતા. પાણી પીવા એ સરોવરમાં ઊતરવા જતા હતા કે તુરતજ એક યક્ષે એમને અટકાવ્યા ને કહ્યું: હું પૂછું તે પ્રશ્નોનો જવાબ આપો. નહિતો તમારા આ ભાઇઓ જેવી દશા થશે. યુધિષ્ઠિરના ઉત્તરોથી યક્ષ ઘણોજ રાજી થયો. એણે એમના ભાઈઓને જીવતા કર્યા ને પછી વરદાન માગવા જણાવ્યું. અરણ્યમાં વાસ કરતા યુધિષ્ઠિરે પોતાનું રાજપાટ પાછું ન માગ્યું એમણે એટલું જ કહ્યું:

' ક્રોધ, મોહ ને લોભ પર વિજય મેળવવાની શક્તિ આપો '

# શંકા અને સમાધાન

સમાધાનકારઃ—પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ.

[ પ્રશ્નકારઃ–મહેન્દ્રકુમાર એસ. ઝવેરી - મુંબઈ ]

**શં૦** મારા વાંચવામાં એક પુસ્તક આવ્યું છે, જેમાં એવું લખાણુ આવે છે કે, "જીરણુશેઠ દાનની ભાવનાએ ચઢતાં કેવલજ્ઞાન પામ્યો." જ્યારે પૂ૦ વીરવિજયજી મહારાજકૃત ૬૪ પ્રકારી પૂજાની વેદનીય કર્મની પૂજાની પુષ્પપૂજામાં "એમ જીરણુશેઠ વદંતા, પરિણામની ધારે ચઢંતા; શ્રાવક સીમે ઠરંતા, દેવદુંદુભિ નાદ સુણુંતા રે. મહાવીર૦ (૭) કરી આયુ પૂરણ શુભભાવે, સુરલોક અચ્યુતે જાવે; શાતા વેદનીય સુખ પાવે, શુભવીર વચનરસ ગાવે રે. મહાવીર૦ (૮)" આ મુજબ હોવાથી શંકા ઉત્પન્ન થઇ છે, તો યોગ્ય ખુલાસો કરી માર્ગદર્શન આપવા કૃપા થાય.

**સ૦** પં. શ્રી વીરવિજયજી મહારાજકૃત પૂજામાં જે બીના છે, તે સાચી છે.

[પ્રશ્નકારઃ–સંઘવી બાબુભાઈ ઉત્તમચંદ–અમરેલી]

**શં૦** પંન્યાસ સિવાય સાધુ પ્રતિષ્ઠા કરાવી શકે કે ?

**સ૦** મહાવ્રતધારી સુવિહિત સાધુઓના હાથથી પ્રભુજીને ગાદીનશીન પ્રતિષ્ઠા કરાવવામાં વાંધો નથી. પંન્યાસ આદિ જોઇએ તેવો નિયમ નથી, પણ અંજનશલાકા તો ગીતાર્થ સુવિહિત આચાર્યોના હાથથી થવી જોઇએ.

**શં૦** સામાયિક કે પ્રતિક્રમણુ પુરૂષો ધોતીયું વીંટીને કરી શકે ખરા ?

**સ૦** ધોતીયું વ્યવસ્થિત પહેરીને સામાયિકાદિ કરવું ઉચિત છે.

[પ્રશ્નકારઃ–અમૃતલાલ જી. શાહ–બેરલાવ (સુરત)]

**શં૦** જિનમંદિરમાં દરજીના સીવેલા કપડાં જેવાં કે લેંઘો–ખમીશ પહેરીને પૂજા થઈ શકતી નથી, અને ખેસ–ધોતીયાથી પુરૂષો પૂજા કરી શકે છે, તેનું શું કારણ ?

**સ૦** ચૈત્યવંદન ભાષ્યમાં લખ્યું છે કે, '**દુગ-સાડીउत्तरासंगु**' એવો પાઠ હોવાથી સીવેલા કપડાં પ્રભુપૂજામાં નહિ વાપરવાનું સ્પષ્ટ છે.

**શં૦** ભગવાનને અત્તર લગાડવામાં કેમ આવતું નથી ?

**સ૦** શ્રી જિનબિંબોને પરિણામે નુકશાન થવાનો ભય હોવાથી અત્તરનો ઉપયોગ કરાતો નથી.

[ પ્રશ્નકારઃ—ચન્દ્રકાંત–મુંદ્રા (કચ્છ) ]

**શં૦** શાસ્ત્રમાં ચોરાશી લાખ જીવયોની બતાવવામાં આવે છે, જેમાં ચૌદ લાખ મનુષ્યનો પણુ સમાવેશ થાય છે, તો આ ચૌદ લાખ મનુષ્યની ગણુત્રી કેવી રીતે થાય ?

**સ૦** જન્મતી વખતે જે જે સ્થાનના વર્ણ, રસ, ગંધ, સ્પર્શ અને સંસ્થાન સરખા હોય તેવા હજારો સ્થાન હોય છતાંય એક જ યોનિ કહેવાય એવી ૧૪ લાખ યોનિ સમજવી.

[ પ્રશ્નકારઃ–જશવંતી બી. પટવા - મુંબઈ ]

**શં૦** સંતિકરસ્તોત્રની ૧૪ મી ગાથા કયા કારણથી કહેવાતી નથી ?

**સ૦** શ્રી સંતિકરસ્તોત્રના કલ્પમાં ૧૪મી ગાથા બોલવાનો નિષેધ છે.

**શં૦** શાલ્મલીવૃક્ષ, જંબૂવૃક્ષ પૃથ્વીકાય છે કે વનસ્પતિકાય ?

**સ૦** તે બે રત્નમય હોવાથી પૃથ્વીકાય છે.

[ પ્રશ્નકાર:- પૂ૦ પં. શ્રી કાન્તિવિજયજી ગણિવર ]

**શં૦** સંથારાપોરિસીમાં શ્રાવકોને સાત નવકારમંત્ર ગણવાનો હેતુ શો ?

**સ૦** સંભાવના થઈ શકે છે કે, શ્રાવકના સાત શિક્ષાવ્રત છે. જો કે ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત આમ વ્રતોની વિગતમાં આવે છે, છતાંય શ્રી ઉપાસકદશાંગાદિસૂત્રમાં પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રત કહ્યા છે અને પૌષધ એ શિક્ષાવ્રત છે. સંપૂર્ણ સંથારાવિધિ પૌષધમાં જ ભણાવી શકાય છે. તે સાત શિક્ષાવ્રતના પાલનમાં હંમેશાં ઉદ્યમશીલ બન્યું રહેવાય તે માટે શ્રાવકો સાત નવકારમંત્ર ગણે છે.

**શં૦** દેવોને ચાર ધ્યાનમાં કેટલા ધ્યાન હોય ? સર્વાર્થસિદ્ધના દેવોને કયું ધ્યાન હોય ?

**સ૦** દેવોને શુક્લધ્યાન સિવાયના ત્રણ ધ્યાન હોઇ શકે છે. સર્વાર્થસિદ્ધના દેવોને મુખ્યત્વે ધર્મધ્યાન હોય છે, કારણ કે ત્યાં તેઓ તત્ત્વવિચારણામાં રહે છે.

**શં૦** તેરમા ગુણસ્થાનકવાલા કેવલી શુક્લ ધ્યાનના ક્યા પાયામાં હોય ?

**સ૦** તેરમા ગુણસ્થાનકવાલા કેવલી ધ્યાનાન્તરિત વર્તમાન કહેવાય છે, એટલે કે, શુક્લધ્યાનના પહેલા બે પાયા ધ્યાયા પછી કેવલજ્ઞાન થયું છે. અને બે પાયા બાકી રહ્યા છે તે મોક્ષે જતી વખતે ધ્યાવાના છે, એટલે ધ્યાનની વચ્ચે રહેલા કહેલા કહેવાય.

**શં૦** તેજોલેસ્યા જેમ બાળવાનું કામ કરે છે તેમ શીતલેસ્યા કોઈ મૂકે તો લાભ થાય કે નુકશાન ?

**સ૦** જેના ઉપર તેજોલેસ્યા મૂકી હોય તેના ઉપર તરત શીતલેસ્યા મૂકાય તો તે જીવ ઉગરી જાય એટલે ફાયદો થાય. જેમ પ્રભુ મહાવીર ભગવાને ગૌશાલાને ઉગાર્યો હતો. શીતલેસ્યા એ તેજોલેસ્યાનું વારણ છે. મારણ માટે તેનો ઉપયોગ થતો હોય એમ જાણવામાં આવ્યું નથી.

**શં૦** તીર્થંકરોના શ્રાવક-શ્રાવિકાઓ જે કહ્યાં છે. તે ચોથા-પાંચમા ગુણસ્થાનકવાલા હોય કે પાંચમા ગુણસ્થાનકવાલા હોય ?

**સ૦** શ્રી તીર્થંકર ભગવંતોના ગણાવેલા શ્રાવક-શ્રાવિકાઓ ઘણે ભાગે પાંચમા ગુણસ્થાનકવાલા હોય, પણ કોઇ કોઇક ચોથા ગુણસ્થાનકવાલા પણ સમ્યક્ત્વમાં અતિ નિશ્ચલ હોવાથી ગણતરીમાં લેવાયા છે, એમ સમજવું.

**શં૦** સાધુના ૧૪૦ અતિચારો કયા ?

**સ૦** સિત્તેર ચરણસિત્તરીના અને સિત્તેર કરણસિત્તરીના એમ મલી એકસો-ચાલીશ ભેદે સાધુના અતિચારો છે.

**શં૦** ક્ષાયોપશમિક સમ્યક્ત્વની ઉત્કૃષ્ટ સ્થિતિ ૬૬ સાગરોપમની કહી છે, તે ત્રણ વાર અચ્યુત અને બે વાર વિજયાદિમાં જાય એ દૃષ્ટિએ કહી છે, તો અચ્યુતમાં તો ઘટી શકે છે, પણ સર્વાર્થસિદ્ધમાં તો એક જ વાર જાય છે, અને ચાર અનુત્તરમાં તો ઉત્કૃષ્ટ આયુષ્ય ૩૨ સાગરોપમનું છે, એ દૃષ્ટિએ ૬૪ સાગરોપમ થાય, પણ ૬૬ સાગરોપમ શી રીતે ?

**સ૦** ચાર અનુત્તર દેવલોકમાં તેત્રીશ સાગરોપમનું આયુષ્ય કહેલું છે, બત્રીશ સાગરોપમ મતાન્તર છે, એમ સમજવું.

**શં૦** દેવી અને તિર્યંચિણીને ક્ષાયિક સમકિત હોય કે નહી ?

**સ૦** મનુષ્યભવથી લઇને દેવીપણે કોઈ જીવ ઉત્પન્ન થયો હોય, તો ત્યાં ક્ષાયિક સમકિત સંભવે છે, છે અને તેવો જીવ જો યુગલીયામાં તિર્યંચિણીરૂપે ઉત્પન્ન થયો હોય તો ત્યાં પણ સંભવે છે. ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ જીવ યુગલીયા સિવાયની તિર્યંચગતિમાં ઉત્પન્ન થતો નથી.

**શં૦** ગર્ભજ મનુષ્યો ઉત્કૃષ્ટ કેટલા ? જઘન્યથી તો ૨૯ આંકડા હોય છે.

**સ૦** મનુષ્યની ઉત્કૃષ્ટ સંખ્યા સંમૂર્ચ્છિમ મનુષ્યો સહિત અસંખ્યાતી જણાવી છે. પરંતુ ૪૮ ઘડી સુધી સંમૂર્ચ્છિમનો વિરહકાલ સંભવિત છે. સંમૂર્ચ્છિમ મનુ-

યોને નહિં ગણતાં ગર્ભજ મનુષ્યોની સંખ્યા જઘન્યે ગણાય છે, જે ૨૯ આંકડાની છે.

**શં૦** બાવીશ તીર્થંકરોના શ્રાવકો પક્ખી, ચોમાસી અને સંવત્સરી પ્રતિક્રમણ કરે છે કે નહી? સાધુઓ તો નથી કરતા, એમ શ્રી જ્ઞાતાસૂત્રમાં એક પંથકજીનું દૃષ્ટાંત ચોમાસી પ્રતિક્રમણ અંગે આવે છે. શ્રાવકો કરતા હોય તો સાધુઓ ન કરતા હોવાથી એકલા કરતા હશે?

**સ૦** બાવીશ તીર્થંકરોના શ્રાવકો પક્ખી, ચોમાસી અને સંવત્સરી પ્રતિક્રમણ કરે, અને તે એકલા પણ સાધુઓની પાસે જઇને કરે. આપણે ત્યાં પણ પહેલા શ્રાવકો એકલા પ્રતિક્રમણ કરતા હતા. સાધુઓ કરાવતા ન હતા. થોડી સદીઓથી સાંજે પ્રતિક્રમણ કરાવવાનો રિવાજ થયો છે.

**શં૦** જિનનામકર્મ આઠમા ગુણસ્થાનક સુધી બંધાય, અને પછીથી નવમા ગુણસ્થાનકમાં કેમ ન બંધાય?

**સ૦** તથાપ્રકારના અધ્યવસાયનો અભાવ હોવાથી નવમા ગુણસ્થાનકે જિનનામકર્મ બંધાતું નથી.

**શં૦** સમવસરણમાં ત્રણ બાજુ ભગવાનનું પ્રતિબિંબ હોય છે, તેમાં આત્મપ્રદેશો અને પુદ્ગલો ઔદારિક હોય?

**સ૦** સમવસરણમાં જે ત્રણ પ્રતિબિંબ હોય તેનું શરીર વૈક્રિય હોય છે, અને તે પ્રભુજીના ઔદારિક શરીર જેવાં પ્રતિબિંબો હોય, આત્મપ્રદેશો દેવકૃત હોવાથી દેવનાં હોય છે.

**શં૦** વર્ધમાનસ્વામીના સાધુઓને અચેલક કહ્યા છે. આજે નવા વસ્ત્ર આપણે લઇએ છીએ તો અચેલકપણું શી રીતે ઘટી શકે?

**સ૦** અચેલક શબ્દમાં જે નઞ્ રહેલો છે તેના બે અર્થ થાય છે. એક અભાવ અને બીજો અલ્પ. તેથી અલ્પ વસ્ત્ર હોય તો પણ અચેલક કહેવાય.

**શં૦** પુલાક ચારિત્રવાલાનો ઉત્પાત આઠમો દેવલોક લખ્યો છે, અને શ્રાવકનો ઉત્કૃષ્ટ ઉત્પાત બારમો દેવલોક લખ્યો છે, તો સાધુ કરતાં શ્રાવક એટલો ઉંચો શી રીતે જાય?

**સ૦** બારમા દેવલોક સુધીનો સાધુનો ઉત્કૃષ્ઠ ઉત્પાત બતાવવામાં આવ્યો છે, તે શ્રાવકના વ્રત નિરતિચારપણે પળાય તો છે, અને પુલાક ચારિત્રવાલાનો ઉત્કૃષ્ટ ઉત્પાત આઠમો દેવલોક બતાવવામાં આવ્યો છે, તે સંયમની સાતિચારતામાં છે, એટલે નિરતિચારપણું અને સાતિચારપણું કારણ હોય તેમ સંભવે છે.


**જૈનો અને ખાસ કરીને જૈનેતરો માટે**
**અહિંસા ને પ્રેમના અવતારનું જીવન**

❀

જગત સાહિત્યની દૃષ્ટિએ જૈન સાહિત્ય પીરસનાર શ્રી જયભિખ્ખુની નવીન કલાકૃતિ

—નિર્ગ્રંથ—

**ભગવાન મહાવીર**

આમાં લેશ પણ સાંપ્રદાયિકતા નથી. જેમણે ધર્મનાં તત્ત્વો વિશ્વબંધુત્વમાં સમાવ્યાં. એ મહાન આત્માની કહાણી.

કિંમત ૪-૦-૦

**(૧) ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**
ગાંધીરસ્તો – **અમદાવાદ**
**(૨) સોમચંદ ડી. શાહ**
**પાલીતાણા** (સૌરાષ્ટ્ર)

**યક્ષ-યક્ષિણી આપવાનાં છે.**

શ્રી વાસુપૂજ્યસ્વામિના નવીન દહેરાસરમાં બિરાજમાન કરવા હોય તો તેને યક્ષ-યક્ષિણી વગર નકરે આપવાનાં છે.

❀

**પૂજારી જોઇએ છે.**

અત્રેના દહેરાસર માટે પૂજારી જોઈએ છે, તો દહેરાસરનાં કામકાજનો જાણકાર અને પૂજાઓ વગેરે ભણાવી શકે તેઓએ નીચેના સીરનામે અરજી કરવી.

**શ્રી વિમલનાથ જૈન દહેરાસર**
બાગલકોટ (S. Rly.)

# ✽ દ્રવ્યાનુયોગની મહત્તા ✽

પૂ૦ પંન્યાસજી ધુરંધરવિજયજી ગણિવર.

( ઢાળ ૯ મી ગાથા ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧ )

[ ગતાંકથી ચાલુ ]

[1] જો ઉત્પત્તિના પ્રવાહ સ્વરૂપનાશમાં ભૂતકાળ વગેરેના પ્રત્યય ન કહીએ અને નશ્ ધાતુનો અર્થ નાશ અને ઉત્પત્તિ એ બન્ને લઇને તે તે ઉત્પત્તિના ત્રણે કાળનો અન્વય સંભવે છે એમ કહીએ. એમ કહેતાં નાશ પામતા સમયે 'नष्टः' નાશ પામ્યો એવો પ્રયોગ ન થાય; જે માટે તે કાળે નાશોત્પત્તિનું અતીતકાળપણું નથી એ પ્રમાણે નાશવ્યવહારનું જો સમર્થન કરો છો તો વ્યવહારે ઉત્પત્તિક્ષણ સમ્બન્ધ માત્ર કહો, ત્યાં પ્રાગભાવધ્વંસના કાલત્રયથી ત્રણે કાલનો અન્વય સમર્થન કરો. અને જો એમ વિચારશો કે ઘટને વર્તમાનત્વાદિકે જેમ પટવર્તમાનત્વાદિ વ્યવહાર ન હોય, ઘટધર્મ વર્તમાનત્વાદિ કે ઘટ વર્તમાનત્વાદિ વ્યવહાર ન હોય, તેમ નાશોત્પત્તિ વર્તમાનત્વાદિ કે નાશવર્તમાનત્વાદિ વ્યવહાર ન હોય, તો ક્રિયા નિષ્ઠા પરિણામરૂપ વર્તમાનત્વ, અતીતત્વ લઇને 'नश्यति, नष्टः' 'उत्पद्यते, उत्पन्नः' એ વિભકત વ્યવહાર સમર્થન કરો. માટે જ ક્રિયાકાલ અને નિષ્ઠાકાલ એ બન્નેની એક સાથે વિવક્ષાએ 'उत्पद्यमानमुत्पन्नम्, विगच्छद् विगतम्' એ સૈદ્ધાન્તિક પ્રયોગ સંભવે પરમતમાં 'इदानीं ध्वस्तो घटः' એ આદ્યક્ષણે વ્યવહાર સર્વથા ન ઘટે, અમારે તો નયભેદે સંભવે.

અહિં સમ્મતિતર્કની સમ્મતિ આ પ્રમાણે છે.

उप्पज्जमाणकालं, उप्पण्णं ति विगयं विगच्छंतं ॥
दवियं पण्णवयंतो, तिकालविसयं विसेसेइ ॥ ३ ॥ ३७ ॥

[ ઉત્પન્ન થતા કાલને ઉત્પન્ન થયું એ પ્રમાણે અને વિલય પામતા કાળને વિલય પામ્યું એ પ્રમાણે દ્રવ્યને પ્રરૂપતો ત્રણે કાળના વિષયને વિશેષિત કરે છે ]

( ગાથા ૧૨ )

જો આગળ દ્વિતીય વગેરે ક્ષણે ઉત્પત્તિ નથી, ઘટ વગેરે દ્વિતીય વગેરે ક્ષણે અનુત્પન્ન થાય, જેમ પહેલાં એટલે ધ્વંસ થયા પહેલાં નાશ વિના 'અવિનષ્ટ' કહીએ છીએ. એ તર્ક તને કેમ સારો લાગતો નથી. ? તે માટે પ્રતિક્ષણ ઉત્પાદ—વિનાશ પરિણામ દ્વારા માનવા. દ્રવ્યાર્થાદેશે દ્વિતીયાદિ ક્ષણે ઉત્પત્તિ વ્યવહાર કહીએ તો નાશવ્યવહાર પણ તે પ્રમાણે થવો જોઇએ. વળી ક્ષણાન્તર્ભાવે દ્વિતીયાદિક્ષણે ઉત્પત્તિ પામવી જોઇએ. અકલ્પિત અનુત્પન્નતા ન હોય, તો પણ પ્રતિક્ષણ ઉત્પત્તિ વિના પરમાર્થથી અનુત્પન્નતા થવી જોઇએ.

( ગાથા ૧૩ )

ઉપર પ્રમાણે પરિણામથી સર્વ દ્રવ્યને વિષે ઉત્પાદ અને વ્યય યથાર્થપણે સમજી શકાય છે, અને દ્રવ્યપણે સર્વ દ્રવ્યો ધ્રુવ છે, એ તો સિદ્ધ જ છે, એટલે પદાર્થમાત્રમાં સમસમયે ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્યનું સમર્થન કરી શકાય છે. આ જ અભિપ્રાયથી સમ્મતિ ગ્રંથમાં આ વિચાર સમજાવતાં જણાવ્યું છે કેઃ—

---

૧ અહિંથી આ ઢાળની બે ગાથાનો અર્થ સ્વોપજ્ઞ ટબા પ્રમાણે ભાષાનું સહજ પરિવર્તન કરીને આપ્યો છે. વિશઃ વિસ્તાર માટે પછીથી પરિશિષ્ટમાં લખાશે.

"જે સંઘયણ વગેરે ભવસંસારના ભાવો છે તે સિધ્ધ દશા પ્રાપ્ત થતાં મોક્ષમાં જવાને સમયે જાય છે એટલે તે સમયે ભવસ્થ કેવલજ્ઞાન પર્યાય નાશ થાય છે, અને એ કારણે સિધ્ધપણું પ્રાપ્ત થાય છે, માટે સિધ્ધ કેવલજ્ઞાન ઉપજે છે. કેવલજ્ઞાન તે સ્વરૂપે તો ધ્રુવ છે જ, આ પ્રમાણે તે તે પરિણામે પરિણમેલા સિદ્ધ દ્રવ્યના અનુગમથી મોક્ષમાં ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્ય ઘટે છે. અને પદાર્થનું ત્રિલક્ષણ સ્વરૂપ અબાધિત રહે છે..

આ ભાવને વ્યક્ત કરતી સમ્મતિની ગાથાઓ આ પ્રમાણે છે.

जे संघायणाईआ, भवत्थकेवलिविसेसपज्जाया ॥
ते सिज्झमाणसमये, ण होंति विगयं तओ होई ॥
॥ २–३५ ॥

सिद्धत्तणेण य पुणो, उप्पण्णो एस अत्थपज्जाओ ॥
केवलभावं तु पडुच्च, केवलं दाइअं सुत्ते ॥
॥ २–३६ ॥

આગમમાં પણ આ જ સિદ્ધાંતનું સમર્થન કરતાં સૂત્રો ઉપદેશ્યા છે. "केवलनाणे दुविहे पण्णत्ते, भवत्थकेवलनाणे य सिध्धकेवलनाणे य" જો કેવલજ્ઞાનભાવમાં ધ્રૌવ્ય એક જ હોત તો ઉપર પ્રમાણે તેના બે ભેદ થઇ શકે નહિં, પણ જે ભેદ પ્રરૂપેલ છે તે સમજાવે છે કે, તેમાં પણ પર્યાયનયની વિચારણા છે, અને ત્રિલક્ષણ સ્વરૂપ છે. ઉપરની વિચારણાથી સિદ્ધોમાં ત્રિલક્ષણસ્વરૂપ સમજાય છે, પણ એ સ્થૂલવ્યવહારે છે, પણ સૂક્ષ્મનયની વિચારણા પ્રમાણે તો ઋજુસૂત્રનયની વિચારણા પ્રમાણે સમજવું જોઇએ. એ નયને આશ્રયીને તો સમયે સમયે ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્ય છે. તેમાં દ્રવ્યાર્થાદેશને આધારે ધ્રૌવ્ય છે, એ સ્પષ્ટ છે. પણ ઉત્પાદ ને વ્યય સમયે સમયે કઇ રીતે છે, એ સૂક્ષ્મ રીતે વિચારણીય છે. સૂક્ષ્મ ઋજુ સૂત્રનય તે આ પ્રમાણે સમજાવે છે.

કેવલજ્ઞાન અને કેવલદર્શન ત્રણે કાળના સર્વ પદાર્થો સર્વ પર્યાયોયુક્ત જે જાણે છે અને જુએ છે તેમાં પણ તે તે ભાવોમાં ત્રણે કાળ આવે છે, જે ભાવો તે જ્ઞાન–દર્શનમાં વર્તમાન સમયે વર્તમાન સ્વરૂપે છે, તે જ ભાવો તે જ્ઞાનદર્શનમાં ભૂત અને ભવિષ્ય સમયના વર્તમાનસ્વરૂપે નથી, બીજો સમય આવે છે ત્યારે જ્ઞાન–દર્શનમાં ભવિષ્યસમય સ્વરૂપે રહેલા ભાવો વર્તમાનસ્વરૂપે ઉપજે છે, અને વર્તમાનસ્વરૂપે પૂર્વસમયે રહેલા ભાવો વિલય પામીને ભૂતસ્વરૂપે ઉપજે છે. આ પ્રમાણે સિદ્ધને પ્રથમ સમયે વર્તમાનાકાર જે છે તેનો દ્વિતીય સમયે નાશ અને અતીતાકારે ઉત્પાદ, ધ્રૌવ્ય તો છે જ. આ પ્રમાણે આગળ આગળ વિચારવું.

ઉપર પ્રમાણે દૃશ્યાકારના સંબંધને આશ્રયીને કેવલજ્ઞાન તથા કેવલદર્શનમાં ત્રિલક્ષણપણું સ્પષ્ટ થાય છે, પણ નિરાકાર જે સમ્યક્ત્વ, વીર્ય વગેરે ભાવો છે, તેમાં તો ત્રિલક્ષણપણું અન્ય પ્રકારે સમજવું આવશ્યક છે. સિદ્ધ વગેરે શુધ્ધ દ્રવ્યને વિષે તે તે સ્વરૂપો ધ્રૌવ્યરૂપે અવસ્થિત રહે છે.

જે પ્રથમ સમયે સિદ્ધાત્મામાં ક્ષાયિક સમ્યક્ત્વ અનંતવીર્ય વગેરે છે તે સમયે તેની અવસ્થીતિ તે સમય પૂરતી છે, બીજે સમયે તે ગુણોનો સંબંધ જુદો થાય છે. પ્રથમ અને બીજો એવો ભેદ જે સમયોમાં છે તે જ સમજાવે છે કે, તેમાં કાંઈક જુદાપણું છે. જુદા જુદા સમયો સાથે સંબંધ પણ જુદો જુદો થાય, એટલે તે તે ક્ષાયિક ગુણોમાં પ્રથમ સમયે જે સંબંધ હતો તે બીજે સમયે નાશ પામ્યો અને બીજા સમય

સાથેનો સમ્બન્ધ ઉત્પન્ન થયો. ક્ષણુસમ્બન્ધ માત્રથી તો તેમાં ધ્રુવતા છે. આ પ્રમાણે ત્રિલક્ષણપણું તેમાં વિચારવું. જો એમ ન વિચારાય તો તે તે ગુણો ભાવરૂપ ન રહે, અભાવરૂપ થઈ જાય. કારણ કે ભાવરૂપતા ત્રિલક્ષણપણાને અધીન છે. જેમાં એ ત્રિલક્ષણ-પણું નથી તે અભાવ છે, જેમ શશશૃંગ, ગગનકુસુમ, કૂર્મક્ષીર, વંધ્યાપુત્ર વગેરે.

આ પ્રમાણે જીવ અને પુદ્‌ગલને મુખ્યપણે સ્વપર્યાયોથી તથા આકાશ, ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયને મુખ્યપણે પરપર્યાયોથી એકકાલે અનેક પ્રકારે ઉત્પત્તિ અને નાશ સંભવે છે. દ્રવ્યના જેટલા સ્વપર્યાયો અને પરપર્યાયો છે તેટલા જ તેના ઉત્પત્તિ અને નાશ છે. જેટલા ઉત્પત્તિ ને નાશ છે તેટલા જ તેના ધ્રૌવ્યસ્વરૂપો છે. સ્થુલ અપેક્ષાએ ધ્રૌવ્યસ્વરૂપ એક જ પ્રકારનું છે એમ લાગે, છતાં સૂક્ષ્મવિચારણા કરતાં જે જે પૂર્વાપર સ્વ-પર પર્યાયો છે તે સર્વને અનુગત આધારાંશ તેટલા જુદા જુદા થાય અને તેસર્વ ધ્રૌવ્યસ્વરૂપે ગણાય.

આ વિચારને સ્પષ્ટ સમજાવતી સમ્મતિ ગાથા આ પ્રમાણે છે.

"एगसमयम्मि एगदवियस्स बहुआ वि होंति उप्पाया।
उप्पायसमा विगमा ठिई उ उस्सग्गओ नियमा
॥ ३-४१ ॥"

[ એક સમયે એક દ્રવ્યના ઘણાયે ઉત્પાદો હોય છે. ઉત્પાદો જેટલા છે તેટલા વિગમો છે અને સ્થિતિ ધ્રૌવ્ય નિશ્ચયે ઉત્સર્ગથી છે ]

પર્યાયાર્થિક નયને અનુસારે ઉત્પાદ અને વ્યય સમજાય ત્યારે ઉત્પાદની વિશદ વિચારણા કરવી જરૂરી છે. એ વિચારણા પર્યાયાર્થિક નયને ખૂબ પોષણ કરનારી અને સૂક્ષ્મ રીતે સમજાવનારી છે.

ઉત્પાદની વિચારણા આ પ્રમાણે છે.

ઉત્પાદ એટલે ઉત્પન્ન થવું. તેના બે મુખ્ય બે પ્રકાર છે. એક પ્રયોગથી ઉત્પન્ન થનાર એ પ્રયોગજ ઉત્પાદ કહેવાય છે. અને બીજો સ્વભાવથી ઉત્પન્ન થનાર. આ સ્વભાવજનિત ઉત્પાદને વીસસા-વિશ્રસા ઉત્પાદ કહેવામાં આવે છે. પ્રયોગજ ઉત્પાદ એ વ્યવહારનો છે, એટલા માટે તે અવિશુદ્ધ કહેવાય છે. આ પ્રયોગજ ઉત્પાદનો નિર્ણય સમુદયવાદે થાય છે અને પ્રયત્નો પૂર્વક થતાં અવયવોના સંયોગોદ્વારા એ સિદ્ધ થાય છે.

અહિં સમ્મતિતર્કની ગાથા છે.

"उप्पाओ दु विअप्पो, पओगजणिओ अ वीससा चेव।
तत्थ य पओगजणिओ, समुदयवाओ अपरिसुद्धो ॥
३-३२ ॥"

[ ઉત્પાદ બે પ્રકારનો છે. પ્રયોગજનિત અને બીજો વિશ્રસા. તેમાં પ્રયોગજનિત તો સમુદય-વાદનો અને અપરિશુદ્ધ છે. ]

જે સહજ સ્વાભાવિકપણે થાય, જેમાં પ્રયત્ન કારણભૂત ન હોય તે ઉત્પાદ વિશ્રસા કહેવાય છે. વિશ્રસા ઉત્પાદના બે ભેદ છે. એક સમુદયજનિત અને બીજો ઐકત્વિક. સમ્મતિમાં કહ્યું છે કે-

"साहाविओ वि समुदयकओ व्व एगत्तिओत्थ होज्जाहि" ॥ ३-३३ ॥

[ સ્વાભાવિક પણ સમુદયકૃત અને ઐક-ત્વિક થાય છે ] તે બે ભેદમાં વાદળ વગેરેના થતાં અચિત્તસ્કન્ધો એ સમુદયજનિત વિશ્રસા પ્રયોગ છે. વળી સચિત્ત, મિશ્ર, શરીર, વર્ણ વગેરેનો નિર્ધાર ઉપર પ્રમાણે વિચારવો.

જે વિશ્રસા ઉત્પાદમાં સંયોગકારણ નથી તે ઐકત્વિક ઉત્પાદ જાણવો. એ ઉત્પાદ દ્રવ્યના વિભાગથી સિદ્ધ છે. જે પ્રમાણે બે અણુઓ મળી દ્વિપ્રદેશ, એ પ્રમાણે વધારે અણુઓવાળા જે સ્કન્ધો છે તેમાંથી જ્યારે તે છુટા પડે છે, ત્યારે તેમનું અણુપણું પુનઃ પ્રકટ થાય છે. એ અણુના ઉત્પાદમાં વિભાગ કારણ છે. વળી કર્મના વિભાગે સિદ્ધપર્યાય ઉપજે છે નૈયાયિકો માને છે કે, અવયવોના સંયોગોથી જ દ્રવ્યની ઉત્પત્તિ થાય છે પણ વિભાગથી થતી નથી. પણ તેઓનું એ કથન વ્યાજબી નથી. તેઓને પણ એકત્વાદિ વિભાગે ખંડપટોત્પત્તિ માન્યા વગર છુટકો નથી.

જો નૈયાયિકો ખંડપટોત્પત્તિમાં એમ કહે કે હજાર તંતુના પટમાંથી વિભાગ કરીને પાંચસો પાંચસો તંતુના બે પટો કરવામાં આવે તો એ હજાર તંતુના પટના વિભાગથી બન્યા છે એમ નહિં પણ હજાર તંતુ જે જોડાયા હતા તે પાંચસો તંતુના પટમાં પ્રતિબંધરૂપે હતા. એ પ્રતિબન્ધક દૂર થયું એટલે પાંચસો તંતુનો જે સંયોગ હતો તેથી પાંચસો તંતુનો પટ ઉત્પન્ન થયો એ પ્રમાણે પાંચસો તંતુના પટમાં સંયોગ જ કારણ છે પણ વિભાગ કારણ નથી. પ્રતિબન્ધકાભાવ સહિત અવસ્થિતાવયવ સંયોગને હેતુતા માનવી. આ પ્રમાણે નૈયાયિક વિભાગને દ્રવ્યોત્પાદક ન માનવાના આગ્રહમાં દૂર દૂરની કલ્પના કરીને વ્યવસ્થા જાળવવાનો જે પ્રયાસ કરે છે તે ખરેખર બુધ્ધિની વિડમ્બના છે. લાઘવપ્રિય નૈયાયિકને તો એ શોભતું નથી. માટે સ્થલવિશેષમાં સંયોગને અને સ્થલ-વિશેષમાં વિભાગને દ્રવ્યોત્પાદક માનવો. એથી વિભાગથી થતો પરમાણૂત્પાદ પણ અર્થ સિધ્ધ થાય છે.

સમ્મતિ મહાગ્રન્થમાં આ વાત આ પ્રમાણે સૂચવી છે.

दव्वंतरसंजोगा हि, केई दवियस्स बिंति उप्पायं ।।
उप्पायत्थाऽकुसला, विभागजायं ण इच्छंति
।। ३-३८ ।।

अणुदुअणुएहिं दव्वे आरद्धे 'तिअणुअं' ति ववएसो
तत्तो अ पुण विभत्तो 'अणु' त्तिजाओ अणु होइ
।। ३-३९ ।।

[ કેટલાએક દ્રવ્યાન્તરના સંયોગથી જ દ્રવ્યનો ઉત્પાદ થાય છે એમ કહે છે, તેઓ ઉત્પાદવિષયક જ્ઞાનમાં કાચા છે. વિભાગથી થતા ઉત્પાદને તેઓ માનતા નથી; અણુની સાથે દ્વયણુક જોડાવાથી જે દ્રવ્ય ઉપજે છે તે 'ત્ર્યણુક' એ પ્રમાણે કહેવાય છે, વળી તેમાંથી છુટો પડે એટલે 'અણુ' જન્મ્યો ને અણુ થયો એમ કહેવાય. ]

આમ વિભાગજ દ્રવ્યોત્પાદ માનવા જોઈએ.

(ચાલુ)

એક નવા પત્રના તંત્રીની ઓફીસનો પટાવાળો અંદર આવીને તંત્રીને કહે છે; ' સાહેબ ! બહાર એક ભીખારી આવીને ઉભો છે, તે કહે છે કે, મેં સાત દિવસથી કાંઈ ખાધું નથી. '

તંત્રી — ' એમ ! તો પછી એને જલદી પકડીને અંદર લાવ. વગર ખાધે એ કેવી રીતે દિવસો કાઢી શકે છે, તે આપણે એની પાસેથી જાણી લઇએ, નહિતર આપણા પેપરનો હવે બીજો અંક નીકળે તેમ લાગતું નથી.

# કુલવધૂ

લેખક: વૈદરાજ શ્રી મોહનલાલ ચુનીલાલ ધામી

( 'કલ્યાણ'ની ચાલુ ઐતિહાસિક વાર્તા )

**વહી ગયેલી વાર્તા :–** પોતનપુરના પ્રિયંગુ શેઠનો પુત્ર દેવદિન્ન પોતાની પત્ની સરસ્વતીને સ્વમાનથી ઘવાયેલો પરણ્યાની પહેલી રાત્રે કાઢી મૂકે છે, કમાવા માટે પરદેશ પ્રયાણ કરે છે. સુંદરપુરમાં આવે છે. નગરમાં કુટ્ટપ્રભાની જાળમાં તે ફસાય છે. સર્વસ્વ ગુમાવીને તે કુટ્ટપ્રભાનો ગુલામ બને છે. પ્રિયંગુને આ સમાચાર મળે છે. શાણી પુત્રવધૂ સસરાજીની સમ્મતિ મેળવી તે સુંદરપુર આવે છે. સોમદત્ત સાર્થવાહનું નામ રાખી અંધેરનગરીની કુટ્ટપ્રભાનો પોતાની કુશળતાથી પરાભવ કરે છે. કુટ્ટપ્રભાને તેમજ તેના સઘળાએ દાસ–દાસીઓને ઉદારભાવે તે ગુલામીના બંધનમાંથી મુક્ત કરે છે. સિવાય દેવદિન્ન, દેવદિન્નને સાથે લઇ સોમદત્ત ( સરસ્વતી ) સાર્થવાહ સ્વદેશ ભણી પ્રયાણ કરે છે. સાગરમાં વહાણ મારફતે આગળ વધતાં રસ્તામાં એક સવારે સરસ્વતી–સોમદત્તસાર્થવાહ દેવદિન્નને બોલાવે છે. દેવદિન્નને પોતાના જીવનમાં સરસ્વતીને કરેલા અન્યાય માટે પારાવાર પશ્ચાત્તાપ જાગે છે, અને આવેશમાં આવી તે દરિયામાં પડતું મૂકે છે. સોમદત્ત–સરસ્વતી તરત આ બનાવને જાણીને દેવદિન્ન માટે દરિયામાં માણસોને ઝંપલાવે છે. દેવદિન્નનો પત્તો લાગે છે. હજુ તેની મૂર્છા ઉતરી નથી. સરસ્વતી પુરૂષવેશમાં પોતાના સ્વામીની સેવા કરી રહી છે. હવે વાંચો આગળ —

## પ્રકરણ ૧૨ મું

### દેવદિન્નની વ્યથા

ઉત્તમ પ્રકારનો વેશ ધારણ કરીને નારી કદાચ પોતાની જાતને છૂપાવી શકે; પરંતુ એના પ્રાણમાં કવિતા માફક સચવાઇ રહેલી મમતા કદી પણ છૂપાઇ શકતી નથી.

સરસ્વતી નવયૌવના હતી, બુધ્ધિમતી હતી અને સર્વ કળાઓમાં પારંગત પણ હતી; તેણે ધારણ કરેલો પુરુષવેશ એટલો અદ્ભૂત હતો કે કોઇપણ માનવી એવી કલ્પના પણ કરી શકતું નહોતું કે આ એક નારી છે !

સરસ્વતી સોમદત્ત નથી એ વાત કેવળ એનો મુનિમ જ જાણતો હતો અને એક એની વિશ્વાસુ પરિચારિકા જાણતી હતી. આ સિવાય કોઇને ખ્યાલ ન હોતો. સહુ એને એક ઉદાર મનના નવજુવાન શેઠ તરીકે જ ઓળખતા હતા.

દેવદિન્ન એની સાથે એક જ ગુરુના ઘેર ભણ્યો હતો, પરણ્યો હતો છતાં તે પણ ઓળખી શકયો ન હોતો. સરસ્વતીની વેશપરિવર્તનની કળાનો આ વિજય હતો.

પરંતુ દેવદિન્નને સાગરમાંથી બહાર કાઢીને પોતાના કક્ષમાં મૂકયા પછી તેનું નારીહૃદય દર્દ, કરુણા અને મમતાથી વિચલિત બની ગયું હતું.

દેવદિન્નની મૂર્છા દૂર કરવા માટે તેણે બે ઘટિકા પર્યંત પ્રયત્ન કર્યો હતો અને એની ભાવનાભરી સેવાનું ફળ પણ મળી ગયું . દેવદિન્નની મૂર્છા વળી. તેણે આંખો ખોલી. હોઠ ફફડાવ્યા.

વહાણના મુખ્ય ચાલકે તરત એક તરલ ઔષધિનું પાત્ર સોમદત્ત શેઠના હાથમાં મૂકયું. સરસ્વતીએ તે પાત્ર દેવદિન્નના મુખ પાસે ધરતાં કહ્યું; " આ ઔષધિ પી જાઓ. "

દેવદિન્ને ચકળવકળ નજરે ચારે તરફ જોયું અને સાવ દબાયેલા સ્વરે કહ્યું. " હું કયાં છું ? "

" તમે નિર્ભય સ્થળે છો. તમારા જ વહાણમાં છો. પ્રથમ આ ઔષધ પી જાઓ. " સરસ્વતીએ પોતાના એક હાથ વડે તેનું મસ્તક ઉંચું કરતાં કહ્યું.

દેવદિન્ન ઔષધ પી ગયો.

વહાણના મુખ્ય ચાલકે કહ્યું. " શેઠજી, હવે કશો ભય નથી. "

સરસ્વતીએ પાછળ ઉભેલા મુનિમજી સામે જોઈને બહાર જવાનો ઇશારો કર્યો.

મુનિમ બહાર નીકળી ગયો.

વહાણનો મુખ્ય ચાલક અને બીજા ખલાસીઓ પણ બહાર નીકળી ગયા. એકમાત્ર સરસ્વતીની વિશ્વાસુ પરિચારિકા ઉભી રહી.

ઔષધિનો પ્રભાવ તત્કાળ થવા માંડયો અને દેવદિન્ને બેઠા થવાનો પ્રયત્ન કર્યો. તરત જ નારીસુલભ સ્વભાવને વશ બનીને સરસ્વતી બોલી ઉઠી. " હાં હાં બેઠા થશો નહિં. "

દેવદિન્ન સરસ્વતીના સુંદર અને ભાવભર્યાં નયનો સામે પલભર જોઈ રહ્યો. અને તેના અંતરમાં પોતાની પત્નીનાં નયનો યાદ આવ્યાં. તે બોલ્યો; " શેઠજી, આપ ખૂબજ દયાળુ છો. મારા પર આપે શા માટે દયા ન કરી ? "

સરસ્વતી કશું સમજી શકી નહિ. તેણે પરિચારિકાને સુંઠ–પીપરીમૂળની રાબ લાવવાનું જણાવ્યું. પરિચારિકા મસ્તક નમાવીને ચાલી ગઈ.

ત્યારપછી સરસ્વતીએ કહ્યું. " આપનો પ્રશ્ન મારાથી સમજાયો નહિં."

" મને શા માટે બચાવ્યો ? "

" આત્મહત્યાના ભયંકર પાપમાંથી બચાવી લેવા ખાતર. ! " સરસ્વતીએ કહ્યું.

' ઓહ્ ! ' કહીને દેવદિન્ન કંઈક નિરાશ બની ગયો.

સરસ્વતીએ તેના કપાળ પર હાથ મૂકતાં કહ્યું. ' આપ સ્વસ્થ બની ગયા છો ? "

' હા...'

' મારા એક સવાલનો ઉત્તર આપશો ? '

' હા...'

" સાગરમાં શા માટે પડયા હતા " સરસ્વતીએ પ્રશ્ન કર્યો.

પ્રશ્ન સાંભળતાં જ દેવદિન્નના બંને નયનો સજળ બની ગયાં. બે પળના મૌન પછી તે બોલ્યો. ' શેઠજી, હું આપને શું કહું ? મારા હાથે એક ભયંકર અપરાધ થઈ ગયો હતો. પરણીને તરત જ મેં મારી નિર્દોષ પત્નીને તરછોડી દીધી હતી. મારા એ અપરાધનું પ્રાયશ્ચિત્ત કરવા જ હું સાગરમાં કૂદી પડયો હતો. '

સરસ્વતીના અંતરમાં સહજ ખળભળાટ થવા માંડયો. છતાં તે પોતાનો મનોભાવ દબાવીને બોલી. , આપની પત્ની કુરૂપ હતી. ? '

' ના. રૂપવતી હતી, તેજસ્વી હતી અને પવિત્ર પણ હતી.

' એનો કંઇક વાંક તો હશેને ? , સરસ્વતીએ વેધક નજરે દેવદિન્ન સામે જોયું.

દેવદિન્ન બોલ્યો. ' શેઠજી, એનો કોઇ વાંક ન હોતો. અમે સાથે જ ભણતાં હતાં. એ વખતે તેણે સ્ત્રીશક્તિ પરત્વે એવા વિચારો રજુ કરેલા કે મને એમાં ગર્વ દેખાયો હતો. આ ડંખ ખાતર જ મેં તેની સાથે લગ્ન કર્યાં...'

સરસ્વતી વિચારમાં પડી ગઈ ત્યાં પરિચારિકા રાબડી લઈને આવી પહોંચી. રાબનું સુવર્ણપાત્ર સરસ્વતીને આપીને તે તરત ચાલી ગઇ. સરસ્વતીએ કહ્યું. ' આ રાબ પી જાઓ. હું તમને આજથી મુક્ત કરું છું તમે ભારતના જે બંદરે કહેશો તે બંદરે ઉતારીશ. '

દેવદિન્ન પ્રસન્ન નજરે સોમદત્ત સામે જોઇ રહ્યો. સરસ્વતીએ કહ્યું. ' લ્યો, આ રાબ પી જાઓ. '

દેવદિન્ન–શય્યામાં બેઠો થયો અને રાબનું પાત્ર લેવા હાથ લંબાવ્યો. સરસ્વતીએ કહ્યું. ' હું જ પાઉ છું. '

' આપનો આ ઉપકાર. ' દેવદિન્ન વાકય પુરૂં કરી શકયો નહિ. તે પહેલાં જ સરસ્વતીએ રાબનું પાત્ર તેના મોઢા સામે ધર્યું.

રાબનું પાન થઇ ગયા પછી દેવદિન્ન સામે જોઇને સરસ્વતીએ કહ્યું. ' આપ કયા બંદરે ઉતરવા ઇચ્છો છો ? '

' પોતનપુર. '

' શું આપ પોતનપુરના વતની છો ? ,

' હા. ,

'ત્યાં જઈને આપ શું કરશો ?'

'સૌથી પ્રથમ હું મારા અપરાધનું પ્રાયશ્ચિત કરીશ.'

'એટલે ?'

'મારી પત્નીની ક્ષમા માગીશ...' દેવદિન્ને કહ્યું.

'આપની પત્ની ક્ષમા નહિં આપે તો !'

'મારૂં હૃદય કહે છે કે તે જરૂર ક્ષમા આપશે...' દેવદિન્ને હર્ષથી કહ્યું.

સરસ્વતી વિચારમાં પડી ગઇ. બે ચાર પળ પછી બોલી: 'આપે કરેલા તિરસ્કારથી આપની પત્નીને દુઃખ થયું હોય તે તો સ્વાભાવિક છે. એ દુઃખના નિવારણ માટે તેણે કદાચ આત્મહત્યા...'

વચ્ચે જ દેવદિન્ન વ્યાકુળ બનીને બોલી ઉઠયો: "ના...ના...ના... સરસ્વતીનું હૃદય એટલું નબળું નથી... એ ખૂબજ ઉદારચિત્ત છે. ધર્મપરાયણ છે... એ કદી પણ આત્મહત્યા ન કરે. એનામાં દુઃખને પી જવાની શક્તિ છે."

સરસ્વતીએ ગંભીર સ્વરે કહ્યું..." મને આપના શબ્દોમાં વિશ્વાસ નથી વસતો."

દેવદિન્નના હૈયાપર જાણ્યે ફટકો પડયો. તે અભિભૂત ભાવે સોમદત્તના સુંદર વદન સામે જોઇ રહ્યો.

સોમદત્તરૂપી સરસ્વતીએ કહ્યું..., 'તમે કહો છો કે પરણીને તરત તમે તેનો ત્યાગ કર્યો હતો... પછી તમને તેના ગુણ-અવગુણનો પરિચય કેવી રીતે થયો હતો ?'

"અમે સાથે ભણ્યાં હતાં."

"એટલે સરસ્વતી ઉત્તમ ગુણવાળી છે, એવું જાણતાં હોવા છતાં તમે તેનો ત્યાગ કર્યો હતો એમ જ ને ?" સરસ્વતીએ કહ્યું,

"હા, તેથીજ હું ભયંકર અપરાધી છું." કહી દેવદિન્ન શય્યામાંથી ઉભો થયો.

સરસ્વતીએ તરત કહ્યું: "નહિં, આપ આરામ કરો, ઉભા થવાની જરૂર નથી."

દેવદિન્ન પાછો બેસી ગયો.

ત્યાં પરિચારિકા આવી, અને બોલી: "શેઠજી, ભોજન તૈયાર છે."

"સારૂં, હું ત્યાં જ આવું છું. આમના માટે માત્ર દાળ-ભાતની થાળી લઇને અહીં આવજે. એમને જમાડ્યા પછી જ હું આવીશ." સરસ્વતીએ કહ્યું.

પરિચારિકા ચાલી ગઇ.

દેવદિન્ને કહ્યું: "શેઠજી, આપ જમી લો ને. મારા ખાતર...."

"તમે મારી ચિંતા ન કરશો, હવે તમે મારા મિત્ર છો." સરસ્વતીએ કહ્યું.

ત્યારપછી થોડી પળો નીરવ ચાલી ગઈ. ત્યાં તો પરિચારિકા પણ દાળ-ભાતની થાળી લઇને આવી ગઈ.

સરસ્વતીએ પોતાના સ્વામીને પાસે બેસીને ભોજન કરાવ્યું. ત્યારપછી તેણે પરિચારિકા સામે જોઇને કહ્યું; "તું અહીં જ બેસજે, હું જમીને હમણાં જ આવું છું." કહી સરસ્વતી ઉભી થઈ, અને દેવદિન્ન સામે જોઇને બોલી: "હું હમણાં જ આવું છું."

દેવદિન્ને આભારસૂચકભાવે મસ્તક નમાવ્યું.

પુરૂષવેશમાં નવજવાન જણાતી સરસ્વતી ચાલી ગઈ.

ભોજન કર્યા પછી તે તરત પાછી આવી. સંધ્યા થઇ ગઇ હતી. સરસ્વતીનું સમધુર દ્રશ્ય વિરાટ સાગર પર કાવ્યની અગોચર કલ્પના બિછાવી રહ્યું હતું.

સોમદત્તરૂપી સરસ્વતી દેવદિન્નને લઇને વહાણના તુતક પર આવી. સૂર્યાસ્તનું દ્રશ્ય દેવદિન્નના હ્રદયને પણ પ્રસન્ન બનાવી રહ્યું હતું. સરસ્વતીએ કહ્યું: "દેવદિન્નજી, આપે આપના પત્નીને સાથે લઇને સાગરની સફર કરી હોત તો..."

"શેઠજી, હું કમભાગી એવી કલ્પનાને યોગ્ય રહ્યો જ નથી," દેવદિન્ને કંઇક દર્દભર્યા સ્વરે કહ્યું,

દેવદિન્નના હૈયામાં થતું દર્દ સરસ્વતી પારખી ગઇ, તે બોલી: "તમે નિરાશા ખંખેરી નાંખો, મારી એક

શિખામણ હૈયામાં સાચવી રાખે તો કહું."

"કહો."

"સ્ત્રીને કદી પણ તુચ્છ માનશો નહિં, એ એક પરમ મંગળ શક્તિ છે." સરસ્વતીએ કહ્યું.

દેવદિન્ન અસ્ત થઈ ચૂકેલા સૂર્યના અંતિમ કિરણો તરફ જોઈ રહ્યો હતો, તે બોલ્યો: "શેઠજી, આપ સત્ય કહો છો."

દેવદિન્નની અંતરવ્યથા જોઈને સરસ્વતી વધુ પ્રશ્ન કરવાનું સાહસ કરી શકી નહિ. કારણ કે દેવદિન્નની વ્યથા તેના હૈયાને પણ આંચકો મારી રહી હતી. તેને એમજ થતું હતું કે અત્યારે જ સ્વામીના ચરણમાં ઢળી પડું, અને બધી વાત કહી દઉં. પરંતુ તે મનને કઠણ રાખી રહી હતી. તે બોલી: "હવે તમે આરામથી સૂઈ જાઓ, મનને પ્રસન્ન રાખજો."

સૂર્યના અંતિમ કિરણો પણ વિદાય લઇ ચૂક્યાં હતાં, અને ધુંધળો પ્રકાશ સાગરને ગળી જવાનો ઉપક્રમ કરતો હોય તેમ જણાતું હતું.

દેવદિન્ન પોતાની ઓરડી તરફ જવા અગ્રસર થયો, એટલે સરસ્વતી બોલી ઉઠી: "આજ તો તમારે મારા જ કક્ષમાં આરામ લેવાનો છે."

દેવદિન્ન કશું બોલ્યા વગર નવજવાન સોમદત્તની સાથે તેના કક્ષમાં ગયો.

કક્ષમાં દીપમાલિકા પ્રગટાવવામાં આવી હતી. એનો સુમધુર પ્રકાશ સારાયે કક્ષમાં સુવર્ણરંગી હાસ્ય બિછાવી રહ્યો હતો.

પોતાની શય્યાપર દેવદિન્નને બેસાડીને સરસ્વતીએ કહ્યું "આપ બેસો...હું હમણાં જ નિત્યકર્મ કરીને આવું છું."

કક્ષમાં એક અભ્યંતર ખંડ હતો, સરસ્વતી અંદર ચાલી ગઇ, અંદર ગયા પછી એક આસન પર થોડી પળો સુધી વિચાર કરતી બેસી રહી. ત્યારપછી તેણે પ્રતિક્રમણ કરવા અર્થે વસ્ત્રો બદલાવ્યાં અને સ્વસ્થ ચિત્તે તે ધર્મકાર્યમાં પ્રવૃત્ત બની ગઈ.

નિત્યકર્મથી નિવૃત્ત થયા પછી તેણે પોતાની એક પેટિકા ખોલી અને તેમાંથી લગ્નના દિવસે જે કપડાં પહેર્યાં હતાં તે કાઢ્યાં.

ત્યાર પછી દીપમાલિકા સતેજ કરીને તેણે એ વસ્ત્રો ધારણ કર્યાં. અલંકારો પણ ધારણ કર્યાં.

પરિચારિકા અંદર આવી. તે સરસ્વતીનું રૂપ જોઈને ચમકી ઉઠી. અતિમૃદુ સ્વરે બોલી ઉઠી, "આજે જ..."

"હા વિદુ. એમનું દર્દ હવે મારાથી સહી શકાતું નથી. એ શું કરે છે ?"

"વિચારમાં બેઠાં છે..."

"વિચારમાં ?"

"હા...ખૂબજ ગંભીર વિચારમાં છે. એકવાર તેઓએ પાણી મંગાવ્યું હતું."

"સૂતા નથી ?"

"ના..."

"હં...કહીને એક દર્પણમાં સરસ્વતીએ જોયું. ત્યાર પછી તે બોલી, "વિદુ" અંજન, તિલક અને કેશકલાપ તુંજ કરી દે."

વિદુલાએ તરત સરસ્વતીનો અંબોડો સરખો કર્યો, આંખમાં અંજન લગાવ્યું અને કપાળમાં કમળનો ચંદ્રક કર્યો.

આટલું થયા પછી સરસ્વતીએ કહ્યું, "હવે તું જા...એમને કહેતી જજે હમણાં જ સોમદત્ત આવે છે.

"સારૂં" કહીને વિદુલા વિદાય થઇ.

ક્રમશઃ

## - નવા સભ્યોની શુભ નામાવલિ -

૧૦૧) શ્રી જયંતિલાલ મણીલાલ કોલ્હાપુર
શ્રી ચીમનલાલ રતનચંદ સાંડસાની શુભ પ્રેરણાથી
૨૫) સંઘવી ચંપકલાલ આશકરણ અંજાર
૨૫) કોઠારી જેઠાલાલ હીરાચંદ ખેડબ્રહ્મા
શ્રી દેવચંદભાઇ ભાયચંદની શુભ પ્રેરણાથી
૧૧) શ્રી મેલાપચંદ તારાચંદ ખેડબ્રહ્મા
ઉપર મુજબની શુભ પ્રેરણાથી
૫૦ પંન્યાસજી કનકવિજયજી ગણિવરની શુભ પ્રેરણાથી થયેલા સભ્યોનાં નામો નીચે મુજબ
૨૧) શ્રી માણેકચંદ ગુલાબચંદ સાવરકુંડલા
શ્રી જયાબેનની ભાગવતી પ્રવ્રજ્યા નિમિત્તે
૧૧) શ્રી દુર્લભજી કપુરચંદ વાંકાનેર
પોતાની સુપુત્રી શ્રી જશવંતીબેનની ભાગવતિ પ્રવ્રજ્યા નિમિત્તે.
૧૧) શ્રી કુંવરજી રતનશી ફીફાદ
૧૧) શ્રી પોપટલાલ ચુનીલાલ તાજપુરી
૧૧) શ્રી બાબુલાલ ભગવાનજી દાદર
૧૧) શ્રી ઉમચંદ સરૂપજી આહોર
૧૧) ડૉ૦ એલ. એન. શાહ કુંદરોડી
૧૧) શ્રી જૈન સંઘ ગાંભુ
શ્રી દીપચંદભાઈ ટી. શાહની શુભપ્રેરણાથી
૧૧) શ્રી સુકનરાજ મોહનલાલ રાજમહેન્દ્રી

( અનુસંધાન મુખ પેજ ૪ નું ચાલુ )

જગતમાં કોઈપણ માનવી જુગારમાં જીતી શકતો નથી. કોઈ વખતે જીત દેખાતી હોય છે તો તે પણ એક ભયંકર હારના પૂર્વરૂપ જેવી જ હોય છે. આ જુગારમાં પાંડવો પાયમાલ થઈ ગયા હતા, રાજા હરિશ્ચંદ્ર પણ રઝળતા બની ગયા હતા. આવો દરેક દૃષ્ટિએ ત્યજવા જેવો જુગાર તને કેવી રીતે પસંદ પડયો ?"

વિવેકદૃષ્ટિનો આ બોલ સાંભળતાં જ સુમતિ ઉભો થઈ ગયો અને બધા મિત્રોને ત્યાં ને ત્યાં મૂકી ચાલ્યો ગયો.

સુમતિની વિવેકબુધ્ધિએ એ પણ જણાવ્યું કે, દોષ કરવાની ભાવના પણ મનમાં દબાવી રાખવી એ પણ દોષ છે. તેણે તરત રાજા પાસે જઇ પોતાને જાગેલી ભાવના કહી સંભળાવી.

સુમતિની વિવેકબુધ્ધિ જોઈને રાજા તો પ્રસન્ન જ હતો. પરંતુ એક શરત કરવા જેટલી એ વિવેકબુધ્ધિ તીવ્ર બનેલી જોઇને રાજા બોલ્યો. "પુરોહિતજી, તમે એવી વિવેકદૃષ્ટિ પ્રાપ્ત કરી છે કે જેના યોગે તમે તરી જશો."

કહેવાનો આશય એ છે કે, માનવીના પ્રાણમાં વિવેકદૃષ્ટિ જાગે તો સારાસારનો વિચાર કરવાની વૃત્તિ જાગે અને નઠારાં કામો કરતાં માનવી અટકી જાય.

આજે માનવજાતમાં જે પ્રકારની ગુન્હાભરી વૃત્તિ ઉછળી રહી છે, તેનું મુખ્ય કારણ પણ એ જ છે કે, વિવેકદૃષ્ટિ કેળવવામાં માનવીને રસ નથી.

સમાજના કે રાષ્ટ્રના કહેવાતા આગેવાનો પણ વિવેકબુધ્ધિના અભાવવાળા હોય છે અને પરિણામે જનતા પણ એની પાછળ જ દોરાતી જતી હોય છે.

જીવનને સાત્વિક અને ઉજ્જવળ કરવું હોય તો વિવેકદૃષ્ટિ કેળવવી જોઇએ.

– મો૦

REGD. NO. B 4925 KALYAN

## : બાળકોને ઉપયોગી સુંદર પ્રકાશનો :

| | |
|---|---|
| આત્મસમર્પણ | ૦-૩ |
| નંદનવનનાં પુષ્પો | ૦-૨ |
| બત્રીશ લક્ષણો બાળ | ૦-૨ |
| મંત્રીશ્વર કલ્પક | ૦-૪ |
| પાલ ગોપાલ | ૦-૪ |
| દેવપાલ | ૦-૨ |
| હરિબલ મચ્છીની કથા | ૦-૮ |
| જય વિજયની કથા | ૦-૮ |
| ગુણસાર કથા | ૦-૮ |
| રાજા શ્રીપાળ | ૦-૮ |
| સવા સોમા કથા | ૦-૪ |
| અક્ષયતૃતીયા કથા | ૦-૩ |
| સતી સીતા | ૦-૪ |
| સતી ચંદનબાળા | ૦-૪ |
| સતી દ્રૌપદી | ૦-૪ |
| સતી દમયંતી | ૦-૪ |
| અનાથી મુનિ | ૦-૪ |
| સુદર્શન શેઠ | ૦-૪ |
| ભગવાન મહાવીર | ૦-૪ |
| ,, મલ્લીનાથ | ૦-૪ |
| ,, આદિનાથ | ૦-૪ |
| ,, નેમનાથ | ૦-૪ |
| ,, પાર્શ્વનાથ | ૦-૪ |
| સનત્ કુમાર | ૦-૪ |
| મહર્ષિ કપીલ | ૦-૪ |
| મંત્રનો મહિમા | ૦-૪ |
| મગધરાજ શ્રેણિક | ૦-૪ |
| મુનિ હરિકેશ | ૦-૪ |
| નમિરાજ | ૦-૪ |
| દશ ઉપાસકો | ૦-૪ |
| વીતરાગની વાણી | ૦-૪ |
| ભરતેશ્વર | ૦-૪ |

* બાળકોને સંસ્કારી બનાવવા માટે આ પુસ્તકો જરૂર મંગાવો !
* આખો સેટ મંગાવનારને સાડા બાર ટકા કમીશન મળશે.
* બાળકો આ પ્રકાશનો હોંશે હોંશે વાંચશે એટલાં રસપ્રદ છે.
* અમુક નકલો જૂજ છે. વહેલો તે પહેલો. બાકી સીલીકમાં રહેશે તે મોકલાવાશે.

—:: લખો ::—

સોમચંદ ડી. શાહ.
પાલીતાણા [સૌરાષ્ટ્ર]

—: મુદ્રક :: કીરચંદ જગજીવન શેઠ. કલ્યાણ પ્રીન્ટીંગ પ્રેસ-પાલીતાણા :—